कर भला होगा भला
- છગનભા



વર્ષ : 3 ✦ અંક : 1
જાન્યુ.-ફેબ્રુ. 2013
સળંગ અંક : 13

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

જે લોકો અહિંસક કાર્યકર્તાઓ હતા તે પણ જેલ ગયા હતા. પણ તેમાંથી કોઈને ફાંસી કે કાલાપાનીની જેલ થઈ હોય તેવું સાંભળ્યું નથી. આઝાદી પછી તેમનું બહુમાન થયું, તેમનાં પેન્શન બંધાયાં, રેલવેના પાસ મળ્યા, બીજું પણ ઘણું મળ્યું, પણ આ ફાંસીએ લટકનારા કે 'કાલાપાની'ની સજા ભોગવનારા સ્વાતંત્ર્યવીરોને કાંઈ મળ્યું હોય તેવું જાણવા મળ્યું નથી. આ બધાના વારસદારો અત્યારે શું કરે છે – ક્યાં રહે છે, કોઈ તપાસ પણ કરતું નથી, કશી ખબર નથી. તેમના માટે કોઈ અનામત નથી કોઈ પૅકેજ નથી. આટલી હડહડતી ઉપેક્ષા અને તિરસ્કાર ભાગ્યે જ બીજા કોઈ દેશમાં થયાં હશે. મારી દૃષ્ટિએ આ રાષ્ટ્રીય મહાપાપ કહેવાય.

મારી બહુ જૂની ઇચ્છા છે કે ગુજરાતમાં કોઈ મહત્ત્વના સ્થળે આ ક્રાન્તિવીરોનો પ્રેરણાદાયી શહીદપાર્ક બને, જેને જોઈને બાળકો અને નવી પેઢીઓ પ્રેરણા લે.

– સ્વામી સચ્ચિદાનંદ





તા. 12-1-2013ના રોજ આયોજિત માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો.



માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાવૃંદનું એક દ્રશ્ય

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૩, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૩; સળંગ અંક : ૧૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય — મણિભાઈ પ્રજાપતિ — ૧

૧. પ્રાસંગિક — ૭
 – માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ સમારોહ
 – માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાનમાળા

૨. ગોરાનો સ્કંધબોજ — મોહનલાલ પટેલ — ૧૧

૩. અમેરિકાની યુનિવર્સિટીઓની શિક્ષણપ્રથા — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૧૩

૪. મનુભાઈ પંચોળીની વિચારયાત્રા — સંપા. મહેન્દ્ર મેઘાણી — ૨૫

૫. વિદ્વત્તાનું પ્રમાણ — પ્રો. પી.સી. પટેલ — ૩૧

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૩
 – ભગવદ્ ગીતાનો કર્મયોગ
 – ફાંસીના વરરાજાઓ

૭. સંસ્થા-સમાચાર — ૪૦
 – યુનિવર્સીટી/કૉલેજ વિભાગ
 – શાળા વિભાગ


## સંપાદકીય

### ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ : દશા અને દિશા

સ્વામી વિવેકાનંદનું આ વિધાન – 'Why does not the nation move ? First educate the nation. Even for social reforms, the first duty is to educate the people.' સ્પષ્ટ દિશા–નિર્દેશ કરે છે કે રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસ માટે રાષ્ટ્રના નાગરિકો શિક્ષિત હોવા જોઈએ. રાષ્ટ્રીય વિચારધારા અને ચારિત્ર્યનિર્માણનો મૂલાધાર પ્રજાજનોના શિક્ષણના-કેળવણીના સ્તર ઉપર આધારિત છે. આ સમજણ કેળવવા માટે નિમ્નતમ પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય આવશ્યકતા બની રહે છે અને તેથી જ શિક્ષણનું મૂલ્ય સમજીને આપણા બંધારણના આર્ષદ્રષ્ટા ઘડવૈયાઓએ બંધારણની કલમ – ૪૫ અંતર્ગત ૬થી ૧૪ વર્ષનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત પૂરું પાડવાની બંધારણીય જોગવાઈ કરી છે. આ

પત્રવ્યવહારનું સરનામું

**મણિભાઈ પ્રજાપતિ** : ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

ધ્યેયની પરિપૂર્તિ અર્થે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા વિવિધ આયોગો, પરિષદો, સમિતિઓ વગેરેની વખતોવખત નિમણૂકો કરવામાં આવતી રહી છે અને આ બધાંએ કરેલી ભલામણોના આધારે પ્રાથમિક શિક્ષણ સુધારણા અર્થે જરૂરી પગલાં પણ લેવામાં આવ્યાં છે, જેમ કે પાઠયપુસ્તકોનું મફત વિતરણ, મધ્યાહ્ન ભોજન યોજના, દેશવ્યાપી બ્લેક બોર્ડ યોજના, કન્યા કેળવણી માટે વિશેષ પ્રોત્સાહનો વગેરે. આમ છતાં, આઝાદીનાં ૬૫ વર્ષ બાદ પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે હજી ઘણું કાર્ય કરવાનું ઊભું છે તેમ બિનસરકારી સંગઠન 'પ્રથમ' ના ૮ મા 'Annual Status of Education Report', (ASER 2012)ના આધારે કહી શકાય. આ અહેવાલનું વિમોચન ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયના પ્રધાન ડૉ. પલ્લમ રાજુ દ્વારા ૧૭ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ કરવામાં આવ્યું હતું. આ અહેવાલ ગ્રામ્ય શાળાઓના વૈજ્ઞાનિક સર્વેક્ષણના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

આ અહેવાલની દેશના અગ્રણી વર્તમાનપત્રો જેમ કે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા 'ડેઈલી પાયોનિયર', 'હિન્દુ', 'ગુજરાત સમાચાર', 'ઇંડિયન એક્સપ્રેસ', 'હિંદુસ્તાન ટાઇમ્સ', 'ધ એશિયન એજ', 'ડેક્કન ક્રોનિકલ', 'ડેક્કન હેરાલ્ડ', 'અહમેડાબાદ મિરર', 'કલકત્તા ટેલિગ્રાફ' વગેરેએ નોંધ લીધી છે. આ અહેવાલના આધારે આ બધાં પત્રોનો મુખ્ય સૂર પ્રાથમિક શિક્ષણ કથળી રહ્યું છે તે રહ્યો છે. ઉદા. તરીકે 'RTE impact below expectations' – Livemint, Jan. 17, 2013; 'National decline in reading and math ability among students' – Hindustan Times, Jan – 17; 'રિપોર્ટ હવે શિક્ષણસ્તરના ઉઠમણાના નિયમિત વાર્ષિક સમાચાર જેવો બની ગયો છે.... ગુણવત્તાને બદલે સંખ્યામાં રસ ધરાવતી સરકારો એકલેથી કશો શક્કરવાળ વળે એમ નથી' – ગુજરાત સમાચાર, જાન્યુઆરી, ૩૦ વગેરે.

'પ્રથમ' એ એક બિનસરકારી સંગઠન (NGO) છે કે જેની ગણના વિશ્વનાં પ્રમુખ ૧૦૦ બિનસરકારી સંગઠનોમાં થાય છે. ઈ.સ.૧૯૯૪માં સ્થપાયેલ આ સંગઠનનો હેતુ મુંબઈની ઝૂંપડપટ્ટી વિસ્તારનાં બાળકોને શિક્ષણ પૂરું પાડવાનો હતો, પરંતુ ક્રમશઃ આ સંગઠનનું ફલક વિશ્વવ્યાપી બની ગયું છે. આ સંગઠનમાં જાણીતા શિક્ષણકારો, સનદી અધિકારીઓ, સંશોધકો વગેરે જોડાયેલા છે, જેના પ્રેસિડેન્ટ ડૉ. માધવ ચવાણ છે. ડૉ. ચવાણને તેમની શિક્ષણક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે કતારની 'World Innovation Summit for Education (WISE) Prize for Education' ૧૩ નવેમ્બર, ૨૦૧૨ના રોજ એનાયત કરવામાં આવ્યું હતું.

## Annual Satus of Education Report – 2012નાં તારણો

### ભારતના પરિપ્રેક્ષ્યમાં

- **શાળામાં દાખલ થવા અંગે :**
  - ૬થી ૧૪ વર્ષની વય જૂથનાં બાળકો પૈકી ૬૭ % સરકારી શાળાઓમાં, ૨૮.૩ % ખાનગી શાળાઓમાં, ૧.૨ % મદ્રેસા વગેરેમાં દાખલ થાય છે. જ્યારે ૩.૫ % બાળકો કોઈ શાળામાં દાખલ થતાં નથી.
  - ૧૫થી ૧૬ વર્ષની વય જૂથનાં બાળકો પૈકી ૫૪.૨ % સરકારી શાળાઓમાં, ૨૮.૧ % ખાનગી શાળાઓમાં અને ૦.૮ % મુદ્રેસા વગેરેમાં દાખલ થાય છે, જ્યારે ૧૭ % બાળકો કોઈ શાળામાં દાખલ થતાં નથી.
- **બાલવાડી / આંગણવાડી :**
  - ૩ વર્ષની વયનાં બાળકો પૈકી ૫૬.૮ % બાલવાડી / આંગણવાડીમાં અને ૭.૭ %

કે.જી.માં પ્રવેશ મેળવે છે જ્યારે ૩૫.૪ % બાળકો કોઈપણ પ્રકારની સંસ્થામાં પ્રવેશ મેળવતાં નથી.

- **વાચનક્ષમતા :**
- ધોરણ ૧થી ૮નાં બાળકો પૈકી સરેરાશ ૧૨.૮ % બાળકો અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૧૯.૫ % અક્ષર, વાંચી શકે છે, ૧૫ % શબ્દ વાંચી શકે છે, ૧૫ % બાળકો સ્તર – ૧, ધોરણ ૧નું અને ૩૭.૭ % બાળકો સ્તર – ૨, ધોરણ–૨નું પાઠયપુસ્તક વાંચવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ – ૫નાં બાળકો પૈકી ૪.૬ % બાળકો અક્ષર પણ વાંચી શકતાં નથી જ્યારે ૧૨ % બાળકો અક્ષર, ૧૫.૩ % બાળકો શબ્દ અને ૨૧.૪ % બાળકો સ્તર–૧, ધોરણ–૧નું તથા ૪૬.૮ % બાળકો સ્તર–૨, ધોરણ–૨નું પાઠયપુસ્તક વાંચવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ ૮નાં બાળકો પૈકી ૧.૬ % અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૪.૧ % અક્ષર વાંચી શકે, ૫.૬ % શબ્દ વાંચી શકે, ૧૨.૪ % સ્તર–૧, ધોરણ–૧નું અને ૭૬.૪ % બાળકો સ્તર–૨, ધોરણ–૨નું પાઠયપુસ્તક વાંચી શકવાની ક્ષમતા ધરાવે છે.

- **અંગ્રેજી વાચનક્ષમતા :**
- ધોરણ– ૧થી ૮નાં બાળકો પૈકી ૨૨.૩ % બાળકો અંગ્રેજી ભાષાના કેપિટલ અક્ષરો પણ વાંચી શકતાં નથી, જ્યારે ૧૬.૬ % કેપિટલ અક્ષરો, ૧૯.૬ % નાના અક્ષરો, ૨૧ % સરળ શબ્દો અને ૨૦.૫ % બાળકો સરળ વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ–૫નાં બાળકો પૈકી ૧૨.૫ % બાળકો કેપિટલ અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૧૬ % કેપિટલ અક્ષરો, ૨૨.૭ % નાના અક્ષરો, ૨૬.૪ % સાદા શબ્દો અને ૨૨.૫ % બાળકો સરળ અંગ્રેજી વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ–૮નાં બાળકો પૈકી ૪.૩ % અંગ્રેજી કેપિટલ અક્ષરો પણ વાંચી શકતાં નથી, જ્યારે ૭ % કેપિટલ અક્ષરો, ૯ % નાના અક્ષરો, ૨૮ % સરળ શબ્દો અને ૩૯.૭ % સરળ અંગ્રેજી વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.

- **ગણિતની ક્ષમતા :**
- ધોરણ–૧થી ૮નાં બાળકો પૈકી ૧૦.૭ % બાળકો ૧થી ૯ની સંખ્યા ઓળખી શકતાં નથી, જ્યારે ૨૬.૬ % બાળકો ૧૦ – ૯૯ સુધીની સંખ્યા ઓળખી શકે છે, ૨૦.૭ % બાદબાકી અને ૨૦ % બાળકો ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ–૫નાં બાળકો પૈકી ૩.૨ % બાળકો ૧થી ૯ની સંખ્યા પણ ઓળખી શકતાં નથી, ૨૮.૬ % બાળકો ૧૦થી ૯૯ની સંખ્યા ઓળખી શકે છે, ૨૮.૭ % બાળકો બાદબાકી અને ૨૪.૮ % બાળકો ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- ધોરણ–૮નાં બાળકો પૈકી ૧.૩ % બાળકો ૧થી ૯ની સંખ્યા ઓળખી શકતાં નથી, જ્યારે ૨૦% બાળકો ૧૦–૯૯ની સંખ્યા ઓળખી શકે છે, ૨૫.૭ % બાદબાકી અને ૪૮.૧ % ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.

- **ખાનગી ટ્યૂશન :**
- ધોરણ ૧થી ૮નાં બાળકો પૈકી વર્ષ ૨૦૧૨માં સરકારી શાળાઓનાં ૨૩.૩ % અને ખાનગી શાળાઓનાં ૨૨.૨ % બાળકો ટ્યૂશન વર્ગોનો આધાર લીધો હતો.

- **'શિક્ષણના હક્ક' સંદર્ભે શાળાઓમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ :**
- વિદ્યાર્થી – શિક્ષક પ્રમાણ ૪૨.૮ %
- વર્ગખંડ – શિક્ષક પ્રમાણ ૭૩.૭ %

– રમતગમતનું મેદાન ૬૧.૧ %
– પીવાના પાણીની સગવડ નથી ૧૬.૬ %
– સવગડો છે પણ પીવાનું પાણી ઉપલબ્ધ નથી ૧૦.૪ %
– પીવાનું પાણી ઉપલબ્ધ છે ૭૩ %
– સંડાસ – મુતરડીની સગવડ નથી ૮.૪ %
– સંડાસ – મુતરડી ઉપયોગક્ષમ નથી ૩૫.૧ %
– સંડાસ – મુતરડી ઉપયોગક્ષમ છે ૫૬.૬ %
– વિદ્યાર્થિનીઓ માટે અલગ સંડાસ–મુતરડી નથી ૨૧.૩ %
– ગ્રંથાલય નથી ૨૩.૯ %
– સર્વેની ટીમના મુલાકાતના દિવસે ગ્રંથાલયનો ઉપયોગ જોવા ન મળ્યો ૩૨.૨ %
– સર્વેની ટીમના મુલાકાતના દિવસે ગ્રંથાલયનો ઉપયોગ જોવા મળ્યો ૪૩.૯ %

## ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં :

- **વિવિધ પ્રકારની શાળાઓમાં દાખલ થવા અંગે**

– ૬થી ૧૪ વર્ષની વય જૂથનાં બાળકો પૈકી ૮૫ % સરકારી શાળાઓમાં, ૧૧.૮ % ખાનગી, ૦.૨ % મદ્રેસા વગેરેમાં દાખલ થાય છે, જ્યારે ૩.૧ % બાળકો કોઈ શાળામાં દાખલ થતાં નથી.
– ૧૫થી ૧૬ વર્ષની વય જૂથનાં બાળકો પૈકી ૫૨.૭ % સરકારી શાળાઓમાં, ૨૪ % ખાનગી, ૦.૭ % મદ્રેસા વગેરેમાં અને ૨૨.૬ % બાળકો કોઈ પણ પ્રકારની શાળામાં દાખલ થતાં નથી.

- **બાલવાડી / આંગણવાડી :**

– ૩ વર્ષની વયનાં બાળકો પૈકી ૭૬.૨ % બાલવાડી / આંગણવાડીનો લાભ લે છે, જ્યારે ૪ % કે. જી.માં પ્રવેશ મેળવે છે અને ૧૯.૪ % બાળકો બાલવાડી કે કે. જી.માં દાખલ થતાં નથી.

- **ગુજરાતી ભાષામાં વાચનક્ષમતા :**

– ધોરણ ૧થી ૮નાં બાળકો પૈકી સરેરાશ ૮.૧ % બાળકો એક અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૧૬ % બાળકો અક્ષર, ૧૬.૨ % બાળકો શબ્દ, ૧૮.૫ % બાળકો સ્તર–૧, ધોરણ – ૧નું અને ૪૧.૨ % બાળકો સ્તર–૨, ધોરણ–૨નું પાઠ્યપુસ્તક વાંચવાની ક્ષમતા ધરાવે છે.
– ધોરણ–૫નાં બાળકો પૈકી ૨.૧ % બાળકો એક અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૮.૨ % બાળકો અક્ષર, ૧૩.૬ % બાળકો શબ્દ, ૨૮.૬ % બાળકો સ્તર–૧, ધોરણ–૧નું અને ૪૭.૬ % બાળકો સ્તર–૨, ધોરણ–૨નું પાઠ્યપુસ્તક વાંચવાની ક્ષમતા ધરાવે છે.
– ધોરણ–૮નાં બાળકો પૈકી ૦.૮ % બાળકો એક અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૧.૫ % બાળકો અક્ષર, ૩.૫ % બાળકો શબ્દ, ૧૩.૨ % બાળકો સ્તર –૧, ધોરણ–૧નું અને ૮૦.૯ % બાળકો સ્તર–૨, ધોરણ–૨નું પાઠ્યપુસ્તક વાંચવાની ક્ષમતા ધરાવે છે.

- **અંગ્રેજી વાંચન ક્ષમતા :**

– ધોરણ ૧થી ૮નાં બાળકો પૈકી સરેરાશ ૧૨.૬ % બાળકો કેપિટલ અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૨૦.૩ % બાળકો કેપિટલ અક્ષરો, ૨૪ % બાળકો નાના અક્ષરો, ૨૫.૪ % બાળકો સરળ શબ્દો અને ૧૭.૭ % બાળકો સાદાં વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.
– ધોરણ–૫નાં બાળકો પૈકી ૧૮.૫ % બાળકો કેપિટલ અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે ૨૮.૯ % બાળકો કેપિટલ અક્ષરો, ૨૬ % બાળકો નાના અક્ષરો, ૨૦ % બાળકો સરળ શબ્દો અને ૬.૫ % બાળકો સાદાં વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.
– ધોરણ–૮ નાં બાળકો પૈકી ૩.૯ % બાળકો કેપિટલ અક્ષર પણ વાંચી શકતાં નથી, જ્યારે

૯.૭ % કેપિટલ અક્ષરો, ૧૯.૭ % બાળકો નાના અક્ષરો, ૩૧.૬ % સરળ શબ્દો અને ૩૫.૧ % બાળકો સાદાં વાક્યો વાંચવાની ક્ષમતા ધરાવે છે.

- **ગણિતક્ષમતા**

– ધોરણ ૧થી ૮નાં બાળકો પૈકી સરેરાશ ૮.૯ % બાળકો ૧થી ૯ની સંખ્યા ઓળખી શકતાં નથી, જ્યારે ૨૯ % બાળકો ૧થી ૯૯ની સંખ્યા ઓળખી શકે છે તેમજ ૨૩.૭ % બાળકો બાદબાકી અને ૧૪.૭ % બાળકો ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.

– ધોરણ–૫નાં બાળકો પૈકી ૨.૨ % બાળકો ૧થી ૯ની સંખ્યા ઓળખી શકતાં નથી, જ્યારે ૩૩% બાળકો ૧૦ – ૯૯ સુધીની સંખ્યા ઓળખી શકે, ૩૫.૩ % બાળકો બાદબાકી અને ૧૩.૯ % બાળકો ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.

– ધોરણ–૮નાં બાળકો પૈકી ૧.૨ % બાળકો ૧થી ૯ની સંખ્યા પણ ઓળખી શકતાં નથી, જ્યારે ૨૦.૬ % બાળકો ૧૦થી ૯૯ની સંખ્યા ઓળખી શકે, ૩૨.૯ % બાળકો બાદબાકી અને ૪૧.૩ % બાળકો ભાગાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.

- **'શિક્ષણના હક્ક' સંદર્ભે શાળાઓમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ :**

– વિદ્યાર્થી – શિક્ષક પ્રમાણ ૫૫.૩ %

– વર્ગખંડ – શિક્ષક પ્રમાણ (૨૦૧૧) ૮૭.૩ %

– રમતગમતનું મેદાન ૭૯.૭ %

– પીવાનું પાણી

: કોઈ સગવડ નથી ૧૧.૭ %

: સગવડ ખરી પણ પીવાનું પાણી ઉપલબ્ધ નથી ૬.૬ %

: પીવાનું પાણી ઉપલબ્ધ ૮૨.૩ %

– સંડાસ–મુતરડી :

 – સગવડ નથી ૧.૩ %

 – સગવડ ખરી પણ ઉપયોગક્ષમ નથી ૨૮.૬ %

 – ઉપયોગક્ષમ છે૭૦ %

 – વિદ્યાર્થિનીઓ માટે અલગ નથી ૫.૫ %

– ગ્રંથાલય

 – ગ્રંથાલય નથી ૧૪.૪ %

 – ગ્રંથાલય છે પરંતુ સર્વેક્ષણ ટીમની મુલાકાતના દિવસે તેનો ઉપયોગ જોવા ન મળ્યો ૪૪.૩ %

 – સર્વેક્ષણ ટીમની મુલાકાતના દિને તેનો ઉપયોગ જોવા મળ્યો ૪૧.૩ %

પ્રસ્તુત અહેવાલનું નિરીક્ષણ કરતાં સ્પષ્ટ માલૂમ પડે છે કે ભારતનાં અન્ય રાજ્યોની તુલનાએ ગુજરાતના પ્રાથમિક શિક્ષણનું સ્તર – પ્રાપ્ત માળખાગત સુવિધાઓ વગેરેને ધ્યાને લેતાં – સારું છે. પરંતુ તેનાથી સંતુષ્ટિ અનુભવવી જોઈએ નહીં. કારણ કે આ ક્ષેત્રે હજી ઘણા લક્ષ્યાંકો વ્યવહારમાં (આંકડામાં નહીં) સિદ્ધ કરવાના છે. ઉદા. તરીકે સમગ્ર ભારતીય સ્તરે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતના લક્ષ્યાંકો જોઈએ તો વિદ્યાર્થી – શિક્ષક પ્રમાણ ૫૫.૩ %, વિદ્યાર્થી – વર્ગખંડ પ્રમાણ ૭૪.૨ %, રમત–ગમતનું મેદાન ૭૯.૭ %, પીવાના પાણીની સગવડ ૮૨.૩ %, મધ્યાહન ભોજન માટેનાં છાપરાં ૮૬.૭ %, ગ્રંથાલય ૪૪.૩ %, કમ્પ્યૂટર ૪૭.૭ % વગેરે છે.

**ગુજરાતના કથડતા જતા પ્રાથમિક શિક્ષણ માટે નીચે દર્શાવેલાં કારણો પણ જવાબદાર ગણાવી શકાય, જેમ કે –**

- ખાસ કરીને અંતરિયાળ વિસ્તારનાં ગામડાંની શાળાઓમાં શિક્ષકોની અને વિદ્યાર્થિઓની ભારે મોટી અનિયમિત હાજરી. આ બંને પરિસ્થિતિ માટે વાલીઓનું ઉદાસીન વલણ

મુખ્ય જવાબદાર હોવા ઉપરાંત શિક્ષકોના સંદર્ભે શાળા નિરીક્ષકો ઇત્યાદિની મિલિભગત કારણભૂત છે.

- સરકાર દ્વારા શિક્ષકો માટે તાલીમી કાર્યક્રમોનું આયોજન, પરંતુ તાલીમના અંતે તેનું અમલીકરણ ઘણું ઓછું અર્થાત્ ફળશ્રુતિ નહિવત.
- અધ્યાપનકાર્ય માટેની પૂર્વ સજ્જતાના સ્થાને ખેતરે કે અન્ય કાર્યો આટોપતાં – આટોપતાં સીધા જ શાળાએ જવાની મનોવૃત્તિ.
- શાળાના શિક્ષકો જે-તે નોકરીના સ્થળે જ નિવાસ કરે તો ગામની શાળાનાં બાળકો ઉપર ઘણો સારો પ્રભાવ પડી શકે અને સંભવતઃ અપેક્ષિત શૈક્ષણિક પરિણામો હાંસલ કરી શકાય.
- ગુણવત્તાપૂર્ણ શિક્ષણનો અભાવ.
- છેલ્લાં કેટલાંક વર્ષોને બાદ કરતાં અગાઉ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોના તાલીમી સ્નાતકોની ભરતી કરવામાં આવતી ન હતી. પરિણામે, આ બધા વિષયોના અધ્યાપનનું સ્તર કેટલું જળવાતું હશે તે સંશોધનનો વિષય છે.
- R.T.E. ધારા અનુસાર પ્રાથમિક શાળાનાં બધાં જ બાળકોને પાસ કરવાની અર્થાત્ ઉપલા ધોરણમાં ચઢાવવાની નીતિ.
- શિક્ષણકાર્ય ઉપરાંત શિક્ષકોને વખતોવખત અન્ય સરકારી કાર્યોની સોંપણી.
- જરૂરિયાત મુજબના શિક્ષકોના સ્થાને શિક્ષકોની મોટી ઘટ તેમ જ જરૂરી વર્ગખંડોનો અભાવ. ક્વચિત એક જ ખંડમાં એકથી અધિક ધોરણોનું અધ્યાપન.
- આયોજનબદ્ધ કાર્યોની પરિપૂર્તિ અર્થે અભિપ્રેરણા – Motivation – સિદ્ધાંત અનુસાર યોગ્ય આર્થિક વળતર મળવું જોઈએ. શિક્ષકોને નિયત પગારધોરણના સ્થાને અમુક વર્ષ સુધી બાંધ્યા પગારે નિયુકત કરવામાં આવતા હોવાથી તેનાં માઠાં પરિણામો જ સાંપડે. સરકાર દ્વારા નિયુક્ત શિક્ષકોની તુલનાએ ખાનગી શાળાઓના શિક્ષકોનાં વાસ્તવિક પગાર ઘણાં જ ઓછાં. ખાનગી શાળાઓના શિક્ષકોને નિયત પગારધોરણ અનુસાર વેતન મળે તે માટે જરૂરી સરકારી પ્રાવધાનો અને તેનો ચુસ્ત અમલ અનિવાર્ય બની રહે છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

*એવું માની લેવાની જરૂર નથી કે શિક્ષણ એટલે ફક્ત સરકારનો મામલો છે. તેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સરકાર એ સૌ સરખા ભાગે હિસ્સેદાર છે – ભલે જવાબદારી સરકારના પક્ષે વધારે હોય. છેલ્લા ઘણા સમયથી સરકારી શાળાઓ ભાંગી રહી છે અને ખાનગી શાળાઓ ફૂલીફાલી છે. તેમાં વાલીઓને સંતાન પાછળ વધારે ફી ખર્ચ્યાનો સંતોષ અને વિદ્યાર્થીને સૂંડલો ભરીને ટકા મળી જાય, એટલે ગુણવત્તાનો મુદ્દો તેમના માટે ગૌણ બની જાય છે. આટલી બધી ખાનગી શાળાઓ – અને તેમાં પણ ઘણીખરી ઇંગ્લિશ મીડિયમની – ખૂલી ગઈ તો એટલી સંખ્યામાં તાલીમ પામેલા શિક્ષકો ક્યાંથી આવ્યા હશે ? એવો સાદો સવાલ વાલીઓને થતો નથી. એટલે કાચુંપાકું શિક્ષણ ધરાવતા અને ભણાવવાની કશી હોંશ વગરના શિક્ષકોથી એવી સ્કૂલો ઊભરાય છે. એવા શિક્ષકોની હાલત પણ વેઠિયાઓ જેવી હોય છે. અપૂરતો પગાર આપીને શિક્ષકોનું શોષણ કરવાનો ઇજારો પહેલાં ખાનગી સ્કૂલોનો હતો. હવે ગુજરાતમાં તો સરકારે 'વિદ્યાસહાયકો'ના રૂપાળા નામ તળે શોષણને સરકારી મંજૂરી આપી છે. જેના બે છેડા ભેગા ન થતા હોય એવા શિક્ષક પાસેથી ભાવિ પેઢીના ઘડતર જેવી ભવ્ય આશાઓ રાખવી કેટલી વાસ્તવિક છે ? શિક્ષણને મહત્ત્વ આપવાના નામે સરકાર કેવળ વધેલી વિદ્યાર્થીસંખ્યા અને સાક્ષરતાનું વધેલું પ્રમાણ ટાંકીને સંતોષ માની લે છે. એ માનસિકતા ન બદલાય ત્યાં સુધી શિક્ષણના વાર્ષિક સરવૈયામાં ફેર પડે એમ નથી.*

– ગુજરાત સમાચાર, તંત્રીલેખ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૩

# પ્રાસંગિક

## 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ' સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા મંડળના પૂર્વ ચેરમેન અને વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ સદ્ગત માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરૂશિપ'ની તેમની પ્રથમ પુણ્યતિથિએ સ્થાપના કરીને એનાયત કરવાનો સમારોહ મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલની અધ્યક્ષતામાં ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના શેઠ શ્રી ખીમજી વિસરામ સભાખંડમાં તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી), શ્રી આર. કે. પટેલ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર), શ્રી મોહનલાલ પટેલ (પ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી), ડૉ. કનુભાઈ પટેલ (ઉપપ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ), શ્રી મનુભાઈ પટેલ, શ્રી ખોડાભાઈ પટેલ, ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ વગેરે સૌ પદાધિકારીશ્રીઓ, સભ્યશ્રીઓ, શાળા–કૉલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંડળના ઉદારચેતા અને દષ્ટિવંત કર્ણધારોએ આ મંડળના અભૂતપૂર્વ વિકાસમાં સ્વ. માણેકલાલ પટેલ સાહેબના પ્રદાનને ધ્યાને લઈ તેમની સ્મૃતિ કાયમી ધોરણે જળવાઈ રહે તે હેતુસર 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ ફંડ' ઊભું કરવાનો તેમ જ તેમના નામે પ્રતિવર્ષ સ્કૉલરૂશિપ એનાયત કરવાનો નિર્ણય કરીને તેને અમલીકૃત કરવાનું કાર્ય એક ઉદાહરણસ્વરૂપ છે. આ યોજના અન્વયે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉચ્ચશિક્ષણની અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજો તથા અનુસ્નાતક વિભગોના પ્રત્યેક વર્ગ દીઠ મેરિટના ધોરણે પ્રથમ ક્રમે રહેનાર એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થિનીને કુલ મળી ૪૪૦ વિદ્યાર્થીઓને રૂ. ૭૫,૬૨,૨૫૦/– સ્કૉલરૂશિપ પેટે ચૂકવવામાં આવ્યા. સ્કૉલરૂશિપના ચેક ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ રકમ ઉપરાંત આર્થિક રીતે જરૂરતમંદ ૩૩૦ વિદ્યાર્થીઓને રૂ. ૪૫,૦૦,૦૦૦/– આર્થિક સહાય પેટે અર્થાત્ આ વિદ્યાર્થીઓને આખી કે અડધી ફી માફી પેટે આપવામાં આવ્યા. આ પ્રમાણેની ફી–માફીની યોજના તો વર્ષોથી મંડળ દ્વારા અમલમાં મૂકેલી જ છે. આમ, ચાલુ શૈક્ષણિક વર્ષમાં મંડળ દ્વારા રૂ. ૧ કરોડ ૨૦ લાખથી અધિક રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી. સ્વનિર્ભર ધોરણે સંચાલિત કૉલેજો / યુનિવર્સિટીઓ માટે આ એક અકલ્પનીય, અનુકરણીય અને ઉદાહરણ સ્વરૂપ ઐતિહાસિક ઘટના બની રહેશે.

પ્રસ્તુત સમારોહના પ્રારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ સૌનું હૃદયના ઉમળકાથી સ્વાગત કરતાં વિશ્વવિદ્યાલયની વિકાસરેખા વર્ણવી વિવિધ

પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સર્વ વિદ્યાલયના વિકાસની આછેરી ઝલક પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે પૂ. છગનભાએ ભીખમાં ૬ વિદ્યાર્થીઓને માંગીને શરૂ કરેલ આ સંસ્થામાં આજે ૫૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેનું શ્રેય દાતાશ્રીઓ, કેળવણીપ્રેમી સજ્જનો અને વખતોવખતના સેવાનિષ્ઠ પદાધિકારીઓની નિઃસ્વાર્થ ધ્યેયસાધનાને જાય છે. તેમણે માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ ફંડની વિગતો, મંડળની ભાવિ યોજનાઓ અને આ સંદર્ભે તાજેતરમાં પ્રાપ્ત દાન અને દાતાશ્રીઓનાં નામ સભામાં જાહેર કરતાં સૌએ હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટ સાથે તેને વધાવી લીધાં હતાં. વધુમાં તેમણે અધ્યાપકો અને છાત્રો પાસે નવી નવી શોધો કરીને પેટન્ટસ મેળવીને આ સંસ્થાને મોટું રેવન્યૂ મેળવી આપવા અને તે રીતે તેની કીર્તિ પ્રસરાવવા અભિલાષા સેવી હતી. આ સપનું સાકાર થાય તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પ્રકારની ફી લેવાની જરૂરત ન પડે તેવી સ્થિતિ સર્જવા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને અપીલ કરી હતી.

પ્રાસંગિક વક્તવ્યમાં શ્રી મહેન્દ્રભાઈ પટેલે પ્રતિભાસંપન્ન ટેકનોક્રેટ, ઉદ્યોગપતિ, દાનવીર એવા પોતાના પિતાશ્રી સ્વ. એન. કે. પટેલનાં સર્વ વિદ્યાલયના એક વિદ્યાર્થી તરીકેનાં તેમજ આ મંડળના સંચાલનમાં સક્રિય ભાગીદારીનાં સંસ્મરણો રજૂ કરીને તેમણે અપનાવેલ આદર્શો અને સિદ્ધાંતો વિશે શ્રોતાજનો અને સવિશેષતઃ વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહે તે હેતુસર વાત કરી હતી, જે ખૂબ જ પ્રભાવક રહી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મારા પિતાને પણ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અને ઇંગ્લેંડમાં અભ્યાસ દરમ્યાન ટાટા સ્કૉલરૂશિપ મળી હતી.

અત્રે નોંધવું ઘટે કે સ્વ. માણેકલાલ સાહેબની જેમ જ સ્વ. એન. કે. પટેલ સાહેબની ખોટ પણ વણપુરાયેલી રહેશે. મેરિટ સ્કૉલરૂશિપ યોજના સંદર્ભે વિદ્યાર્થીઓના વાલીઓના પ્રતિનિધિ તરીકે કુ. ધ્રુવી દવેના પિતા શ્રી જયેન્દ્રભાઈ દવેએ પોતાનો પ્રતિભાવ આપતાં પ્રસ્તુત યોજનાની મુક્તકંઠે સરાહના કરી હતી.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં શ્રી વલ્લભભાઈ પટેલે મંડળ દ્વારા 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ' યોજના અમલીકૃત કરવા માટે મંડળના સૌ પદાધિકારીઓનો હૃદયપૂર્વક ભાવવિભોર સ્વરે આભાર માન્યો હતો. તેમજ સદ્‌ગત ચેરમેનશ્રીના જીવનનાં વિવિધ સોપાનો રજૂ કરીને તેમની ધ્યેયનિષ્ઠાની ઝાંખી કરતાં જણાવ્યું કે તેઓશ્રી હંમેશાં કહેતાં કે 'We are for masses not for classes' અને તેને સાદ્યંત સતત વળગી રહ્યા હતા, તેમજ તેમણે હંમેશાં સમાજના આમ વ્યક્તિને નજર સમક્ષ રાખ્યો છે. અધ્યક્ષશ્રીએ સર્વ વિદ્યાલયની સ્થાપનામાં રહેલાં સેવા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરીને મંડળની સ્થાપના સમયની સામાજિક અને શૈક્ષણિક સ્થિતિનો સંક્ષેપમાં ચિતાર રજૂ કર્યો હતો, તેમજ તેના સ્થાપક આર્ષદ્રષ્ટા પૂ. છગનભાને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કન્યા કેળવણી સંદર્ભે મંડળના પ્રયાસોની જાણકારી આપી હતી. આ ઉપરાંત ગુરુકુળના ઋષિ જેવા આચાર્યો સર્વશ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ વગેરેએ આ મંડળના વિકાસમાં કરેલા ગૌરવપૂર્ણ પ્રદાનની નોંધ લઈને તેમનો સૌનો આભાર માન્યો હતો. વધુમાં તેમણે સૌ છાત્રોને ઉદ્દેશીને જણાવ્યું કે તમે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી તરીકે આ મેરિટ સ્કૉલરૂશિપની લાજ રાખજો. જે ધન કમાઓ તેમાંથી તમારા કુટુંબ, સમાજ અને ગામને મદદરૂપ થજો અને જો કંઈ વધે તો જ એસ. વી. તરફ હાથ લાંબો કરજો. તમારી પાસે અમારી કોઈ જ અપેક્ષા નથી. બસ, તમે એસ. વી. ના એક ગૌરવવંતા સ્તંભ બની રહો એ જ અભિલાષા.

અધ્યક્ષશ્રીએ ગદ્‌ગદિત સ્વરે સૌને પ્રણામ કરીને પોતાની વાણીને વિરામ આપ્યો હતો. કાર્યક્રમના અંતમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ શ્રી એસ. કે. મંત્રાલાએ આભારવિધિ કરી હતી. ઉદ્‌ઘોષક તરીકે ડૉ. વર્ષા પારેખે સેવાઓ આપી હતી.

## શ્રી માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાનમાળા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના પૂર્વ ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં પ્રસ્તુત મંડળ અને વિશ્વવિદ્યાલય દ્વારા 'શ્રી માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાનમાળા'નું આયોજન તેમની પ્રથમ પુણ્યતિથિ, તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ એલ. ડી. આર.પી. એન્જિનિયરિંગ કૉલેજના સભાખંડમાં કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના પ્રથમ વ્યાખ્યાનના વક્તા તરીકે આતંરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત શિક્ષણવિદ્‌ ડૉ. રવીન્દ્ર દવેને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. ડૉ. દવેએ નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ, નવી દિલ્હીમાં લાંબા સમય સુધી પ્રોફેસર અને ડીન તરીકે સેવાઓ આપવા ઉપરાંત ધી યુનેસ્કો ઇન્સ્ટિટ્યૂટ ફોર એજ્યુકેશનમાં ટેક્નિકલ ડિરેક્ટર અને યુનેસ્કો ઇન્ટરનેશલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એજ્યુકેશનલ પ્લાનિંગ, પેરિસમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપી હતી. શિક્ષણશાસ્ત્રના બહુઆયામી પાસાંઓ વિશે તેમનાં ઘણાં સંશોધનાત્મક પુસ્તકો અને શોધપત્રો પ્રકાશિત થયાં છે. ઉલ્લેખનીય છે કે તેઓ અમેરિકામાં સ્થાયી થયા છે અને તેમનું મૂળ વતન પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાનું પીંપળ ગામ છે, જે મહેસાણા – ચાણસ્મા રોડ ઉપર આવેલું છે.

પ્રો. દવેએ 'આધુનિક ઉચ્ચ શિક્ષણના કેટલાક મૂળભૂત પ્રશ્નો' વિશેના વ્યાખ્યાનના પ્રારંભમાં સ્વ. માણેકલાલ એમ. પટેલ સાહેબ સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે મારે તેમની સાથે એક જ વખત મુલાકાત થઈ હતી, પરંતુ તે સો મુલાકાત બરાબર હતી. આજે આપણે તેમની પુણ્યતિથિ 'પ્રેરણાદિન' તરીકે ઊજવવાનું શરૂ કરીને તેમનાં કાર્યોમાંથી પ્રેરણા લેવાની છે. પ્રતિવર્ષે તેમની સ્મૃતિમાં આપણે સૌ આ જ્ઞાનયજ્ઞને વ્યાખ્યાનમાળા દ્વારા આગળ ધપાવીશું. આ યજ્ઞના ઋત્વીજ તરીકે મને આમંત્રણ આપ્યું છે. આથી આ યજ્ઞનો પ્રારંભ કરું છું. તેમણે સ્વ. સાહેબનાં કાર્યોને અંજલિ આપતાં તેમને અથર્વવેદના મંત્રમાં ઉલ્લેખિત લોકકૃતાઃ પૃથકૃતો યજામહે (અર્થાત્‌ જે લોકો બીજા લોકોની સેવા કરવા – કાર્ય કરવા – વિકાસ કરવા તત્પર હોય) તેવા ઋષિ સાથે સરખાવ્યા હતા. વધુમાં તેમણે ૧૨ જાન્યુઆરી વિરલ વ્યક્તિત્વ ધરાવતા સ્વામી વિવેકાનંદની જન્મજયંતી હોવાથી તેમનાં કાર્યોની સરાહના કરીને તેમને ભાવાંજલિ, પ્રેમાંજલિ અર્પણ કર્યા બાદ ઉચ્ચ શિક્ષણની પાયાની વિભાવના સ્પષ્ટ કરીને ઉચ્ચ શિક્ષણના બે ધ્યેયો – એકેડેમિક મિશન અને પબ્લિક મિશનની છણાવટ કરીને તેને નિષ્પન્ન કરવા માટે કટિબદ્ધ થવા જણાવ્યું હતું. તેમણે બ્રિટિશયુગીન અને સ્વાતંત્ર્યોત્તરકાલીન ઉચ્ચ શિક્ષણની વિકાસરેખા ચોક્કસ આંકડાઓ અને તેનાં પરિણામો ટાંકીને રજૂ કરી હતી. તેમણે બ્રિટિશરોની ઉચ્ચ શિક્ષણ વિષયક સંકુચિત દૃષ્ટિને રેખાંકિત કરીને – narrow minded education ગણાવીને તેના સ્થાને holistic education, holistic development અને holistic progressની સ્થાપના કરવા માટે ભારપૂર્વક અપીલ કરી હતી. આ માટે વૈશ્વિકસ્તરની વધુ યુનિવર્સિટીઓની આવશ્યકતા અને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો, તેમજ ૧૨મી પંચવર્ષીય યોજના વાંચી જવા ખાસ ભલામણ કરી હતી. સાથે સાથે તેમણે ગુજરાતમાં હમણાં સુધી ૧૦–૧૨ યુનિવર્સિટીઓ હતી તેના સ્થાને ૫૯

યુનિવર્સિટીઓ કાર્યરત છે અને Vibrant Summitમાં થઈ રહેલાં M.O.U.ની પણ ચર્ચા કરી તેની સરાહના કરી હતી. ગુણવત્તા સંદર્ભે ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે ગુણવત્તા એ માનવીની અંદર ઉત્પન્ન થતી શક્તિ છે. ગુણવત્તા ત્યારે જ આવે કે આપણે માહિતી અને જ્ઞાનમાંથી આગળ વધીને અર્થગ્રહણ → અર્થઘટન → ઉપાયોજન → વિશ્લેષણ તરફ જઈએ અને સત્યમ, શિવમ, સુંદરમનું વિશ્લેષણ કરીએ અને ત્યારબાદ અર્થાત્ વિશ્લેષણમાંથી સંશ્લેષણ – સર્જન તરફ ગતિ કરીએ. સર્જનના સ્ટેજ ઉપર પહોંચીએ ત્યારે ગુણવત્તાના વિકાસમાં વધારો થાય છે. બૃહદારણ્યક ઉપનિષદમાં ઉલ્લેખિત અજ્ઞાનમ્ → જ્ઞાનમ → સંજ્ઞાનમ → વિજ્ઞાનમ → પ્રજ્ઞાનમ (higher mental knowledge કે જે પરીક્ષણથી પર છે) ની વિભાવના – સમુચિત રીતે વ્યાખ્યાયિત કરી આપીને શ્રોતાજનોને અભિભૂત કરી દીધા હતા. આ ઉપરાંત તેમણે વૈશ્વિકીકરણ, ટેકનોલોજિકલ રિવોલ્યુશન અને તેનો ઉચ્ચ શિક્ષણ ઉપર પ્રભાવ, જ્ઞાનયુકત સમાજનો અર્વિભાવ, જ્ઞાનવિસ્ફોટ વગેરે મુદ્દાઓ વિશે અર્થસભર વિશ્લેષણ રજૂ કરીને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે માત્ર વર્ચ્યુઅલ એજ્યુકેશનથી કામ ચાલશે નહીં. ટેકનોલોજીનો વિવેકપૂર્વક જ ઉપયોગ હિતાવહ બની રહેશે. વધુમાં તેમણે મેટા યુનિવર્સિટીનો પ્રારંભ થઈ ગયો હોવાથી મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ મેટા યુનિવર્સિટી સ્થપાય તેવી અભિલાષા સેવી હતી. તેમણે કડી સર્વ વિશ્વવિદ્યાલય પાસે અપેક્ષા સેવી હતી કે તે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ માટે સર્ચ એનાલિસિસ કરે અને તેની સાથે પોલિસી મેકિંગને જોડવામાં આવે, ટીચિંગ લર્નિંગ પ્રોસેસને જોડવામાં આવે, ઈવાર્લ્યુએશનને જોડવામાં આવે તો એક નવા યુગની શરૂઆત કરી શકાય. આ માટે તેમણે એક મંત્ર–સૂત્ર 'Even for the best, there is a possibility to become better'ને વળગી રહેવા – સતત નજર સમક્ષ રાખવા જણાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ સૌનું સ્વાગત કરીને ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનો પરિચય કરાવ્યો હતો. અતિથિવિશેષપદે ઉપસ્થિત શ્રી કૃષ્ણકાંત જહા (મેનેજિંગ તંત્રી, ગાંધીનગર સમાચાર) એ સ્વ. માણેકલાલ સાહેબ સાથેનાં પોતાનાં સંસ્મરણો વર્ણવીને તેમને એક બાહોશ વ્યક્તિ તરીકે ઓળખાવીને ગુજરાતના રાજકીય કેપિટલ ગાંધીનગરને વિદ્યાધામમાં પરિવર્તિત કરવાના તેમના ભગીરથ પ્રયાસોની સરાહના કરી હતી, તેમ જ તેમણે કંડારેલ કડીને રાજમાર્ગ બનાવવા સંબંધિતોને અપીલ કરી હતી. સ્વ. માણેકલાલ એક વ્યક્તિ નહી પણ વિચાર હતા. તેમની સ્મૃતિમાં તેમના નામ સાથે આ વ્યાખ્યાનમાળા જોડવાના કાર્યને એક ઉત્તમ વિચાર ગણાવીને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેમણે તેમની પુણ્યતિથિને પ્રતિવર્ષ 'સ્મૃતિદિન' તરીકે ઊજવવા અને ઓળખવા જણાવ્યું હતું. સમારોહના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલે (ઉપપ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ) તેમના ઉદ્‌બોધનમાં ડૉ. રવીન્દ્ર દવેના વિદ્વત્તાસભર વ્યાખ્યાનને શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈ માટે ઉત્તમ પાથેય ગણાવીને તેમના વિચારોને – ચીંધેલ માર્ગને – આત્મસાત કરવા જણાવ્યું હતું. વધુમાં ડૉ. દવે દ્વારા સૂચિત ગુણવત્તા જાળવવા માટે સૌપ્રથમ માઈન્ડ સેટ કેળવવા અને ત્યારબાદ તેને સિદ્ધ કરવા ડેડિકેશન – સમર્પણની અનિવાર્ય આવશ્યકતા ઉપર ભાર મૂકયો હતો.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કર્ણધારો સર્વશ્રી ડૉ. રામભાઈ પટેલ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ વગેરે તથા મંડળ સંચાલિત શાળા–કૉલેજોના આચાર્યશ્રીઓ/વડાઓ, અધ્યાપકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંચાલનની જવાબદારી ડૉ. આર. જે. વ્યાસ અને ડૉ. સોમભાઈ પટેલે વહન કરી હતી. ઉદ્‌ઘોષક તરીકે ડૉ. વર્ષા પારેખે સેવાઓ આપી હતી.

# ગોરાનો સ્કંધબોજ

**મોહનલાલ પટેલ**

ભારતમાં જન્મેલા અને જિંદગીનાં ઘણાં વર્ષો સુધી ભારતમાં સ્થાયી થઈને રહી ચૂકેલા રડ્યાર્ડ કિપ્લિંગે એના કાવ્ય ''White man's Burden''માં બ્રિટિશ શાસન હેઠળનાં સંસ્થાનોની પ્રજાઓને, જેમાં સૌથી મોટી જનસંખ્યા ભારતની હતી, ઉદ્ધત, સુસ્ત, અર્ધદાનવ અને અર્ધબાળક જેવા શબ્દો દ્વારા માણસાઈમાંથી જ બાકાત રાખવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે એ જ યુગમાં ટૉલ્સ્ટૉયે એમનાં ''letter to an Indian citizen''માં ભારતની પ્રજાને બ્રિટિશ પ્રજા કરતાં વિકાસની દૃષ્ટિએ અને શારીરિક અને નૈતિક બળની દૃષ્ટિએ ચઢિયાતી ગણી હતી. જે પ્રજાને ટૉલ્સ્ટૉય જેવા મહાન દ્રષ્ટાએ a gifted two hundred million strong nation તરીકે જોઈ એને કિપ્લિંગે શાથી આમ સાવ ઉતારી પાડી ? કારણ સાવ સીધું અને સ્પષ્ટ છે. કિપ્લિંગ ચુસ્ત સામ્રાજ્યવાદી હતો.

કિપ્લિંગ આપણા દેશ માટે અજાણી વ્યક્તિ નથી. આ દેશનાં બાળકોથી માંડીને વૃદ્ધો સુધી એને એક અથવા બીજી રીતે જાણે છે. બાળકો એને 'જંગલબુક'ના કર્તા તરીકે પિછાણે છે. જંગલબુક ઉપરથી તૈયાર થયેલી સિરિયલ ટી.વી. સ્ક્રીન ઉપર બબ્બેવાર પ્રદર્શિત થઈ હતી. બાળકોએ એને હોંશે હોંશે અને ખૂબ રસથી માણી હતી. સાહિત્ય-વિવેચકો કિપ્લિંગને નોબેલપ્રાઇઝ વિજેતા સાહિત્યકાર તરીકે જાણે છે. એણે ભારતીય પરિવેશમાં ઘણી કથાઓ લખી છે. હિન્દુ સમાજની જુદી જુદી સમસ્યાઓને સ્પર્શીને એણે મર્મસ્પર્શી કૃતિઓની રચના કરી છે. બાળવિધવાની સમસ્યા, પ્રજાનું રૂઢિદાસ્ય, હિન્દુ - મુસ્લિમ દંગા વગેરે વિષયો પર એની અસરકારક વાર્તાઓ છે. હિમાલયના હૃદયંગમ દૃશ્યો એની રચનાઓમાં જોવા મળે છે. એ રીતે એક લોકપ્રિય સાહિત્યકાર છે. ભારતીય ઇતિહાસના અભ્યાસીઓ એને બીજી રીતે જાણે છે. જનરલ ડાયરે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ભારતીય લોકો પર કાળો કેર વર્તાવ્યો એમાં આ માણસે ઔચિત્ય જોયું હતું. જનરલ ડાયરમાં એને એક વીર નાયક (Hero)નાં દર્શન થયાં હતાં. બ્રિટિશ સરકારે જનરલ ડાયરને જ્યારે ઇંગ્લૅન્ડ પરત બોલાવી લીધો ત્યારે એનું બહુમાન કરીને વિદાય આપનારાઓમાંનો એક રડ્યાર્ડ કિપ્લિંગ પણ હતો. જનરલ ડાયરને એના પ્રશંસકો તરફથી નાણાંની થેલી અર્પણ થઈ એમાં કિપ્લિંગનો પણ સારો એવો ફાળો હતો !

રડ્યાર્ડ કિપ્લિંગને ભારતીય પ્રજા પ્રત્યે આટલાં સૂગ અને નફરત શાથી હતાં ? એનું મુખ્ય કારણ એ ચુસ્ત સામ્રાજ્યવાદી હતો તે. એ મુંબઈમાં જન્મ્યો હતો પણ ભારત એ પોતાની જનમભોમકા છે એવો ખ્યાલ કે એવો રાગ એના હૈયામાં કદી પ્રગટ્યો નહોતો. એનું શૈશવ લાહોરમાં વીત્યું હતું, પણ ભારતીય માટીની ફોરમ એના દિમાગમાં કદી મઘમઘી ઊઠી નહોતી. છ વર્ષની ઉંમરે એના પિતાએ એને અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ મોકલ્યો. જ્યારે એ ભારત પરત આવ્યો ત્યારે પાકો સામ્રાજ્યવાદી બનીને આવ્યો હતો અને અધૂરામાં પૂરું એ વ્યવસાયે પત્રકાર બન્યો. શરૂશરૂમાં એ ''લાહોર સિવિલ એન્ડ મિલિટરી ગેઝેટ''નો ખબરપત્રી બન્યો. પછી તો એ પત્રકાર તરીકે ચીન, જાપાન, અમેરિકા અને ઇંગ્લૅન્ડમાં ખૂબ રખડ્યો અને એના સામ્રાજ્યવાદી તરીકેનો રંગ ઉત્તરોત્તર વધારે ઘેરો અને પાકો થતો ગયો.

આમ તો, તેણ "(White man's Burden"માં ખ્રિસ્તીત્વની વાત કરી છે, "માનવધર્મ"ની વાત કરી છે. ફરજના ધર્મયુદ્ધનો લલકાર કર્યો છે. આ કાવ્ય એના દેશવાસીઓને સંબોધનરૂપ છે. એણે પોતાના દેશવાસીઓને ઉદ્દશીને કહ્યું છે - તમારા ઉત્તમ ઉછેરવાળા પુત્રોને તમારા ગુલામ સંસ્થાનવાસીઓના ઉદ્ધાર માટે દેશવટે મોકલો. એમણે આ ઉદ્ધત, સુસ્ત, અર્ધદાનવ (half devil) અને અબુધ (half child) પ્રજાનો બોજ ખાંધ ઉપર લઈને એ પ્રજાનો ઉદ્ધાર કરવાનો છે.

કિપ્લિંગે આવું કાવ્ય કેમ લખ્યું, અથવા બીજી રીતે કહીએ તો સામ્રાજ્યવાદીઓ પોતાના કબજા હેઠળના દેશના ઉદ્ધાર અને એમની સેવાની વાતો કેમ કરતાં થયા એની ભૂમિકા સમજવા જેવી છે.

યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિને લીધે જે જે દેશોમાં ઉદ્યોગો સ્થપાયા અને વિકસ્યા એ દેશોને પોતાનો માલ ખપાવવાની જરૂર પડી એટલે એ દેશોમાં અવિકસિત અને પછાત દેશોમાં પોતાનો પગદંડો જમાવવાની હરીફાઈ શરૂ થઈ. આ હરીફાઈમાં ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ પ્રથમ સ્થાને હતાં. એ પછી જર્મની, સ્પેન, પોલૅન્ડ અને હોલેન્ડ જોડાયા. શરૂશરૂમાં તો એ દેશો વચ્ચે આર્થિક ક્ષેત્રની જ સ્પર્ધા હતી. પછી એમાં રાજકીય સ્પર્ધા ભળી. સંસ્થાનવાદીઓની દોટ હવે સામ્રાજ્ય સ્થાપવા અને એનો વિસ્તાર વધારવા તરફ હતી. પ્રદેશનો વિસ્તાર વધારવાની ભૂખમાં રણ જેવા, પથરાળ-ડુંગરાળ અને જંગલોથી આચ્છાદિત પ્રદેશો પર પણ આ સામ્રાજ્યવાદીઓની હરીફાઈમાં પ્રતિષ્ઠાનો એક નવો પ્રશ્ન ઉમેરાયો. સામ્રાજ્યવાદી દેશોમાં જે સમજદાર અને માનવતાવાદી નાગરિકો હતા એમણે એક બાબતને ચર્ચાનો વિષય બનાવી. એમની એક દલીલ હતી - આપણે ભાલા અને તીરકામઠાં ધારણ કરનારી પ્રજાઓને ગુલામ બનાવી તો ખરી પણ હવે એમની પાસે આપણે માત્ર જંગલો જ સાફ કરાવવાનાં છે ? એમની પાસે રેલવે અને રસ્તા બંધાવવાનાં જ કામ લેવાનાં છે ? એમના પ્રદેશમાં આપણાં ધંધા-ઉદ્યોગો સ્થાપીને એમને માત્ર ચૂસવાના જ છે ? એમના તરફ આપણી કોઈ જવાબદારી નથી ? એમને ભણાવી-ગણાવીને કેળવીને માણસમાં લાવવા માટે આપણે કાંઈ કરવાનું નથી ? આવી ચર્ચાઓમાં સામ્રાજ્યવાદીઓએ સામ્રાજ્યવાદની એક નવી વ્યાખ્યા ઉપજાવી. 'Imperialism is a kind of crusade in the name of christainity, civilization and country" (સામ્રાજ્યવાદ એ ખ્રિસ્તીત્વ, સભ્યતા અને દેશના નામે એક ધર્મયુદ્ધ જ છે.)

અને પાછી નવી સ્પર્ધા જાગી. પોતપોતાના સંસ્થાનોમાં આ સામ્રાજ્યવાદીઓએ માનવસુધારાની ઝુંબેશ શરૂ કરી. આ કેટલુંક ખરા મનથી હતું તો કેટલુંક બીજા સામ્રાજ્યવાદીઓ કરતાં સારા દેખાવાના પ્રયત્નના પરિણામરૂપ હતું. પણ એ ઝુંબેશના કારણે સામ્રાજ્યવાદી દેશોમાંથી પોતપોતાનાં સંસ્થાનોમાં પાદરીઓ, શિક્ષકો, લેખકો, સમાજસુધારકો વગેરેનાં ટોળાં ઊતરવા લાગ્યાં અને પેલી "જંગલી" અને "અર્ધદાનવ" પ્રજાને સુધારવાનું કામ કરવા લાગ્યાં.

પ્રજા સુધરતી ગઈ તેમ સામ્રાજ્યોનો વેપાર વધતો ચાલ્યો. એમના ઉદ્યોગો વધારે ને વધારે પ્રમાણમાં આ ગુલામ દેશોમાં સ્થપાતા ગયા. એક તબક્કો એવો હતો કે બ્રિટનની કુલ મૂડીના પચીસ ટકા એના તાબાના દેશોમાં ધંધાર્થે રોકાયેલા હતા. સામ્રાજ્યવાદની હરીફાઈમાં બ્રિટન એક સૌથી મોટું સામ્રાજ્ય બન્યું. એક એવી ઉક્તિ પ્રચલિત થઈ કે બ્રિટિશ સામ્રાજ્યમાં સૂર્યનો અસ્ત થતો નથી.

ઈ.સ. ૧૯૧૮માં પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો એ પછી સામ્રાજ્યવાદની હરીફાઈનો પણ લગભગ અંત આવ્યો. માત્ર બ્રિટન એક મોટું સામ્રાજ્ય રહ્યું. રુડ્યાર્ડ કિપ્લિંગનું પેલું કાવ્ય ખ્રિસ્તીત્વની ભાવનાની નીપજ હતું કે એમાં દંભ હતો કે પછી એમાં નર્યો સ્વાર્થ હતો એ તો વીતેલા સમયે આપણને બરાબર સમજાવી દીધું છે.

(૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અ'વાદ-૧૫)

# અમેરિકાની યુનિવર્સિટીઓની શિક્ષણપ્રથા

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

દુનિયાભરના વિદ્યાર્થીઓ માધ્યમિક શાળા પછીના ભણતર માટે અમેરિકા તરફ આકર્ષાય છે અને તે આકર્ષણ જરાયે વધારે પડતું નથી. આ આકર્ષણ કેમ છે તે સમજવા માટે આપણે ત્યાંની યુનિવર્સિટીઓની શિક્ષણપ્રથા જાણવી જોઈએ અને યોગ્ય લાગે તો અપનાવવી જોઈએ.

ધોરણ એકથી બાર સુધી એટલે કે પ્રાથમિક શાળાથી માધ્યમિક શાળાના ભણતરની જવાબદારી કાઉન્ટીની એટલે કે જિલ્લાની ગણાય છે. મોટા ભાગનું ખર્ચ જિલ્લા પંચાયત ઘરો અને જમીનો ઉપર વેરો ઉઘરાવીને કરે છે. રાજ્ય પણ થોડોક ટેકો કરે છે. જિલ્લાના શિક્ષણાધિકારીની ચૂંટણી થતી હોય છે. આપણી જેમ યાદશક્તિ ઉપર આધારિત ભણતર અપાતું નથી. સમજશક્તિ વિકસે તેવું ભણતર હોય છે. જિંદગીમાં ઉપયોગી ગાડી ચલાવવાનું, રાંધવાનું, સુથારીકામ, ગાડીનું સમારકામ, વિજ્ઞાન, ગણિત અને ભાષાઓની સાથે મોટા ભાગની માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવે છે. આપણી માધ્યમિક શાળાઓમાં રાંધવાનું અને ગાડી ચલાવવાનું શીખવાનું તમે વિચારી શકો છો ? તમને લાગતું નથી કે આ જીવનમાં જરૂરી વિષયો આપણે આપણી માધ્યમિક શાળાઓમાં શીખવવા જોઈએ ? મારી દૃષ્ટિએ અમેરિકાની સરખામણીમાં આપણા વિદ્યાર્થીઓને ભાષાઓનો બહુ જ મોટો બોજો છે. આપણા વિદ્યાર્થીઓને ચાર ભાષાઓ ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત ભણવાની હોય છે; જ્યારે અમેરિકામાં વિદ્યાર્થીઓને અંગ્રેજી અને સ્પેનિશ, ફ્રેન્ચ કે જર્મન ભાષા ભણવાની હોય છે. આથી આપણા વિદ્યાર્થીઓને ઓછામાં ઓછાં બેથી ત્રણ વર્ષ વધારાની બે ભાષાઓ ભણવાની રહે છે. અમેરિકાની શાળાઓમાં બારમા ધોરણ સુધી પ્રમાણમાં ભાર વગરનું વાતાવરણ હોય છે, જ્યારે આપણે ત્યાં અનામતના કારણે વાતાવરણ ખૂબ જ તીવ્ર હરીફાઈવાળું બને છે. તદ્ઉપરાંત મારી દૃષ્ટિએ અગિયારમા અને બારમા ધોરણના ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમો સામાન્ય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ અઘરા છે. ગણિતનાં પુસ્તકો પણ સરળ અને ગમ્ય નથી. એવું લાગે છે કે આ પુસ્તકો આ વિષયો શીખવતા જ અનુભવી શિક્ષકો લખે તો સરળ અને ગમ્ય બની શકે.

કૉલેજનાં પહેલાં બે વર્ષના અભ્યાસક્રમો ભણાવતી કમ્યૂનિટી (Community) કૉલેજો, કૉલેજનાં ચાર વર્ષનાં અભ્યાસક્રમો અને અનુસ્નાતક અભ્યાસક્રમો ભણાવતી યુનિવર્સિટીઓની જવાબદારી રાજ્યની હોય છે. આનો નિભાવ રાજ્ય સામાન્ય રીતે આવકવેરા અને વેચાણવેરાની આવકોમાંથી કરે છે. આ ત્રણે પ્રકારની સંસ્થાઓના રાજ્યમાં જુદી જુદી જગ્યાએ ઘણા બધા કૅમ્પસ હોય છે. જુદા જુદા કૅમ્પસની એક મુખ્ય ઑફિસ અને એક વડા પણ હોય છે. આ વડાની જવાબદારી બધા જ કૅમ્પસ બરાબર ચાલે છે કે નહીં તે જોવાની તથા રાજ્ય સરકાર પાસેથી યોગ્ય ફંડ મેળવવાની પણ છે. આ બધાને બરાબર ચલાવવા માટે ટ્રસ્ટીઓ હોય છે. એમની નિમણૂક, ગવર્નર, સ્પીકર કે યોગ્ય સંસ્થાઓ કરે

છે. રાજ્યની યુનિવર્સિટીના ટ્રસ્ટીઓમાં ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર અને સ્પીકર હોય જ. જુદા જુદા કૅમ્પસના પણ વડાઓ હોય છે. જે સામાન્ય રીતે તે કૅમ્પસના પ્રેસિડન્ટ તરીકે ઓળખાય છે. દરેક કૅમ્પસનાં નામ પણ જુદાં જુદાં હોય છે. દાખલા તરીકે કૅલિફોર્નિયા રાજ્યની ત્રણ સંસ્થાઓ યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા, સ્ટેટ યુનિવર્સિટી અને કમ્યૂનિટી કૉલેજ બારમા ધોરણ પછીનું ભણતર સંભાળે છે. આ ત્રણે સંસ્થાઓનાં કામ પણ જુદાં છે. યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા Ph.D. અને M.S. એટલે કે અનુસ્નાતક અભ્યાસક્રમ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે સ્ટેટ યુનિવર્સિટી B.S. અને M.S. ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કમ્યૂનિટી કૉલેજ કૉલેજના પહેલાં બે વર્ષના અભ્યાસક્રમો અને બે વર્ષ ભણ્યા પછી સરળતાથી નોકરી મળે તેવા ટૅક્નિકલ અભ્યાસક્રમો ભણાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દરેક સંસ્થાના ઘણા કૅમ્પસ છે. યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયાના બર્કલી (Berkeley) અને લૉસ એન્જેલસ (Los Angeles) જાણીતા છે. તે જ રીતે સ્ટેટ યુનિવર્સિટીના સાન ડીઆગો સ્ટેટ યુનિવર્સિટી (San Diago State University) અને સાન ઓઝે સ્ટેટ યુનિવર્સિટી (San Jose State University)ના કૅમ્પસ જાણીતા છે. કમ્યૂનિટી કૉલેજનું કૉલેજ ઑફ ધ રેડવુડ્સનું (College of the Redwoods) કૅમ્પસ જાણીતું છે.

### કૅમ્પસના પ્રમુખ

દરેક કૅમ્પસના પ્રમુખ (President) હોય છે. આ પ્રમુખની જગ્યાની જાહેરાત યોગ્ય માસિકો અને છાપાઓમાં થતી હોય છે અને તેની પસંદગી માટે સમિતિ (Committee) હોય છે. આ સમિતિના મોટા ભાગના સભ્યો કૅમ્પસના જ હોય છે. વિદ્યાર્થીઓના પ્રતિનિધિ પણ આ સમિતિના સભ્ય હોય છે. બહારનાઓમાં મુખ્ય ઑફિસમાંથી અને ટ્રસ્ટીઓના પ્રતિનિધિ હોય જ. ઇન્ટરવ્યૂમાં આવનાર દરેક જણ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની સામાન્ય સભાને સંબોધે અને કૅમ્પસના સળગતા પ્રશ્નોને લગતા સવાલો અને જવાબો થાય. સમિતિ બહુમતીથી નિર્ણય લે. સામાન્ય રીતે યુનિવર્સિટીના પ્રમુખ કાયમી હોય છે, એટલે કે નિવૃત્ત થાય કે બીજે જાય ત્યાં સુધી રહેતા હોય છે. આથી પ્રમુખ લાંબાગાળાનું પણ વિચારે છે. યુનિવર્સિટીનો વહીવટ બરાબર ન હોય, કૅમ્પસનો મોટો ભાગ વિરોધ કરતો હોય તો ટ્રસ્ટીઓ પ્રમુખ બદલે છે. પ્રમુખના કામની પણ ચકાસણી બરાબર થતી હોય છે. આપણે પણ કુલપતિઓની નિમણૂક લાંબાગાળાની અને રાજકારણથી પર બને તેવો વિચાર કરવો જોઈએ. કૅમ્પસના પ્રમુખ સામાન્ય રીતે તેમને મનમાં ફાવે તેમ ન કરી શકે. દરેક કૅમ્પસની ઍકેડેમિક સેનેટ (Academic Senate) અને સ્ટાફની બહુમતીથી પસાર થયેલું બંધારણ હોય છે. પ્રમુખને બંધારણ પ્રમાણે કામ કરવાનું હોય છે. જો બંધારણ પ્રમાણે કામ ન થાય તો યુનિવર્સિટીને કૉર્ટમાં લઈ જઈ શકાય છે.

### ગ્રેડ પદ્ધતિ

યુનિવર્સિટી એક આખું એકમ છે. જેમ ફૅક્ટરીમાં માલ બને અને બહાર વેચાય, તે જ રીતે યુનિવર્સિટીમાંથી વિદ્યાર્થીઓ તૈયાર થાય અને સમાજમાં ધંધા કે નોકરીએ કે કોઈ કામે બહાર જાય. જેમ ફૅક્ટરીમાં સારો માલ ઓછી કિંમતે બને તે જોવાનું કામ બધાનું છે, તે જ રીતે યુનિવર્સિટીનો આશય પણ ઓછા ખર્ચે વિદ્યાર્થીઓ ભણીગણીને સરસ માણસો બને તે છે. અમેરિકન યુનિવર્સિટીઓનો આશય પણ ઓછા ખર્ચે વિદ્યાર્થીઓને કેળવીને સારામાં સારા માણસો બનાવવાનો છે. અમેરિકાને લડાઈનો સરસ અને અસરકારક સામાન, વિમાનો, ગાડીઓ, કમ્પ્યૂટરો વગેરે બનાવવામાં અસાધારણ સફળતા મળી છે

તેવી જ અસાધારણ સફળતા શિક્ષણક્ષેત્રે પણ મળી છે. આ સફળતા કઈ રીતે મળી તે જોઈએ.

વિદ્યાર્થી યુનિવર્સિટીમાં દાખલ થાય અને તેને જે ભણાવવાનું હોય તે કઈ રીતે સારામાં સારી રીતે ભણાવી શકાય ? મોટા ભાગના વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ ખૂબ જ મદદરૂપ થાય છે. નિયમિત અભ્યાસ કરાવવા માટે દરરોજનું લેસન ખૂબ જ ઉપયોગી થાય. અમેરિકાની યુનિવર્સિટીઓમાં નિયમિત લેસન અપાય છે, અને તે બરાબર તપાસાય પણ છે. યુનિવર્સિટીનાં પહેલાં બે વર્ષના વિદ્યાર્થીઓનાં લેસન ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓ તપાસે છે. આ તપાસવા માટે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત મહેનતાણું મળે છે. આના કારણે ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓનો આગળનો અભ્યાસ પાકો થાય અને કમાવાનું પણ મળે. હું જ્યારે યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા, બર્કલીમાં Ph.D.નો વિદ્યાર્થી હતો ત્યારે અમારાં લેસન અને પરીક્ષાની ઉત્તરવહીઓ દુનિયાભરના પ્રખ્યાત અધ્યાપકો ગર્વથી તપાસતા. તેમને અમારી પ્રગતિમાં રસ હતો તે ચોખ્ખું દેખાતું. નિયમિત લેસન કરવાથી દરેક પરીક્ષામાં સારા ગુણો આવે છે. આ ઉપરાંત અમેરિકન પદ્ધતિમાં લેસન વિદ્યાર્થીના પરિણામના ભાગરૂપે પણ હોય છે.

લગભગ ત્રણ માસની ઉનાળાની રજાઓ બાદ કરતાં બાકી રહેલા સમયના બે કે ત્રણ ભાગ પાડવામાં આવે છે. શૈક્ષણિક વર્ષના બે ભાગને સેમેસ્ટર પદ્ધતિ (Semester System) અને ત્રણ ભાગને (ઉનાળો ઉમેરતાં ચાર ભાગ થાય) ક્વાર્ટર પદ્ધતિ (Quarter System) તરીકે ઓળખવામાં આવે છે. સેમેસ્ટર પદ્ધતિ ક્વાર્ટર પદ્ધતિ કરતાં લાંબી હોઈને સેમેસ્ટર પદ્ધતિમાં ઓછી ઝડપે અને ઊંડાણથી વિષય ભણાવી શકાય. સેમેસ્ટર પદ્ધતિમાં અધ્યાપકોને બે વખત વિદ્યાર્થીઓનાં પરિણામો તૈયાર કરવાનાં હોય, જ્યારે ક્વાર્ટર પદ્ધતિમાં અધ્યાપકોને ત્રણ વખત વિદ્યાર્થીઓનાં પરિણામો તૈયાર કરવાનાં હોય છે. સેમેસ્ટર પદ્ધતિમાં યુનિવર્સિટીના કર્મચારીઓને બે વખત વિદ્યાર્થીઓનાં પરિણામો નોંધવાનાં અને બે વખત નવા આવનાર વિદ્યાર્થીઓને લેવાના હોય છે. જ્યારે ક્વાર્ટર પદ્ધતિમાં કર્મચારીઓને ત્રણ વખત વિદ્યાર્થીઓનાં પરિણામો નોંધવાનાં અને ત્રણ વખત નવા આવનાર વિદ્યાર્થીઓને લેવાના હોય છે. આથી જ્યારે યુનિવર્સિટીઓને પૈસાની ખેંચ હોય ત્યારે કર્મચારીઓનો પગાર બચાવવા સેમેસ્ટર પદ્ધતિમાં જવાનું ગંભીરતાપૂર્વક વિચારે છે. ગમે તે પદ્ધતિમાં ચારથી પાંચ અઠવાડિયે પરીક્ષા હોય. આ પરીક્ષા પચાસ મિનિટની હોય. અધ્યાપક જ પરીક્ષા પ્રશ્નપત્ર તૈયાર કરીને વિદ્યાર્થીઓને વહેંચે. આ પરીક્ષાની તારીખ પણ અધ્યાપક જ નક્કી કરે, ઘણા ખરા અધ્યાપકો વર્ગના પહેલા દિવસે સેમેસ્ટર ક્વાર્ટરનું ટાઇમટેબલ આપી દે એટલ કે કયા કયા પાન પરનું લેસન ક્યારે કરીને આપવાનું અને વર્ગમાં ક્યારે ક્યારે પરીક્ષાઓ છે તે વર્ગના પહેલા દિવસે જ લખીને આપવામાં આવે. સાથેસાથે અધ્યાપકની ઑફિસનો ટેલિફોન નંબર પણ આપવામાં આવે જેથી જરૂર પડે ફોન ઉપર વાતચીત થઈ શકે. અધ્યાપકોએ અઠવાડિયામાં ત્રણથી ચાર કલાક ઑફિસમાં બેસવું જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓ આ સમય દરમિયાન તેમના પ્રશ્નો પૂછી શકે. આથી અધ્યાપકો પહેલા દિવસે ક્યારે તેમની ઑફિસમાં રહેશે તે પણ જણાવે.

અમેરિકામાં શનિવાર અને રવિવારની રજા હોય છે. શુક્રવારના બપોર પછીના વર્ગોમાં હું છેલ્લી દશ મિનિટ તે અઠવાડિયામાં વર્ગમાં શીખવેલ વિષયની પરીક્ષા લેતો, જેથી વિદ્યાર્થીઓ વગર કારણે ગેરહાજર ન રહે. આવી અઠવાડિક પરીક્ષાઓ પણ ગ્રેડનો ભાગ હોય છે. આપણે ત્યાં માધ્યમિક શાળાઓમાં ધોરણ દશ અને બારમાં

બોર્ડની પરીક્ષામાં જે ગુણ આવ્યા તે તમારું પરિણામ. જો કોઈ કારણસર એકાદ પેપર આપી ન શકાય તો આખું વર્ષ લાગે. જ્યારે અમેરિકન પદ્ધતિમાં ફક્ત એક જ પરીક્ષાને બદલે સત્ર દરમિયાન લેવાયેલી પરીક્ષાઓ, લેસન અને સત્રને અંતે લેવાયેલી પરીક્ષાના આધારે તેમને અક્ષર $A^+$, A, $A^-$; $B^+$, B, $B^-$, $C^+$, C, $C^-$, $D^+$, D અને Fમાં (ગ્રેડ) આપવામાં આવે છે. Aના ૪ ગુણ, $A^-$ના ૩.૬૯, $B^+$ના ૩.૩ ગુણ, Bના ૩ ગુણ, Cના ૨ ગુણ, Dનો ૧ ગુણ, Fનો શૂન્ય ગુણ થાય. ($B^-$, $C^+$, $C^-$, $D^+$)ના ગુણો સરળતાથી ગણી શકાય. બધા વિષયોના સરેરાશ ગુણને વિદ્યાર્થીના ગ્રેડ-પૉઇન્ટ (Grade Point) કહેવાય.

અધ્યાપકો સામાન્ય રીતે દરરોજના લેસન, અઠવાડિક પરીક્ષાના, પચાસ મિનિટની પરીક્ષાઓના, અને સત્રના અંતની પરીક્ષાઓ ધ્યાનમાં રાખીને અક્ષરમાં ગ્રેડ (ગુણ) આપે છે. દાખલા તરીકે દરરોજના લેસનના પંદર ટકા, અઠવાડિક પરીક્ષાઓના પંદર ટકા, પચાસ મિનિટની પરીક્ષાઓના પાંત્રીસ (૩૫) ટકા, અને સત્રના અંતની પરીક્ષાના પાંત્રીશ (૩૫) ટકા ગણીને અક્ષરમાં ગુણ આપી શકાય. અધ્યાપકને જે પ્રમાણે લેસન અને પરીક્ષાઓના ટકા રાખવા હોય તે રાખી શકે છે. પણ તેમણે સૌથી પહેલા પિરિયડમાં વિદ્યાર્થીઓને જણાવવું પડે. અઠવાડિક પરીક્ષા અને પચાસ મિનિટની પરીક્ષા સામાન્ય રીતે લઈને બીજે દિવસે પરિણામ જણાવવાનો સામાન્ય નિયમ છે. આથી વિદ્યાર્થીઓને એમ પણ લાગે કે અધ્યાપકોને મન એમના શિક્ષણનું કામ અગત્યનું છે. પચાસ મિનિટની પરીક્ષાનું પરિણામ આપ્યા પછી તેની ચર્ચા પણ કરતા હોય છે. વધારેમાં વધારે અને ઓછામાં ઓછા ગુણ કેટલા આવ્યા તે પણ જણાવે. સાથે સાથે તેમની છાપ અને વિદ્યાર્થીઓની પ્રગતિ પણ જણાવે. સેમેસ્ટર કે ક્વાર્ટરનું છેલ્લું અઠવાડિયું સત્રના અંતના સત્ર દરમિયાન ભણાવેલા અભ્યાસક્રમને આવરી લેતી બે થી ત્રણ કલાકની પરીક્ષાઓ માટે જ હોય છે. પરીક્ષાઓ પછીના અઠવાડિયાના મંગળવારે કે બુધવારે અધ્યાપકોએ બધા જ વિદ્યાર્થીઓના ગ્રેડ આપી દેવા પડે અને બીજે દિવસે વિદ્યાર્થીઓ જોઈ પણ શકે. વિદ્યાર્થીઓ તેમની છેલ્લી પરીક્ષા જોઈ શકે છે અને ગ્રેડને લગતા સવાલો અધ્યાપકને કરી શકે. જો કોઈ ભૂલ થઈ હોય તો ગ્રેડ સરળતાથી સુધારી શકાય. આ ગ્રેડ સુધારવાના ફૉર્મ ઉપર વિભાગના વડાની અને ડીનની સહીઓ જોઈએ, જેથી ઓછામાં ઓછી ભૂલો થાય. વિદ્યાર્થી માંદગીના કારણે કે કોઈ ગંભીર કારણસર પરીક્ષા ન આપી શકે તેમ હોય તો અધ્યાપક તેમને યોગ્ય લાગે તે નિર્ણય લઈ શકે છે. જેમકે વિદ્યાર્થીને અનુકૂળતાએ પરીક્ષા લેવાનું તેઓ કહી શકે.

અર્થશાસ્ત્ર, એન્જિનિયરિંગ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સંગીત વગેરેના વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્ર કે કલનશાસ્ત્ર બને ત્યાં સુધી ગણિત વિભાગના ગણિતના વિદ્યાર્થીઓ સાથે શીખવે છે. ગણિત અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીને અર્થશાસ્ત્રમાં રસ હોય તો અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓની સાથે અર્થશાસ્ત્ર શીખવું પડે. આને કારણે વિદ્યાર્થીઓમાં હરીફાઈ રહે. ગમે તે વિષયનો વિદ્યાર્થી તેને રસ પડતો ગમે તે વિષયનો કોર્સ લઈ શકે છે, તે અમેરિકન પદ્ધતિની મોટામાં મોટી ખાસિયત છે. રસાયણશાસ્ત્રનો વિદ્યાર્થી સંગીત, સમાજશાસ્ત્ર, ટેનિસ, રાજનીતિ સરળતાથી ભણી શકે છે. ઘણી યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ જુદા જુદા ક્ષેત્રોથી પરિચિત થાય તે માટે પણ જુદા જુદા વિષયો લેવાનું સૂચવે છે. આપણે ત્યાં વિજ્ઞાનનો વિદ્યાર્થી ગુજરાતી સાહિત્ય, તત્ત્વજ્ઞાન, રાજનીતિ કે અર્થશાસ્ત્ર. ભણી ન શકે તે સ્વીકારવું ખૂબ જ અઘરું છે. વલ્લભવિદ્યાનગર, સર્વ વિદ્યાલય કેમ્પસ,

અને આર્ટ્સ અને સાયન્સ કૉલેજો માટે આ કરવું સરળ છે.

**વિદ્યાર્થીઓ**

કોઈ પણ દેશનું સાચું ધન તેના વિદ્યાર્થીઓ છે. એ જ રીતે અમેરિકાના વિદ્યાર્થીઓ પણ અમેરિકાનું સાચું ધન છે. અમેરિકાના વિદ્યાર્થીઓ ભારતીય વિદ્યાર્થીઓ કરતાં ઘણી રીતે જુદા પડે છે. મોટા ભાગના અમેરિકાના વિદ્યાર્થીઓ ઉનાળાની રજાઓમાં પેટ્રોલ પંપ ઉપર, રેસ્ટોરન્ટમાં, હોટલ અને મોટલમાં રૂમો સાફ કરવાનું, ઘરો રંગવાનું કે સાફ કરવાનું, ફેક્ટરીઓમાં મજૂરીનું કે જે કંઈ કામ મળે તે કરે છે. આથી જ્યારે ભણવા પાછા આવે છે ત્યારે તેમને ભણવાનું મોંઘું લાગે છે, આથી અભ્યાસમાં ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કરતા થઈ જાય છે. તેમનો સમય જરાયે બગડવા દેતા નથી. ઘણા પરણેલા અને બાળકો સાથેના વિદ્યાર્થી હોય છે અને તેમને કુટુંબનું ભરણપોષણ કરવા માટે પણ અભ્યાસ સાથે નોકરી કરવી પડતી હોય છે. આના કારણે જિંદગીભર શ્રમનું કોઈ પણ કામ કરતાં અચકાતા નથી, તદુપરાંત જવાબદાર, ગંભીર અને વિનયી બને છે. મારાં પત્ની રિયલ્ટર (Realtor) હતાં અને મકાનો ભાડે આપવાનો ધંધો હતો. આ કામ બદલ કમિશન મળે. ભાડવાત ખાલી કરે એટલે મકાન સાફ કરાવવું પડે. બાગ-બગીચા અને રંગવાનું પણ કામ કરાવવું પડે. આના માટે યુનિવર્સિટીની એમ્પ્લોયમેન્ટ (Empoyment) ઑફિસને ફોન કરે અને બીજે દિવસે કામ કરવા માટે આઠથી દશ વિદ્યાર્થીઓના ફોન આવે.

અમે શેરથા રહીએ છીએ. આ બધું લખવા માટે મને માફ કરશો. આ મને લખવું ગમતું નથી પણ લખીશ. મોટા ભાગનાં ગામડાંઓમાં દાખલ થતાંની સાથે પ્લાસ્ટિકની કોથળીઓ, પ્લાસ્ટિકની ખાલી પડીકીઓ ગમે ત્યાં પડેલી દેખાય. આથી જાણે કે આખું ગામ ગંદકીથી ભરેલું લાગે. આની સામે અમેરિકા એકદમ ચોખ્ખું લાગે. મારાથી આ ગંદકી સહન ન થવાથી મોટે ભાગે દરરોજ સવારના સવા છ વાગે સાઇકલ લઈને પ્રાથમિક શાળાનો આગળનો ભાગ, મહાદેવની સામેનો ભાગ અને એસ.ટી. બસ સ્ટૅન્ડનો ભાગ ઝાડુથી વાળીને સાફ કરવા જાઉં છું. મને એમ થયું કે કૉલેજમાં ભણતા અને ધોરણ દશથી બારના વિદ્યાર્થીઓ આ કામ નવરાશના સમયે કરી શકે અને થોડુંક કમાઈ પણ શકે એ આશયથી જાહેરાત કરી કે જે આ સફાઈનું કામ કરશે તેને કલાકના સાત રૂપિયા મળશે. અમે ત્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે અમારાં મા-બાપ પર ખર્ચનો ભાર ઓછો પડે તે માટે રજાઓમાં ડાંગરો વાઢતા, કપાસની સાંઠીઓ ગોદતા, ઘરમાં બળતણ માટે વાપરવા એરંડા કાપતા, વગરે કામ કરતા. આ કારણે મારો જાહેરાતનો આશય શેરથાથી અમદાવાદ, કલોલ કે ગાંધીનગર ભણવા જતા વિદ્યાર્થીઓ બસભાડું, પુસ્તકો વગેરેનું ખર્ચ પોતાની મેળે કમાઈ શકે તે હતો. મને લખતાં એટલી બધી શરમ આવે છે કે ન પૂછો વાત ! અમારા ગામના વિદ્યાર્થીઓમાંથી હજુ સુધી કોઈ તે પૈસા લેવા આવ્યું નથી. કારણ કે બધાને સફાઈ કરવાનું ખૂબ જ હલકું કામ લાગે છે. આવો આપણો શ્રમનો મહિમા ! આની સામે અમેરિકાના પૂર્વ પ્રમુખ જિમી કાર્ટર (Jimmy Carter) ઘર વગરનાઓ માટે જાત-મહેનતથી ઘર બાંધે છે. જાતે ઘર બાંધતા હોઈએ ત્યારે શ્રમનું, સફાઈનું ઘણું બધું કામ કરવું પડે.

**અધ્યાપકો**

જુદા જુદા વિષયોનાં સામયિકો અને જુદા જુદા વિષયોનાં મંડળોના વાર્ષિક સંમેલનોમાં અધ્યાપકોની જગ્યાઓની જાહેરાત કરવામાં આવે છે. Ph.D. થયેલ, વિદ્વાન, અધ્યાપક તરીકે ઉજ્જ્વળ ભવિષ્ય લાગતું હોય તેવાને આકર્ષવાનો અને મેળવવાનો ખૂબ જ ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરે

છે. યુવાન અધ્યાપકો તેમના ક્ષેત્રમાં સુંદર કામ કરે, શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે અને વિદ્યાર્થીઓ કાયમને માટે તેમને યાદ કરે છે. આમાં પણ અમેરિકાને ખૂબ જ સફળતા મળી છે. દર વર્ષે નોબેલ પ્રાઇઝ મેળવનાર દેશો જોતાં જણાશે કે અમેરિકન અધ્યાપકો મોટા ભાગનાં પ્રાઇઝ લઈ જાય છે.

મોટા ભાગની અમેરિકાની યુનિવર્સિટીઓમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (Assistant Professor), એસોસિએટ પ્રોફેસર (Associate Professor) અને પ્રોફેસર હોય છે, જે આપણે ત્યાનાં લેક્ચરર (Lecturer), રીડર (Reader) અને પ્રોફેસરની જગ્યાએ લગભગ ગણાય. અમેરિકામાં આ સિવાયના હંગામી શિક્ષકોને લેક્ચરર ગણવામાં આવે છે. જે-તે વિષયના વિભાગો જ કોને લેવા તે નક્કી કરે છે. જો વિભાગો નાના હોય તો તેમના ક્ષેત્રના વિભાગ સાથે રહીને કામ કરે છે. મોટા ભાગે આસિસ્ટન્ટ પ્રોફેસરથી જ ભરતી કરવામાં આવે છે, આમાં પણ અપવાદ હોય છે. અરજીઓની સાથે ત્રણ ચાલચલગત વિશેના પત્રો (Reference Letters) મંગાવવામાં આવે છે. જે અરજદારને બરાબર ઓળખતા હોય તે જ સામાન્ય રીતે પત્ર લખે. જે-તે વિભાગની સમિતિ અરજદારોમાંથી પહેલા ત્રણ જણની પસંદગી કરે છે. સ્ત્રીઓ, કાળા અને મૅક્સિકનોને (બિનગોરા) સરકારી નોકરીઓમાં અને યુનિવર્સિટીઓમાં ભણવા અને ભણાવવા માટે આકર્ષવાનો ખૂબ જ પ્રયત્ન કરવામાં આવે છે. અમેરિકામાં પણ અનામત છે. ગોરો પુરુષ અરજદાર અને અનામતનો અરજદાર લગભગ સરખા હોય તો જ અનામતના અરજદારોને લેવામાં આવે છે. બે અરજદારોમાં જે ગુણોની રીતે આગળ હોય તે આગળ જ ગણાય છે. આપણી અનામતની જગ્યાઓ અને અમેરિકાની અનામતની જગ્યાઓની કોઈ સરખામણી જ ન થઈ શકે. જે-તે વિભાગની સમિતિ આ અનામતનો નિયમ ધ્યાનમાં રાખીને ત્રણ અરજદારોને નોકરી માટે ઇન્ટરવ્યૂ માટે બોલાવવાનું લિસ્ટ તૈયાર કરીને તેમના વિભાગની મિટિંગમાં રજૂ કરવા જણાવે છે. વિભાગના અધ્યાપકો બધા જ અરજદારોનો અભ્યાસ કરીને પોતપોતાની રીતે લિસ્ટનો અભ્યાસ કરીને સુધારા-વધારા સૂચવે છે. આખરે વિભાગ ઇન્ટરવ્યૂ માટે બોલાવવાના ઉમેદવારોનું લિસ્ટ તૈયાર કરીને ઉમેદવારોનો ટેલિફોન ઉપર ઇન્ટરવ્યૂ લે છે. ઉમેદવારો પણ લાઇબ્રેરી, વિદ્યાર્થીઓ, હવામાન, મકાનનાં ભાડાં, તેમનાં બાળકો માટેની શાળાઓ વગેરેના લગતા સવાલો પૂછે છે. આખરે ઇન્ટરવ્યૂ માટે બોલાવવા માટેનું લિસ્ટ તૈયાર કરીને મોકલી આપવામાં આવે છે. ડીન પણ વાંચીને અને વિચારીને સુધારા-વધારા સાથે મંજૂરી આપે છે.

આખરે ત્રણ અરજદારોને કૅમ્પસ ઉપર ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. દરેકની અનુકૂળતા પ્રમાણે જુદા જુદા દિવસે ઇન્ટરવ્યૂ માટે કૅમ્પસ ઉપર આવે છે. સામાન્ય રીતે નજીકના ઍરપોર્ટ ઉપર વિભાગમાંથી આવનારને કોઈ અધ્યાપક લેવા જાય છે અને મોટેલમાં યુનિવર્સિટી (વિભાગ) તરફથી રહેવાની સગવડ કરવામાં આવે છે. સવારના આઠ વાગે મોટેલથી કૅમ્પસ ઉપર વિભાગમાંથી કોઈ લઈ આવે. આવનારના માનમાં સવારના ચા અને નાસ્તાની વ્યવસ્થા વિભાગમાં કરવામાં આવે. વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ અરજદારને મળે અને ચા-કૉફી પીએ. અરજદાર વાઈસ પ્રેસિડન્ટ અને ડીનને પણ મળે. આવનારને હવે વિષય પ્રમાણે કોઈ અધ્યાપકનો ચાલુ વર્ગ ભણાવવો પડે. બપોરનું જમવાનું વિભાગના સભ્યો સાથે (જે નવરા હોય તે) કોઈ રેસ્ટોરન્ટ કે કૅમ્પસના કાફેટેરિયામાં ગોઠવવામાં આવે છે. અરજદાર સિવાયનું ખર્ચ દરેકે પોતે આપવાનું હોય છે. આવનારના વિષય પ્રમાણે તેમને

યોગ્ય લાગે તે વિષય ઉપર સેમિનારમાં ભાગ લેવાનો હોય છે. અરજદારને આની જાણ અગાઉથી કરવામાં આવે છે. આથી તે બરાબર તૈયાર થઈને આવે. વિભાગનો દરેક જણ અનુકૂળતા પ્રમાણે ક્લાસ કે સેમિનારમાં હાજર રહે જેથી અરજદારના શીખવવાનો ખયાલ આવે. સાંજના જમવાનું સામાન્ય રીતે વિભાગના કોઈ અધ્યાપકને ત્યાં હોય છે. વિભાગના સભ્ય જેને અનુકૂળ હોય તે એક વાનગી લઈને આવે. અમારે ત્યાં પણ કોઈ કોઈ વખત જમવાનું રખાતું. અમે ઘણી વખતે પાઈનેપલના શીરાનાં ચોસલાં કે સમોસા કે વઘારેલો ભાત લઈને જતા. બધાં ભેગાં મળીને અરજદાર સાથે જમે. આ રીતે અરજદાર કઈ રીતે શીખવે છે અને બધાંની સાથે કઈ રીતે હળીમળી જાય છે તેનો ખ્યાલ આવી જાય. આ જ રીતે બીજા બે અરજદારોની સરભરા વિભાગે કરવાની રહે. આથી વિભાગે જ્યારે નવા અધ્યાપક લેવાના હોય ત્યારે ઘણું કામ કરવાનું રહે છે. ઇન્ટરવ્યૂ પૂરા થયા પછી વિભાગની મિટિંગ થાય અને ત્રણે અરજદારોની સરખામણી થાય, વિભાગની જરૂરિયાત અને કઈ રીતે કોણ વિભાગને કેટલું ઉપયોગી થશે તેની ચર્ચાને અંતે મત લેવાય. જેને સૌથી વધારે મત મળે તેનું નામ ડીનને મોકલી આપવામાં આવે. ડીન અને ઉપપ્રમુખ સામાન્ય રીતે વિભાગ જણાવે તે પ્રમાણે કરે, પણ જરૂરી લાગે તો અભિપ્રાય આપે અને વિભાગને ફરીથી વિચારવા પણ કહે. આ સમય દરમિયાન અરજદાર બીજી જગ્યાએ પણ નોકરી સ્વીકારી લે. આથી વિભાગે નક્કી કરેલ અરજદાર નોકરી ન સ્વીકારે. કોઈ કોઈ વખત સમય અને માગના કારણે ત્રણ જણામાંથી કોઈ પણ નોકરી ન સ્વીકારે. તેવું પણ બને. આ સંજોગોમાં ફરીથી કામ શરૂ કરવું પડે. કોઈ કોઈ વખત ઇન્ટરવ્યૂ માટે આવેલામાંથી કોઈ પણ વિભાગને ન ગમે. આ સંજોગોમાં બીજા ત્રણને ઇન્ટરવ્યૂમાંથી બોલાવવા પડે અથવા વર્ષની રાહ જોવી પડે. આ રીતે આખરે નિમણૂક થાય અને નવા સત્રથી થનગનતા ભાઈ કે બહેન કૅમ્પસ ઉપર આવી પહોંચે.

શૈક્ષણિક વર્ષ ઑગસ્ટ-સપ્ટેમ્બરથી મે-જૂન સુધીનું ગણાય. દરેક યુનિવર્સિટીનાં ટાઈમટેબલ જુદાં જુદાં હોય છે, પણ ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં નવું શૈક્ષણિક વર્ષ અને નવું સત્ર શરૂ થાય છે. લગભગ બધી યુનિવર્સિટીઓને પ્રેક્ષકગૃહ (Auditorium) હોય છે. અમારી હમ્બોલ્ટ (Humboldt) સ્ટેટની પહેલી અધ્યાપકગણ અને ઑફિસના કર્મચારીઓની જાહેર સભા ભણાવવાનું શરૂ થાય તેના આગલા અઠવાડિયામાં થાય. આ જાહેર સભામાં યુનિવર્સિટીના પ્રમુખ અને ઉપપ્રમુખ બજેટ, વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના આદર્શોની માહિતી આપે. યુનિવર્સિટીની બધી સ્કૂલ્સ કે કૉલેજોના ડીન્સ નવા આવેલા અધ્યાપકોની ઓળખાણ આપે. આ પછી બધા કૉફી કે ચા પીને છૂટા પડે. બપોર પછી બધી સ્કૂલ કે કૉલેજના અધ્યાપકગણ અને કર્મચારીઓની મિટિંગમાં વિભાગના વડા નવા આવનારની લંબાણપૂર્વક ઓળખાણ આપે. વિભાગ પણ નવા આવનારના માનમાં પૉટલક ડીનર (દરેક જણ તેમને ભાવતી એક વાનગી લઈને આવે) ગોઠવે. નવા આવનારને મન મૂકીને બધા આવકારે. યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા, બર્કલીમાંથી મારું પીએચ.ડી.નું ભણવાનું પૂરું કરીને હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના ગણિત વિભાગમાં જોડાયો ત્યારે અમારા યજમાને અમે આર્કટો પહોંચ્યા પછી અમને જમવા માટે આમંત્રેલા. પહેલાં તે ગણિત શીખવતા અને પછી વહીવટી કર્તા બનેલા. બંને ગોરાં પતિ અને પત્નીએ અમને જમવા માટે આમંત્ર્યા તે પહેલાં ભારતનો ખાસ ખયાલ પણ ન હતો. અમારી સાથે અંગ્રેજી

વિભાગના તેમના મિત્રોને પણ જમવા માટે આમંત્રેલા. અમે તેમને ત્યાં પહોંચ્યા, બેઠા, વાતચીત દરમિયાન કેસરવાળું દૂધ આપ્યું. જમવાનું દાળ, ભાત, શાક, રાયતું અને રોટલી આ બધું પુસ્તકમાં વાંચીને રાંધેલું. રોટલી વણવા માટે વેલણ પણ તે દિવસે જ ખરીદેલું ! મારાં પત્નીએ રોટલી વણતાં શીખવ્યું અને અમે બધાં જમ્યાં. મારી દૃષ્ટિએ અમેરિકાની બધી માલમિલકત લઈ લઈએ તોપણ અમેરિકા પાસે તેનું અમૂલ્ય ધન, તેના નાગરિકો રહે. વિનયી, વિવેકી, મહેનતુ અને પ્રામાણિક ! આથી વધારે કોઈ દેશને શું જોઈએ ? અમે શાકાહારી હોઈને જ્યારે જ્યારે વિભાગના કોઈને ત્યાં કે યુનિવર્સિટીમાં જમવાનું હોય ત્યારે અમારી સગવડ હોય જ ! હું વલ્લભવિદ્યાનગરમાં હતો ત્યારે એમ થતું કે હું લેઉવા પટેલ હોઉં તો વલ્લભવિદ્યાનગરમાં બધું સરળ થાય, જ્યારે ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં હતો ત્યારે એમ થતું કે હું બ્રાહ્મણ હોઉં તો ગણિત વિભાગમાં મારે માટે બધું સરળ થાય, જ્યારે અમેરિકામાં મને જરાયે બદલાવવાની જરૂર લાગતી નથી. હું જેવો હતો તેવો જ ગોરા વાન વગરનો, ભલીવાર વગરનું અંગ્રેજી બોલતો, મને અમેરિકન યુનિવર્સિટીએ અને સમાજે સ્વીકારી લીધો. કેવો મોટો ભવ્ય દેશ અને ભવ્ય સમાજ ગણાય !

અમેરિકાની યુનિવર્સિટીઓમાં અધ્યાપકોને, કોઈ પણ જાતના નોકરીને લગતા ડર સિવાય અભિપ્રાય દર્શાવી શકે તે માટે, ટેન્યુર (Tenure) આપવામાં આવે છે. કોર્ટમાં ગુનેગાર સાબિત થાય કે બજેટના ગંભીર કારણસર જ ટેન્યુર મળેલા અધ્યાપકને છૂટા કરી શકાય. આ સિવાય ટેન્યુર મળેલા અધ્યાપકને છૂટા ન કરી શકાય. આ યુનિવર્સિટીની જેવી તેવી બાંયધરી ન ગણાય. હાલમાં કોઈ કોઈ વખત ટેન્યુર નાબૂદ કરવાની વાતો થાય છે. ટેન્યુર મળેલા અધ્યાપકો તેમને યોગ્ય લાગે તે સમયે નિવૃત્ત થાય છે. આથી નિવૃત્ત થયા પછી એમેરિટસ પ્રોફેસર - Emeritus Professor - ગણાય છે. સામાન્ય નિયમ એવો છે કે તમે બરાબર કામ ન કરી શકો ત્યારે નિવૃત્ત થાવ. અમેરિકામાં ન્યાયાધીશોને પણ આવી ટેન્યુર છે.

મેં જ્યારે ભણાવવાનું શરૂ કર્યું ત્યારે ચાર વર્ષે ટેન્યુર મળતી અને હવે છ વર્ષે ટેન્યુર મળે છે. નવા અધ્યાપકની કામની, જ્યાં સુધી ટેન્યુર ન મળે ત્યાં સુધી, દર વર્ષે ચકાસણી થાય છે. સંતોષકારક કામ ન હોય તો બીજા વર્ષે લેવામાં આવતા નથી અને ટેન્યુર પણ આપતા નથી. આ ચકાસણી મોટે ભાગે પૂર્વગ્રહ વગરની હોય છે. પદવૃદ્ધિ અને ટેન્યુર માટે વિભાગની, સ્કૂલ કે કૉલેજની અને યુનિવર્સિટીની એમ ત્રણ જુદી સમિતિઓ હોય છે. આ ત્રણે સમિતિઓ અધ્યાપકની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરીને તેમનો અભિપ્રાય આપે છે. વહીવટીતંત્ર એટલે કે વિભાગના વડા, ડીન અને ઉપપ્રમુખ પણ તેમનો અભિપ્રાય આપે છે. આ બધાના અભિપ્રાયો ધ્યાનમાં લઈને યુનિવર્સિટીના પ્રમુખ ટેન્યુર આપવી કે ન આપવી, આસિસ્ટન્ટ પ્રોફેસરમાંથી ઍસોશિએટ પ્રોફેસર બનાવવા કે ન બનાવવા, ઍસોશિએટ પ્રોફેસરમાંથી પ્રોફેસરની પદવૃદ્ધિ આપવી કે ન આપવી તેનો નિર્ણય કરે છે. પદવૃદ્ધિ અને ટેન્યુર માટે શીખવવાનું, સંશોધન અને યુનિવર્સિટીની સેવાઓ જરૂરી છે. યુનિવર્સિટીની ઍકેડેમિક સેનેટમાં ચર્ચાને અંતે કોને કેટલું વજન રાખવું એટલે કે શીખવવાનું ૬૦%, સંશોધન ૨૫% અને સેવાઓ ૧૫% કે બીજુ. કોઈ યોગ્ય વજન રાખવું તેનો નિર્ણય કરીને અધ્યાપકગણની માહિતી-પુસ્તિકાના ભાગરૂપે રાખવામાં આવે છે. આ માહિતી-પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે જ શીખવવાનું,

સંશોધન અને યુનિવર્સિટીની સેવાઓ વગેરેનું વજન રાખીને જ બધી સમિતિઓ અને વહીવટીતંત્ર નિર્ણય કરે છે.

યુનિવર્સિટીના બંધારણની પુસ્તિકા હોય છે. આ પુસ્તિકામાં ઉપર જણાવેલી સમિતિના કેટલા સભ્યો હોય, સભ્યો કેટલા સમય માટેના હોય તેની માહિતી હોય છે. સામાન્ય રીતે વિભાગના હોય અને વિભાગના અધ્યાપકોને આ સમિતિ માટે મત આપવાનો અધિકાર હોય. તે જ રીતે સ્કૂલ કે કૉલેજની સમિતિના સભ્યો તે જ સ્કૂલ કે કૉલેજના સભ્યો હોવા જરૂરી છે અને સ્કૂલ કે કૉલેજના જ અધ્યાપકોને આ સમિતિ માટે મત આપવાનો અધિકાર હોય છે. યુનિવર્સિટીની સમિતિના સભ્યો યુનિવર્સિટીના અધ્યાપકો જ હોય અને તેમના માટે મત આપવાનો અધિકાર યુનિવર્સિટીના અધ્યાપકોને જ હોય. આ બધા માટે ક્યારે ચૂંટણી થવી જોઈએ તે પણ બંધારણની પુસ્તિકામાં જણાવેલું હોય છે. આ બધી સમિતિઓ માટે નામ સૂચવનાર, ચૂંટણીના મતો ગણનાર અને પરિણામો જાહેર કરનાર ત્રણએ જગ્યાએ સમિતિઓ હોય છે :

આ બધી સમિતિઓ અધ્યાપકની પ્રવૃત્તિ કઈ રીતે જાણી શકે ? સત્રના અંતે અધ્યાપકના વર્ગોના દરેક વિદ્યાર્થીને નીચેના પ્રશ્નોને આવરી લેતા જવાબો લખવાના હોય છે.

(૧) અધ્યાપક બરાબર તૈયાર થઈને વર્ગમાં આવે છે ?
(૨) વર્ગમાં નિયમિત આવે છે ? નિયત સમયે વર્ગને છોડે છે ?
(૩) પરીક્ષાઓ અને (હોમવર્ક) લેસનમાં પેપરો સમયસર પાછાં આપે છે ?
(૪) નિયત સમયે ઑફિસમાં હોય છે ?
(૫) વર્ગમાં તમારા પ્રશ્નોના જવાબ બરાબર આપે છે ? વિદ્યાર્થીઓ તરફ તેમનું વર્તન કેવું ?

આ ઉપરાંત અધ્યાપકને શિક્ષક તરીકે શ્રેષ્ઠથી અપૂર્ણ વચ્ચે ગ્રેડ કરવાનો હોય છે. ઘણા બધા વિભાગો આ બધા પ્રશ્નોને આવરી લેતાં ફૉર્મ રાખે છે અને અધ્યાપકના ચાલુ વર્ગમાં છેલ્લી વીસેક મિનિટમાં અધ્યાપકની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓ પાસે ફૉર્મ ભરાવવામાં આવે છે. નિષ્પક્ષતા માટે વિભાગની ઑફિસમાં વ્યવસ્થિત ભરેલાં ફૉર્મ રાખવામાં આવે છે અને વિદ્યાર્થીઓના ગ્રેડ આપ્યા પછી અધ્યાપક ફૉર્મ જોઈને અભ્યાસ કરી શકે છે.

સંશોધનના લખેલા લેખો, પુસ્તકોનાં વિવેચનો, વિષયને લગતી મિટિંગોમાં હાજર રહીને સંશોધનનાં પરિણામોની કરેલી ચર્ચા ઉપરથી સમિતિને અધ્યાપકનાં સંશોધનનો ખ્યાલ આવે. યુનિવર્સિટીની સેવાઓમાં સમિતિઓમાં કરેલું કામ, વિભાગમાં વિદ્યાર્થીઓ કરેલી મદદ, આજુબાજુની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને કરેલી મદદ, મ્યુનિસિપાલિટી કે નગર પંચાયતોને યોગ્ય મદદ વગેરે યુનિવર્સિટીની સેવાઓ ગણાય છે.

વિભાગમાં સેમિનારમાં ઘણા બધાને મળવાનું થાય છે. સંશોધન માટે પણ વિભાગમાં બીજા અધ્યાપકો જોડે ચર્ચા કરતા જ હોય છે - અભ્યાસક્રમની, પુસ્તકોની. બીજા અધ્યાપકો જોડે વિચારોની આપલે થતી હોઈને ઘણા બધા અધ્યાપકો એકબીજાના કામથી ઘણા પરિચિત બનતા હોય છે, પદવૃદ્ધિ અને ટેન્યુર માટે પરિચિત અધ્યાપકો મુદ્દાસર પત્ર લખીને અભિપ્રાય આપે છે.

નવા આવેલા અધ્યાપકોએ જ્યાં સુધી ટેન્યુર ન મળે ત્યાં સુધી દર વર્ષે આ બધી માહિતી યોગ્ય ફૉર્મમાં ભરીને આપવાની હોય છે. તે જ રીતે યોગ્ય સમયે પદવૃદ્ધિ માટે પણ યોગ્ય ફૉર્મ ભરીને આ માહિતી આપવાની હોય છે. આ

બધાના આધારે જ બધી સમિતિઓ અને પ્રમુખ નિર્ણય લેતા હોય છે. ઘણી વખતે અધ્યાપકો નાની નાની કારણ વગર વસ્તુઓને મોટું સ્વરૂપ આપતા હોય છે.

**અભ્યાસક્રમો**

યુનિવર્સિટીઓના બદલાતા અભ્યાસક્રમો યુનિવર્સિટીની સક્રિયતાની નિશાની છે. જે ગઈકાલે જરૂરી હતું તે આજે જરૂરી ન પણ હોય, જેમકે જૂનાં જમાનાના પા, અડધા, દોઢા, અઢિયા અને ઉઠા (૩$^{૧}/_{૨}$)ના ટેબલો મોઢે કરાવવાનો આજે કેલ્કયુલેટરના જમાનામાં અર્થ નથી. દરરોજ નવું નવું ઉપયોગી શોધાય છે જે ઉપયોગમાં લેવાશે, જેમકે કમ્પ્યૂટર્સ. અમેરિકાની યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમ, ડિગ્રીની જરૂરિયાતો બદલવી અને નવા વિભાગો શરૂ કરવા સરળ છે. વિભાગની, સ્કૂલ કે કૉલેજની અને યુનિવર્સિટીની ચૂંટાયેલ અભ્યાસક્રમ સમિતિઓ હોય છે. જે કોઈ અધ્યાપકને અભ્યાસક્રમ બદલવો હોય કે નવો અભ્યાસક્રમ (course) શરૂ કરવો હોય તેણે વિભાગને અભ્યાસક્રમ જરૂરી હોય તો તે વિભાગમાં જે અધ્યાપકો આ અભ્યાસક્રમો શીખવતા હોય તેમની સલાહ લેવી જરૂરી છે. આ જગ્યાઓએ મંજૂરી મળે કે પ્રોત્સાહન મળે એટલે વિભાગની મિટિંગમાં આ ફેરફારની ચર્ચા થાય. જો વિભાગની મંજૂરી મળે તો જ સ્કૂલ કે કૉલેજની અભ્યાસક્રમની સમિતિમાં આવે. સ્કૂલ કે કૉલેજની અને યુનિવર્સિટીની અભ્યાસક્રમ સમિતિઓમાં પણ જે વિભાગોને ફેરફારથી અસર થવાની છે તે વિભાગોના પ્રતિનિધિઓ તેમનો અભિપ્રાય દર્શાવે અને જરૂરી સલાહસૂચનો સૂચવે. આવતા ફેરફારથી ડિગ્રીની જરૂરિયાતોમાં થતી અસરોનો વિચાર યુનિવર્સિટી અભ્યાસક્રમ સમિતિ કરે અને બીજાં બધાં પાસાંઓનો બરાબર વિચાર કરીને નિર્ણય લેવાય. જો અભ્યાસક્રમનો ફેરફાર યુનિવર્સિટી અભ્યાસક્રમ સમિતિને મંજૂર હોય તો ઉપપ્રમુખને તે ફેરફાર મોકલી આપવામાં આવે. જો ઉપપ્રમુખ આ ફેરફાર મંજૂર કરે તો નવા શૈક્ષણિક વર્ષના નવા સત્રથી ફેરફાર અમલમાં આવે. જો નવો જ અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય તો કોણ શીખવશે, કયાં પુસ્તકો વપરાશે, શા માટે નવો અભ્યાસક્રમ જરૂરી છે અને આ અભ્યાસક્રમ કોણ લેશે તે બધી જ માહિતી વિભાગ પાસે હોવી જરૂરી છે.

જો નવો જ આખો પ્રોગ્રામ કે આખો વિભાગ શરૂ કરવાનો હોય તો જ સ્કૂલ કે કૉલેજમાં તે પ્રોગ્રામ રહેવાનો હોય તે સ્કૂલ કે કૉલેજમાંથી શરૂઆત થાય નવા પ્રોગ્રામ માટેની સ્ટાફની, ઑફિસો વગેરે જોગવાઈ તે સ્કૂલ કે કૉલેજના ડીનને કરવી પડે. આ પ્રોગ્રામની મંજૂરી તે સ્કૂલ કે કૉલેજની અને યુનિવર્સિટીની અભ્યાસક્રમની સમિતિઓએ આપવી પડે. આ મંજૂર થયેલો પ્રોગ્રામ ઉપપ્રમુખને મોકલી આપવામાં આવે અને તેમની મંજૂરીથી અસ્તિત્વમાં આવે.

આપણી જેમ અનુસ્નાતક વિભાગ અલગ નથી. બધા વિભાગો જેમ કે અંગ્રેજી વિભાગ, સંગીત વિભાગ, ભૌતિકશાસ્ત્ર વિભાગ વગેરે યુનિવર્સિટીનાં જુદાં જુદાં અંગો છે. સાયન્સના બધા વિભાગો ભેગા થઈને સાયન્સ કૉલેજ કે સાયન્સ સ્કૂલ બને. એન્જિનિયરિંગના બધા વિભાગો ભેગા થઈને એન્જિનિયરિંગના કૉલેજ કે સાયન્સ સ્કૂલ બને. ગણિત વિભાગ પહેલા વર્ષથી અનુસ્નાતક સુધીના વિદ્યાર્થીઓને જરૂરી ગણિત શીખવે. અચાનક પહેલા વર્ષથી અનુસ્નાતક સુધીના વર્ગોને શીખવે.

**અન્ય માહિતી :** વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ નૈતિક ધોરણો પણ જાળવવાનો હોય છે. વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરે તો શું કરવું જોઈએ, અધ્યાપક વિદ્યાર્થિનીની છેડતી કરે તો શું કરવું જોઈએ તે બાબતોની સમિતિ હોય છે. કોઈ

વિદ્યાર્થીને અધ્યાપક સામે ગ્રેડ કે કોઈ પણ જાતની ફરિયાદ હોય તો ઑમ્બડ્સમૅનની (Ombuds-man) ઑફિસ હોય છે. તે બરાબર તપાસ કરીને યથાયોગ્ય પગલાં લેવાનું કહી સકે.

આ બધી સમિતિઓ અને યુનિવર્સિટીના બંધારણમાં કોઈ ને કોઈ સુધારા કરવાના રહે. બજેટ, અભ્યાસક્રમ, યુનિવર્સિટીનું વાતાવરણ વગેરેના પ્રશ્નો પણ રહ્યા કરે. આ બધાની ચર્ચા કરીને નિર્ણય લઈ શકે તેવી ઍકેડેમિક સેનેટ (Academic Senate) હોય છે. આના સભ્યો દરેક સ્કૂલ કે કૉલેજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વિદ્યાર્થીગણના પ્રતિનિધિઓ, યુનિવર્સિટીના ઉપપ્રમુખ અને પ્રમુખ હોય છે. લગભગ દર અઠવાડિયે તેઓ મળતા હોય છે અને ચર્ચાને અંતે નિર્ણયો લેવાતા હોય છે.

આપણી યુનિવર્સિટીઓમાં મકાનો એક વખતે બંધાયાં પછી ભંગાર હાલતમાં મુકાયાં પહેલાં રંગાવવાનું કે સમારાવવાનું કામ થતું નથી. જ્યારે અમેરિકામાં અમુક વર્ષે દરેક મકાન રંગાવવાનું હોય જ અને કાચ તૂટે કે પડદા ગંદા થાય તો તેને સરખા કરાવવાનું કામ થાય જ. સવારના આઠથી સાંજના પાંચ સુધી સામાન્ય રીતે વર્ગો વપરાતા હોય છે. આથી આપણા કરતાં ઓછા વર્ગોથી ચલાવાય. સાંજના પાંચ વાગ્યા પછી સફાઈનું કામકાજ શરૂ થાય. બધા વર્ગો, અધ્યાપકોની ઑફિસો, મુતરડીઓ વગેરે સરસ સાફ થાય છે. બહાર પ્રમાણમાં ફૂલઝાડ, લૉન વગેરે પણ સરસ હોય છે. આ બધું ખર્ચાળ છે પણ જરૂરી છે. તમે જેટલી અપેક્ષા રાખો તેટલું મળે.

સામાન્ય રીતે દરેક અધ્યાપકને પોતાની ઑફિસ હોય છે જેથી વિદ્યાર્થી અંગત વાત પણ કરી શકે. આ ઑફિસમાં ટેલિફોન, કમ્પ્યૂટર, ટેબલ એ ત્રણચાર ખુરશીઓ હોય છે. આ કમ્પ્યૂટર વિભાગની મુખ્ય ઑફિસના પ્રિન્ટર જોડે જોડાયેલ હોય છે જેથી અધ્યાપક પરીક્ષાઓ, પત્રો વગેરે સુંદર પ્રિન્ટ કરી શકે. તદુપરાંત દરેક વિભાગમાં કૉપિંગ (copying) મશીન પણ હોય છે જેથી પરીક્ષાઓ અને પત્રોની નકલો થઈ શકે. પુસ્તકો રાખવા માટે છૂટાં પાટિયાંની વ્યવસ્થા પણ ઑફિસમાં હોય છે જેથી વિદ્યાર્થી પાટિયા ઉપર લખી શકે.

અમેરિકામાં સામાન્ય રીતે દરેક યુનિવર્સિટીમાં મુખ્ય પુસ્તકાલય હોય છે. આ ઉપરાંત વિભાગોમાં પણ પુસ્તકાલય હોય છે. આ મુખ્ય પુસ્તકાલયમાં પ્રમાણમાં ઘણાં ટેબલો અને ખુરશીઓ વિદ્યાર્થીને અભ્યાસ કરવા માટે હોય છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ દિવસ દરમિયાન પુસ્તકાલયનો ઉપયોગ કરે છે. હૉસ્ટેલમાં રહેનાર લગભગ મુખ્ય પુસ્તકાલયમાં જ અભ્યાસ કરતો હોય. ઇન્ટરનેટ સાથેનાં કમ્પ્યૂટરો, કૉપિંગ મશીન (પૈસા આપવાના હોય છે) વગેરે પુસ્તકાલયમાં હોય જ. મુખ્ય પુસ્તકાલય રજાઓ સિવાય સવારના સાતથી રાતના અગિયાર વાગ્યા સુધી ખુલ્લું રહે છે. એ જ રીતે રમતગમત માટે ફૂટબૉલના સ્ટેડિયમ સાથે મોટા અખાડાઓ પણ હોય છે. સ્નાનાગાર પણ હોય જ. વિદ્યાર્થી ટેનિસ, સ્વિમિંગ વગેરે શીખી શકે છે. રમતગમતનું મહત્ત્વ આપણી યુનિવર્સિટીઓ કરતાં અહીંયાં વધારે હોય છે. શ્રમ માટે વિદ્યાર્થીઓ નિયમિત દોડતા અને તરતા હોય છે.

મોટા ભાગની યુનિવર્સિટીઓનું વિગતવાર માહિતી આપતું પોતાનું પુસ્તક (catalogue) પણ હોય છે. આમાં પદવીઓ માટેની જરૂરિયાતની વિગતો હોય છે. દરેક વિભાગના અધ્યાપકો અને અભ્યાસક્રમોનું વિગતવાર વર્ણન હોય છે. અધ્યાપકોનાં નામ અને કઈ જગ્યાએથી ડિગ્રી મળી તેની પણ માહિતી હોય છે.

દરેક સત્રમાં યુનિવર્સિટીઓ સમયપત્રકની પુસ્તિકા બહાર પાડે છે. એ પુસ્તિકામાં કયા કયા અભ્યાસક્રમો, ક્યારે, કયા રૂમમાં અને મકાનમાં, અને કોણ શીખવશે તેની માહિતી હોય છે. આ સાથે સત્રના અંતે લેવાતી પરીક્ષાઓનું સમયપત્રક પણ હોય છે. સત્રના છેલ્લા અઠવાડિયામાં ફક્ત પરીક્ષાઓ જ હોય છે.

## પદવીદાન સમારંભ

શૈક્ષણિક વર્ષનો અંત પણ યાદ રહી જાય તેવો હોય છે. મે કે જૂન મહિનામાં વર્ષનો અંત આવે છે. સત્રની અંતિમ પરીક્ષાઓ અઠવાડિયાના શુક્રવારે પૂરી થાય અને બીજા જ દિવસે એટલે કે શનિવારના રોજ પદવીદાન સમારંભ હોય છે. જે વિદ્યાર્થીઓનું ભણવાનું પૂરું થયું હોય અને પદવીદાન સમારંભમાં ભાગ લેવાના હોય તેમનું કુટુંબ - ભાઈઓ, બહેનો, મા, બાપ, દાદા, દાદી, કાકા, કાકી વગેરે હાજર રહે. સાચા અર્થમાં કુટુંબનો યાદગાર પ્રસંગ ! અમેરિકાની સરકાર પણ આ પ્રસંગને મહત્ત્વનો ગણે છે. સામાન્ય સંજોગોમાં ટૂરિસ્ટ વિસા મેળવવા સહેલા નથી, પણ જો તમે પદવીદાન સમારંભમાં જવા માટે ટૂરિસ્ટ વિસા માગો તો સામાન્ય રીતે મળે. દૂર દૂરથી પદવીદાન સમારંભમાં ભાગ લેવા માટે સગાંસંબંધીઓ આવે. શુક્રવારે યુનિવર્સિટીવાળા શહેરમાં માણસો, માણસો જ હોય. મોટેલમાં અગાઉથી રૂમ નોંધાવી ન હોય તો તે દિવસે જગ્યા ન મળે. મોટેલોમાં, રેસ્ટોરન્ટમાં, દુકાનોમાં, રસ્તાઓ ઉપર માણસો માણસો જ હોય ! શનિવારે જુદી જુદી સ્કૂલ કે કૉલેજના જુદી જુદી જગ્યાએ ને જુદા જુદા સમયે પદવીદાન સમારંભ હોય. પદવીદાન સમારંભમાં ભાગ લેવા સરઘસ આકારે બૅન્ડ, ખૂલતો કાળો ઝભ્ભો અને ઉપર કાળી ટોપી પેરેલા વિદ્યાર્થીઓ, ખૂલતા કાળા ઝભ્ભા અને તેના ઉપર વેલ્વેટની સુંદર રંગની કિનારી અને ઝભ્ભા ઉપર જુદી જુદી યુનિવર્સિટીઓના જુદા જુદા રંગોવાળા વેલ્વેટના પટ્ટાઓ અને માથે સુંદર મજાની કાળી ટોપી અને તેના ઉપર સોનેરી દોરીનો લટકતો ગુચ્છો પહેરેલા અધ્યાપકો, છેલ્લે અધ્યાપકોના જેવા જ પોશાકમાં ડીન, ઉપપ્રમુખ, અને આમંત્રિત મહેમાનો સ્ટેડિઅમમાં કે હૉલમાં આવે. સ્ટેડિયમમાં કે હૉલમાં વિદ્યાર્થીઓનાં સગાંસંબંધીઓ અને પ્રેક્ષકો હોય. બધું ભવ્ય લાગે ! યુનિવર્સિટીના પ્રમુખ વિદ્યાર્થીઓને ડિગ્રીઓ આપે, વિદ્યાર્થીઓને સંબોધે અને શિખામણ આપે. આવ્યા તે જ રીતે અધ્યાપકો, પ્રમુખ સાથે સરઘસ આકારે સ્ટેડિયમ કે હૉલ બહાર જાય. સમારંભનો અંત આવે. દરેક ભાગ લેનાર માટે બાંધેલા ભવ્ય મંડપમાં લીંબુનું શરબત કૉફી, ચા, બિસ્કિટ, શેકેલી બદામ વગેરે હોય. જરાય ગિરદી વગર, શાંતિથી બધાં જે અનુકૂળ લાગે તે લે. પદવી લેનાર માટે પદવીદાન સમારંભ પછી તેમના વિભાગોમાં વિદાયની પાર્ટી હોય. આનંદ, આનંદ અને આનંદ જ સર્વત્ર દેખાય. સોમવારના દિવસે ફરવા નીકળે તો યુનિવર્સિટીનું શહેર અને કેમ્પસ ભૂતિયું લાગે ! નવું સત્ર શરૂ થાય અને નવા વિદ્યાર્થીઓ આવે ત્યાં સુધી શહેર અને કેમ્પસ રજા ઉપર ઊતરી જાય !

**(કુમાર ૯૪૧, મે-૨૦૦૬ પૃ. ૩૧૯-૩૨૩; ૯૪૨, જૂન ૨૦૦૬, પૃ. ૩૭૮-૩૮૧ માંથી સાભાર)**

**– વિઠ્ઠલભાઈ અ. પટેલ**

**નરસિંહજીના મંદિર પાસે, ઊવારસદ રોડ, શેરથા, તા. ગાંધીનગર**

# મનુભાઈ પંચોળીની વિચારયાત્રા

**સંપાદક : મહેન્દ્ર મેઘાણી**

## નાનપણનાં અપમાનોનો બદલો

અપમાન અને નિરાશાના જે અનુભવો બાળકોને આપણાં ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે, તે બાળકો ભૂલી નથી જતાં. તે મૂંગાં રહે છે, પણ ચિત્તના ચોપડામાં તેઓ સમાજને ખાતે એ ઉધારી રાખે છે. મોટાં થતાં જ તે ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી વસૂલ કરે છે. બાળકે નાનપણમાં અપમાનના અનુભવ કર્યા હોય છે, એટલે મોટી ઉંમરે તે કોઈને ને કોઈને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી. તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીણપત આપી; તેને થયું કે આનો બદલો કેમ લેવો ? પોતાનાથી કોઈ નાનો મળશે તેને તે દબડાવશે.

✳

## સમાજદ્રોહ શીખવતી કેળવણી

આજની ભૂંડી કેળવણીથી માણસ નર્યા સ્વાર્થ સિવાય કશું શીખતો નથી. હરામનાં હાડકાં કરવા અને સમાજદ્રોહ કરવા સિવાય બીજી કોઈ વૃત્તિ તેનાથી પોશાતી નથી. આપણે કહીએ છીએ કે કામ કરનારા નથી મળતા. પણ શેના મળે ? આ શિક્ષણથી તો કામ ન કરે તેવાની જ સંખ્યા વધશે. આજની કેળવણી સામે આપણે બંડ ઉઠાવવું જોઈએ. આ-ની  આ કેળવણી ચાલુ રહી, તો નવી પેઢી સમૂળગી પાંગળી અને સ્વાર્થી, સમાજદ્રોહી અને દેશદ્રોહી બની જશે.

✳

## ઉજ્જ્વળ ભાવિ માટેનું મૂડીરોકાણ

આજે આપણા શિક્ષણની એક બહુ મોટી ખામી એ છે કે એક એક શિક્ષકના હાથ નીચે ઘણા વધારે વિદ્યાર્થીઓ મૂકવામાં આવે છે. પ્રાથમિક શાળામાં તો એકએક વર્ગમાં ૬૦-૭૦ બાળકો હોય છે. શિક્ષકો પોતે જ કહે છે કે, અમે એમને ભણાવતા નથી, માત્ર સાચવીએ છીએ. પણ શિક્ષકની પાસેથી આપણે અપેક્ષા રાખીએ છીએ બાળકના સર્વાંગી વિકાસની, ચારિત્ર્યગઠનની. ભારેમાં ભારે જવાબદારી સોંપીને ઓછામાં ઓછી અનુકૂળતા આપવાની પ્રથા અત્યારે શિક્ષકના વ્યવસાયમાં છે. કોઈ કહેશે, શિક્ષક દીઠ એટલા થોડા વિદ્યાર્થીનું પ્રમાણ રાખીએ, તો તો શિક્ષણ કેટલું મોંઘું થઈ જાય ! પણ જો બંધો કે નહેરો બાંધવાનું કામ મોંઘું હોય તો શિક્ષણનું કામ સોંઘું હોવું જોઈએ તેવી અપેક્ષા કેમ રાખવામાં આવે છે ? પોતાનું ભાવિ ઉજ્જ્વળ કરવા માટે પ્રજાએ સારું એવું મૂડીરોકાણ કરવું પડશે.

✳

## શરદચંદ્રની સાહિત્યગંગા

૧૯૩૦થી ૧૯૪૦ના ગાળામાં શરદ-સાહિત્યની ગંગા જ ગુજરાતમાં ઊતરી. ગાંધીજીના વિચારોમાં ઔદાર્ય, સહિષ્ણુતા ને આત્મબલિદાનના જે ઉન્મેશો હતા, તે જ કલાના માધ્યમ દ્વારા સજીવ થઈને શરદ-સાહિત્યમાં મારી સમીપે આવ્યા.

ગાંધીવિચારનો મર્મ સુધીનો જે અનુભવ મને કાકાસાહેબ કે કિશોરલાલભાઈમાં નહોતો થયો, તે શરદચંદ્રમાં થયો. મારા ચિત્તના ઊર્ધ્વીકરણમાં સહજભાવે અનન્ય સહાય કરી હોય તો તે શરદચંદ્રે. કયા રસથી સ્ત્રી-સમુદાયને નીરખવો ? શરદચંદ્રે એ દૃષ્ટિકોણ આપ્યો. શરદચંદ્રનાં સ્ત્રીપાત્રોએ જાણ્યો છે તેવો પ્રેમ તો કોઈએ જાણ્યો નથી. પણ એ બધી સંયમની મૂર્તિઓ છે. આ સંયમ વડે તેઓ પ્રેમને મહિમાવંત કરે છે. તેમના ચિત્તની અલૌકિક સમૃદ્ધિના તેજમાં શરીરની વાસનાઓ ક્ષીણ થઈ જાય છે. જીવનની આ મૂળભૂત ને પ્રબળ વાસનાના ઊર્ધ્વીકરણ વિશે શરદચંદ્રે જાણે જીવનભર મનોહારી વિશ્લેષણ કર્યા કર્યું છે.

✳

## આવાં ધાર્મિક સ્ત્રી-પુરુષો હોવા છતાં

ગઈ સદીનાં કેટલાંયે દૃઢ મનોબળવાળાં, સહજ તપ કરવાવાળાં સ્ત્રી-પુરુષોનાં હૃદયસ્પર્શી શબ્દચિત્રો શ્રી મુકુન્દરાય પારાશર્યે આપ્યાં છે, એ વાંચતાં હું ઘણીવાર ગદ્‌ગદ થયો છું. પણ હરેક વાચને મને થયું છે કે, આવાં માર્મિક સ્ત્રી-પુરુષો હોવા છતાં આ દેશ ગુલામ કેમ બન્યો ? અહીં અસ્પૃશ્યતા શા માટે ? અહીં સતીનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સ્ત્રીઓને તુચ્છ ગણવાનો ચીલો કેમ ? શા માટે આ ધાર્મિક પુરુષો કે સ્ત્રીઓનું ધ્યાન એ બાજુ ન ગયું ? અને ગાંધીએ એ જ તપ ને ધર્મવૃત્તિનું આચરણ કર્યાં છતાંયે, એ જ ગુલામી અને એ જ દૂષણો સામે શા કારણે બળવો કરતાં શીખવ્યું ?

✳

## આપણે જ સોંપી દીધેલો દેશ

ગાંધીજીએ કહ્યું છે કે, 'અંગ્રેજોએ હિંદુસ્તાન જીત્યું નથી, પણ આપણે તેમને સોંપી દીધું છે.' અંગ્રેજો થોડા હતા, ને આપણે તો અસંખ્યા હતા. આ થોડાએ અસંખ્યને કેમ હરાવ્યા ? અંગ્રેજોને લશ્કરના સિપાહીઓ ને વહીવટદારો કોણે પૂરાં પાડ્યા ? આપણે જ એમના સિપાહી થયા, વહીવટદાર થયા. આપણે જ એમને આપણો દેશ સોંપી દીધો. જમાનો બદલાતો ગયો, પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં તે જ કૂંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ, આ બધાં અપલક્ષણો સાથે આપણે નવી રાજ્યપદ્ધતિ, નવું બંધારણ લાવ્યા. પણ આપણે તો જૂના ને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ભણેલા (ખરી રીતે ભૂલેલા) ભણેલા માટે, બધું જૂનું માનસ અકબંધ રહ્યું.

અંગ્રેજો ગયા, ગોરા સાહેબોને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે, એ જાતની જાગૃતિ નથી, જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તે જાતના પ્રજાકીય શિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, એવું કાંઈ કાંઈ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળાં તત્ત્વો સત્તા પર આવશે.

✳

## "શીંગડાં માંડતાં શીખવશું !"

ગાંધી પાસેથી અમે સમજ્યા કે વિદ્યાર્થીઓ ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય, તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ. કોઈવાર બાળકોના વાલીઓ પૂછતા : "મારા છોકરાને નોકરી મળશે ?" હું કહેતો : "મળે પણ ખરી, ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી."

"પણ તમે બીજું શું શીખવો છો ?"

"જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું ?"

પછી તેની સામે આંખ નોંધી હું પેલા બકરીના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને પોતાને કૂતરાં, નાર, બધાં ખાઈ જાય છે – તેમાંથી બચવું કેમ તે અંગે કાકલૂદી કરવા લાગ્યું, અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો : ''બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, 'હું તો તારો દાદો છું ને ? એ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એક બટકું ભરી લેવાનું ! તો જરા શીંગડાં માંડતાં શીખ્ય. તને મેં આ શીંગડાં શા સારુ આપ્યાં છે ?' – બાપા, અમે આ શીંગડાં માંડતાં શીખવવાના છીએ !''

✳

## ''પણ તમે એટલું ઉમેરો''

ઘણાં વરસો પહેલાં કેટલાક શિક્ષકો મારી પાસે આવેલા. તેમણે કહ્યું કે, ''અમે સરકારને એક નિવેદન કરવા માગીએ છીએ કે શિક્ષકોને ઓછામાં ઓછો રૂ. દોઢસોનો પગાર મળવો જોઈએ. તમે તેની નીચે સહી કરો.'' મેં કહ્યું, ''જરૂર સહી કરું. પણ તમે એટલું ઉમેરો કે શાળાના પટાવાળાઓને ઓછામાં ઓછો રૂ. ૧૦૦નો પગાર મળવો જોઈએ.''

✳

## કાવડ ઉઠાવનારા ક્યાં છે ?

જે દિવસે રેલવે ને તારટપાલ નહોતાં, ત્યારે પણ કાશીનું ગંગાજળ દક્ષિણમાં છેક રામેશ્વર સુધી લઈ જનારા કાવડિયા હતા. આજે રેલ-તારટપાલ કે રેડિયો ચારે બાજુ ફેલાયાં છે, છતાં સર્જનનું ગંગાજળ વહી જનારા કાવડિયા ક્યાં છે ? જ્ઞાન-વિજ્ઞાનની ગંગાને ખેતરે ને ઝૂંપડે પહોંચાડનાર ક્યાં છે ? કાવડ ઉઠાવનારા ક્યાં છે ? 'તુલસી-રામાયણ' કે 'સરસ્વતીચંદ્ર' જેવી કૃતિઓ બધા રચી શકતા નથી, પણ તેમાં રસ લેવાનું-લેવરાવવાનું, તેનો પ્રચાર કરવાનું ઘણા કરી શકે. મધ્યયુગમાં સાધુ-સંતો ને માણભટ્ટોએ 'વેદાંત'ને ચોરા-ચોક ને ભજન-મંડળીઓ સુધી સુલભ કરી દીધું, તેથી 'વેદ'નો જ્ઞાનપ્રવાહ વહેતો રહ્યો. આજે સર્જન પણ એ જ માગે છે. એને માટે કાવડિયા જોઈએ છે.

✳

## મનુષ્યને સમજવાની ચાવીઓ

દરેક મનુષ્યને હૃદય મળેલું છે. આ સાહિત્ય છે તે એ હૃદયની વાત કહે છે. હૃદયનાં ઊંડાણની, હૃદયનાં તોફાનોની, હૃદયની મલિનતાની, હૃદયની શુદ્ધતાની, હૃદયમાંથી પ્રગટ થતા ભગવાનની, હૃદયમાં પ્રગટ થતા શેતાનની, અને એ શેતાન ને ભગવાનના ઝઘડાની, ને એ ઝઘડામાંથી ધીમે ધીમે શેતાન કેમ ભગવાનમય થતો જાય છે એની વાર્તા.

આ સાહિત્યપદાર્થમાં મનુષ્યને સમજવાની, મનુષ્ય પ્રત્યે અપાર સહાનુભૂતિ કેળવવાની શક્તિ હોય છે. જે બધા મોટા સાહિત્યકારો થયા છે. તેમણે સંસ્કૃતિની મોટામાં મોટી સેવા કરી હોય, તો તે એ કે મનુષ્યને સમજવાની ચાવીઓ એમણે આપી છે.

✳

## દુનિયાનાં ઘા-ઘારાં કેમ રુઝાશે ?

નાનાભાઈએ કેળવણીને અમૃતસંજીવની માની હતી. એ સંજીવનીની શોધની આડે આવતાં ધન, માન, પદાધિકાર કશાય ડંખ વિના છોડ્યાં હતાં. સંસ્કૃત સાહિત્ય તેમને અત્યંત પ્રિય હતું. પણ જે ઘડીએ તેમને ખબર પડી કે સમાજને સજીવન રાખવા માટે નાનાં બાળકોની કેળવણી જ અગત્યની છે, એટલે તરત જ 'બાપા, કાગડો !' જેવી વાર્તા 'શાંકુતલ'ના જેટલા જ રસથી કહેવા માંડી. એક દહાડો એમને દેખાયું કે સાચી કેળવણીમાં ઉત્પાદક

શ્રમ, આ દેશમાં વિશેષ કરીને ખેતી-ગોપાલન, હોવાં જોઈએ, ને બીજી જ પળથી તેમણે ખેતીવિજ્ઞાન શીખવા-શીખવવા માંડ્યું; જાતે નીંદામણ કર્યું, લણ્યું, પાળા બાંધ્યા, ગાયો ચારવા પણ ગયા. એમને પ્રતીતિ હતી કે કેળવણી દ્વારા જ આ દુનિયાનાં ઘા-ઘારાં છેવટે રુઝાશે. કેળવણી દ્વારા લોકારાધ્યન એ તેમનો યજ્ઞ હતો. છતાંય તેમને લોકરંજન નહોતું કરવું. એટલે તો હરિજનોના પ્રશ્ને તેમણે લોકો સાથે કદી સમાધાન ન કર્યું, અને એક વાર તો શાળા બંધ થવા દીધી. લોકોનું, રાજ્યનું વિદ્યાર્થીઓનું કે સાથી કાર્યકરોનું રંજન કરવાનું તેમણે વિચાર્યું જ નહોતું.

✳

## કૉર્ટો-જેલોનું ખર્ચ ઘટાડવા માટે

પ્લેટોએ કહ્યું છે કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. જે સમાજ પોતાનાં બાળકો માટે સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ-વ્યવસ્થામાં જ યોજ છે, તેને કૉર્ટો-જેલોનું ખર્ચ ઓછું કરવું પડે છે. આત્મસંયમ નથી ત્યાં પ્રશાસન લાવવું પડે છે. આ આત્મસંયમ અંતઃતૃપ્તિથી આવે છે. જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે, તેને બીજાનાં કામમાં ડખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ નથી હોતી. આપણામાંના મોટા ભાગને આંતરતૃપ્તિ નથી, માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજ ખડકીને મોટા થવાનો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

✳

## અમૃતસમી નવલકથા 'ઘરે-બાહિરે'

બંગાળના ભાગલા પડ્યા. બંગભંગ-વિરોધી ચળવળમાં રવીન્દ્રનાથે ઉત્સાહથી ભાગ લીધો. પણ એ દરમિયાન એમને અનુભવ થયો કે દેશને પરદશીઓની ચૂડમાંથી છોડાવવા શરૂ થયેલ આ હિલચાલમાં સોનું ઓછું ને ગિલેટ ઝાઝું હતું, ને તેઓ પાછા હઠી ગયા. લોકો તેમની ટીકા-નિંદા કરી. તેમની દેશભક્તિ પર શંકાઓ થઈ. પણ કવિ ન ડગ્યા. ઊલટું, બધી ટીકા-નીંદા-શંકા વાગોળી-પચાવી અમૃતસમી નવલકથા 'ઘરે-બાહિરે' આપી કવિપદને સાર્થક કર્યું. કથા દ્વારા જે બોધપાઠ આપ્યો છે તે છે પ્રેયને છોડી શ્રેયને પસંદ કરવા જતાં આવનારાં પરિણામનો, શીલને મૂકી શક્તિની પાછળ દોટ મૂકવા જતાં આવતી આફત-પરંપરાનો. ગાંધીજીના સાધનશુદ્ધિના આગ્રહને જેણે યથાર્થ રીતે સમજવો હોય, તેને માટે 'ઘર-બાહિરે'થી કોઈ વધારે સહાયક કૃતિ નથી.

✳

## ત્રણ મહાન ગ્રંથોના સરળ સંક્ષેપ

બાળવયે મને રસ, ભાવના ને વીરોદ્રેકથી તરબોળ કરી મૂક્યો હોય, તો એ 'નર્મગદ્ય'માં સંઘરાયેલ 'ઇલિયડ', 'રામાયણ' અને 'મહાભારત'ના સારભાગે. આ ત્રણ મહાન ગ્રંથોના સરળ છતાં સજીવ સંક્ષેપો મને એ ઉંમરે વાંચવા મળ્યા, તેને હું મારા જીવનનું એક પરમ સૌભાગ્ય ગણું છું. 'ઇલિયડ'નું સારદોહન એટલું રસાળ ને સચોટ હતું કે મને એ કથામાં પરદેશીપણું ન લાગ્યું. ગ્રંથ ઉત્તમ હોય ને તેને પચાવીને ઉતારનાર જો કલાકાર હોય, તો પરદેશની કૃતિ પણ સ્વાદિષ્ટ લાગે છે એટલું જ નહીં, એનાથી પરભોમમાં વિકસેલાં શીલ અને સૌંદર્ય તરફ મમતા પણ જાગે છે.

✳

## ભણાવવું એટલે મરદાનગી આપવી

ભણાવવું એટલે શું ? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું

શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે. ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છે – સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. એ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું છે.

*

## સાધુતા તરફની યાત્રા

માણસ ઘરમાં રહે કે આશ્રમમાં, લૂગડાં ધોળાં પહેરે કે ભગવાં, તે મહત્ત્વનું નથી. અગત્યની વાત એ છે કે ઈશ્વરે આપણને જે કાંઈ જ્ઞાન-ધન કે સત્તા આપ્યાં છે, તેનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ. સાધુનું લક્ષણ એ છે કે તે બીજાનો વિચાર કરીને ચાલે છે. જેમ માતા બાળકનું દુઃખ પોતે અનુભવે છે તેમ સાધું બીજાનું દુઃખ અનુભવે છે. આવું સાધુત્વ દરેક માણસ કેળવી શકે છે. આપણે શિક્ષક હોઈએ કે ડૉક્ટર, વેપારી હોઈએ કે ગૃહિણી, પણ આપણે પરદુઃખે દુઃખી થઈએ, બીજાના દુઃખને ટાળવાનો પ્રયત્ન કરીએ, એટલે સાધુત્વની દિશામાં આપણે આગળ વધ્યા. જેટલી સ્વકેન્દ્રિતા ઓછી, તેટલું સાધુત્વ વધારે. પંડિતો પણ સ્વકેન્દ્રી હોય છે, ગરીબો પણ સ્વકેન્દ્રી હોય છે. આ સ્વકેન્દ્રિતા તે છે સંસાર. આપણે સંસારમાંથી સાધુત્વ તરફ યાત્રા કરવી છે, અહંકાર ઓછો કરવો છે. સાવ એ જશે એવું કદાચ નહીં બને. પણ આપણાથી થાય તે થોડું થોડું કરતા રહેવાનું છે.

*

## 'એ ધર્મ કદી ન તજી શકું !'

રામચંદ્રજી વનવાસ માટે નીકળ્યા ત્યારે હથિયાર ધારણ ન કરવાનો નિશ્ચય કરેલો. રસ્તામાં એક આશ્રમ આગળ હાડકાંનો ઢગલો જોઈને પૂછ્યું કે, આ શું ? ત્યારે આશ્રમવાસીઓએ જણાવ્યું કે, આ છે ઋષિઓનાં હાડકાં; રાક્ષસો આવીને અમને ઉપાડી જાય છે અને પછી હાડકાં અહીં નાખી જાય છે. આથી આવેશમાં આવીને રામચંદ્રજી કહે : 'આશ્રમવાસીઓ, તમે નિરાંતે જપ-તપ-ધ્યાન કરો, આવા રાક્ષસોને હું હણીશ.' અને પછી સીતાજીને કહ્યું : 'લાવો મારાં ધનુષ્યબાણ !' સીતાજીએ ધનુષ-બાણ આપ્યાં ને હળવેકથી કહ્યું : 'તમે તો હથિયાર હાથમાં ન લેવાનું વ્રત લીધું છે ને ?' રામચંદ્રજી આવેશથી બોલ્યા : 'હું તને તજી શકું, લક્ષ્મણને તજી શકું, પણ આર્તત્રાણને બચાવવાનો મારો ક્ષત્રિયનો ધર્મ કદી ન તજી શકું.'

*

## સંસ્કારિતા આપોઆપ આવતી નથી

સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે, તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કારવારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય, તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુબહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે.

*

## સાહિત્યસેવન એટલે આનંદ-તપસ્યા

સારી સાહિત્યકૃતિની એક ખાસિયત ધ્યાન રાખવા જેવી છે : એ કૃતિ તેનું સમગ્ર સ્વરૂપ પહેલા વાચને જ પ્રગટ કરી દે છે તેવું નથી. ઉત્તમ કૃતિ કુલ-કન્યા છે. વારંવારના અનુનય પછીથી તે પ્રાપ્ત થાય છે. કોઈ પણ સારી કૃતિ પ્રથમ વાચને તેનું

સમગ્ર સ્વરૂપ આપણને બતાવી દે જ, તેવું નથી. વાચન પણ એક તપ છે. તેમાં પણ બહારના રસો થંભાવી દઈ, કૃતિ સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે છે. વસ્તુતઃ સાહિત્યસેવન એ આનંદ-તપસ્યા છે. તેમાં આનંદ છે માટે લહેર જ લહેર છે, કાંઈ તપસ્યા નથી, એવું નથી.

*

## સારપ અને સમજણ અલગ છે

સ્વરાજ આવ્યું, લોકશાહી લાવ્યા, સમાનતા, સમાજવાદ, આયોજન, બિનસાંપ્રદાયિકતા જેવા કાંઈ કાંઈ મોટામસ શબ્દો ચલાવ્યા. પણ તેનો અર્થ પ્રજા સુધી કાંઈ પહોંચ્યો ખરો ? ફુગાવો શા માટે છે ? એ કેમ મટે ? તે બાબતમાં લોકો કાંઈ જાણે છે ખરા ? મધ્યયુગમાં યજમાન ન સમજે તેવા મંત્રોથી બ્રાહ્મણો યજ્ઞ ચલાવતા, તેવાં જ અર્થહીન ભાષણો રાજકીય નેતાઓ આજે કરે છે. લોકો તે સમજતા નથી, ઝટ સમજે તેમ પણ નથી. તેમને સમજાવવાની ધીરજ નેતાઓમાં નથી. અંગ્રેજો અહીં આવ્યા ત્યારે આ દેશની ખેતી, વિલાયતના કરતાં સારી હતી, ગ્રામોદ્યોગો સારા હતા, એટલે તો ધન મેળવવા અહીં આવેલા. તેઓ તો આપણાથી ગરીબ હતા જ. પણ સામાજિક, રાજકીય, વૈજ્ઞાનિક વિચારોમાં તે આગળ વધી ગયા. આપણે નવું કાંઈ શીખ્યા નહીં. પરિણામે આપણે હાર્યા. સારા માણસો તે વખતે પણ હતા જ. પરંતુ સારા અને સામાજિક રીતે સમજુ બંને અલગ છે. સારા માણસો પણ સામાજિક રીતે અણસમજુ હોઈ શકે છે, તે વખતે હતા, આજે પણ છે.

*

(નોંધ : 'સાત વિચારયાત્રા'ના પ્રકાશન અને વિનામૂલ્યે વિતરણનું શ્રેય શ્રી ધીરુભાઈ ઠાકરને જાય છે. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી તેમને ૨૦૧૧માં અર્પણ થયેલા વીર નર્મદ પુરસ્કારની સંપૂર્ણ રકમ રૂ. ૫૧,૦૦૦ તેમણે લોકમિલાપને સોંપી અને સૂચવ્યું કે તેને યોગ્ય લાગે તેવા પ્રકાશન માટે તે વાપરવી. તે મુજબ લોકમિલાપે (લોકમિલાપ, પો.બો.-૨૩, સરદાર નગર, ભાવનગર) આ પુસ્તિકાની ૭,૦૦૦ નકલ પ્રગટ કરી છે. તેનું વિનામૂલ્યે વિતરણ હાઈસ્કૂલો, કૉલેજો અને સાર્વજનિક પુસ્તકાલયોમાં થઈ રહ્યું છે.

ધીરુભાઈ પ્રેમશંકર ઠાકરનો જન્મ ૧૯૧૮માં થયેલો. બી.એ. થયા પછી મુંબઈની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક બન્યા. ગુજરાતી સાહિત્યના અધ્યાપનની તેમની કારકિર્દી ૧૯૪૦માં આરંભાઈ, તે ૧૯૭૮માં નિવૃત્તિ સુધી ચાલી. ત્યારબાદ ૧૯૮૫માં અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના થઈ, તેના મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી એમણે સંભાળી. 'વિશ્વકોશ'ના ૨૫ ગ્રંથોનું પ્રકાશન ૧૯૮૯થી ૨૦૦૯ સુધીમાં થયું. તે પછી વિવિધ ગ્રંથોની સંવર્ધિત આવૃત્તિ બહાર પડતી રહે છે.

વિવેચક-સંશોધક-સંપાદક અને નાટ્યવિદ્ ધીરુભાઈ ઠાકરે ગ્રંથાવલોકનના લેખો લખવાની શરૂઆત ૧૯૪૬માં 'રેખા' માસિકમાં કરેલી. 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' નામના તેમના પુસ્તકનું નવસંસ્કરણ પાંચ ભાગમાં ૨૦૦૭માં પ્રગટ થયું. તે અગાઉ ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૯૪નો રણજિતરામ ચંદ્રક તેમને અર્પણ થયેલો. ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ તેમણે સંભાળેલું.

આ દૃષ્ટિવંત, અનુકરણીય અને નિઃસ્વાર્થ સેવાપરાયણ જ્ઞાનયજ્ઞ માટે 'ગુજરાતી વિશ્વકોશ'ના આર્ષદ્રષ્ટા મુ. શ્રી ધીરુભાઈ ઠાકર સાહેબને સર્વ વિદ્યાલય પરિવાર શત્ શત્ વંદન પાઠવે છે. અને સુસ્વાસ્થ્યપૂર્ણ શતાયુની કામના કરે છે. કવિ ભવભૂતિનાં શબ્દોમાં 'लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।'

# વિદ્વત્તાનું પ્રમાણ

પ્રો. પી. સી. પટેલ

સર્વ વિશ્વ વિદ્યાલય-વૃત્તમાં 'ગૌણઅણુ કણ હિગ્ગ્ઝ બોઝોન' પર શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો માહિતી-જ્ઞાન-સભર લેખ વાંચ્યો. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ જે હતા અને છે તેના કરતાં આ લેખ દ્વારા કંઈક જુદા સ્વરૂપે પેશ આવે છે. તેઓશ્રી મેથેમેટિક્સના ઍમિરિટસ - પ્રતિષ્ઠિત - સન્માનનીય - પ્રાધ્યાપક છે. પાંચેક દસકા પહેલાં તેઓ શુદ્ધ ગણિતશાસ્ત્ર ભણ્યા અને થોડાંક સમય માટે તે વિષયનું શિક્ષણ આપ્યું.

પહેલાં તો 'સુગણિતમ્' સામયિકના માધ્યમ દ્વારા તેમની સંલગ્નતા બાબતે તેમને જોવાના રહે છે. સુગણિતમ્‌ના આદ્યસંસ્થાપક-તંત્રી પ્રા. પ્ર. ચુ. વૈદ્ય હતા. ગણિતક્ષેત્રે સુગણિતમે ગુજરાતમાં સમૂળી ક્રાંતિ કરી છે. કર્મકાંડીય ગણિતમાંથી મુક્તિ અપાવીને વિભાવનાત્મક ગણિતની રજૂઆત કરવામાં આવી છે. તેમાં ડૉ. વૈદ્યસાહેબનો અમૂલ્ય ફાળો રહ્યો છે. શ્રી વિઠ્ઠલભાઈ ડૉ. વૈદ્યસાહેબના વિદ્યાર્થી (શિષ્ય) વૈદ્યસાહેબ વિધિવત્ રીતે શુદ્ધ ગણિતશાસ્ત્રના અભ્યાસી અને પ્રાધ્યાપક પણ (Radiating Star and radiation pressure)ના સંશોધન ક્ષેત્રે તેઓશ્રી વિજ્ઞાની તરીકે ખ્યાતનામ થયા. વૈદ્યસાહેબની વિજ્ઞાની તરીકે ઓળખ આપવામાં આવે છે ત્યારે ઘણાને આશ્ચર્ય થાય છે.

શ્રી વિઠ્ઠલભાઈ પણ કંઈક આવી રીતે જ સામે આવે છે. છેલ્લા કેટલાક સમયથી તેમના સુગણિતમમાં પ્રગટ થતા લેખોની શ્રેણીને નિયમિત રીતે હું વાચું છું. તેમના લેખો, વ્યાપક રીતે, વિશ્વની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિને લગતા રહ્યા છે. તેમાં તેમણે તારા, ગ્રહો, આકાશગંગા, નિહારિકા અને બ્રહ્માંડના નિર્માણની હકીકતો સૈદ્ધાન્તિક રીતે રજૂ કરી છે. તારાઓના જન્મ-મરણને લગતા ચાર લેખો આપ્યા છે. સંભવતઃ હવે નોવ-સુપરનોવા, ન્યૂટ્રોન તારકો અને બ્લેક હોલના લેખો ક્રમશઃ આવવા જોઈએ. તેમણે અત્યાર સુધીના બધા જ લેખોમાં અદ્યતન માહિતી રજૂ કરી છે. તે જોતાં લાગે છે કે શ્રી વિઠ્ઠલભાઈ શુદ્ધ ગણિત સાથે ખગોળ ભૌતિકવિજ્ઞાનના મહાસાગરમાં ખેડાણ શરૂ કર્યું છે. તેથી તેઓ મને તો Astrophysicistના નવા સ્વરૂપે દેખાય છે. તેમનું આ વળાંકબિંદુ (turning point) લાગે છે. ખગોળ ભૌતિકવિજ્ઞાનના માર્ગે ઝડપી કદમ ભરવા લાગ્યા છે. એટલેથી સંતોષ માને તેવા વિઠ્ઠલભાઈ નથી.

પ્રથમ પંક્તિમાં દર્શાવેલ લેખ પ્રસ્તુત વૃત્તમાં વાંચ્યો. તેમાં તેઓશ્રી ત્રીજા સ્વરૂપે દેખાય છે. દ્રવ્યના બંધારણીય મૂળભૂત કણો ઉપરનો આ લેખ માહિતીસભર અને સંશોધનાત્મક છે. હિગ્ગ્ઝ બોઝોન વિશે ઘણાં છાપાંઓમાં બિનઆધારભૂત લખાણ વાંચ્યું. એક સમયે અવિભાજ્ય ગણાતા પરમાણુથી શરૂ કરીને હિ. બોઝને સુધીની સૂક્ષ્મવિશ્વગાથાનો ઐતિહાસિક ચિતાર આબેહૂબ રીતે શ્રી વિઠ્ઠલભાઈએ આપ્યો છે. હિગ્ગ્ઝ અને હિ. બોઝોન વિશે તેમણે ઉચિત ઉલ્લેખ કર્યો છે. હિગ્ગ્ઝ બોઝોનની વિશેષ અને વિશિષ્ટ જાણકારી

માટે લાર્જ હેડ્રન કોલાઇડર (LHC)નો મહાકાય પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રયોગનો આછેરો ઉલ્લેખ પંદરેક વર્ષ પહેલાં ‘કુમાર’ના અંકમાં કરવામાં આવ્યો છે. બોઝોનનાં લક્ષણો જાણકારી નિર્ણયાત્મક રીતે મળવાની તૈયારીમાં છે. તેને જાણ્યા પછી વિશ્વનાં ઘણાં રહસ્યોનો વિસ્ફોટ થવાની વકી છે. તેને માટે સર્ન (CERN) પ્રયોગશાળાને બિરદાવવી જોઈએ. સફળતા હવે દૂર નથી.

આ લેખ વાંચ્યા પછી વિઠ્ઠલભાઈ Particle Physicist તરીકે ત્રણ સ્વરૂપે પેશ આવે છે.

શુદ્ધગણિતશાસ્ત્રના માર્ગથી ખગોળ-ભૌતિકવિજ્ઞાનના માર્ગે અને ત્યાંથી કણ ભૌતિકવિજ્ઞાનના માર્ગે શ્રી વિઠ્ઠલભાઈનો અભ્યાસપૂર્ણ પ્રવાસ દાદ માગી લે તેમ છે. તેમણે કરેલું આલેખન રસપ્રદ, પ્રેરક અને દૃષ્ટિવંત છે.

અઘરી વિભાવનાના સરલીકરણ અને સ્પષ્ટીકરણ માટે ઉપયોગમાં લીધેલાં દૃષ્ટાંતો (અક્ષર-શબ્દ-વાક્ય, તેટી-તરબૂચ, લોકો અને અભિનેતા, જારના પૂળા જેવાં) સચોટ રીતે આપ્યાં છે. આ બધું વૈજ્ઞાનિક લખાણ ગુજરાતી ભાષામાં કરવા બદલ તેમના ઉપર અભિનંદનની વર્ષા થવી જોઈએ. કારણ કે આ પ્રયાસ ગુજરાતી ભાષાની રક્ષા માટેનું એક પગથિયું છે.

**(પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક,**
**ભૌતિકવિજ્ઞાન વિભાગ, એમ. જી. સાયન્સ**
**ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯)**
**સરનામું : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્ક,**
**ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩**

# પ્રાર્થના – પણ ઉત્તમ કાવ્ય

પ્રાર્થનાની રચના કાવ્યકોટિએ પહોંચી હોય એવું કોઈકોઈ વાર બને છે, ત્યારે આનંદનો પાર રહેતો નથી. સરકારી વાચનમાળાની સાતમી ચોપડીમાં પહેલી જ કવિતા ન્હાનાલાલની હતી. તેની આ કડીની એક મોટી વિશેષતા એ છે કે તેમાં કવિશ્રીની એક નોંધપાત્ર શક્તિ પ્રગટ થાય છે. પ્રાચીન સંસ્કૃત ભાવના-ઉદ્‌ગારોનો મર્મ ભાવવાહી રીતે ગુજરાતીમાં લઈ આવવાની ન્હાનાલાલની શક્તિ અજોડ છે. આ કડીમાં ‘ઉપનિષદ’ની પ્રસિદ્ધ પ્રાર્થના – ‘असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्माऽमृतं गमय । – સહજ રીતે ઊતરી આવે છે, મૂળના ઉદ્‌ગારોની ઊંડી તીવ્રતા સાથે. વાચનમાળામાં જોડકણાં જેવું પદ્ય નહીં, પણ સાચી કવિતા આપવી જોઈએ, જેથી ઉત્તમ સંસ્કાર બાળકને મળે. પ્રાર્થના હોય તો તે પણ, ઉત્તમ પ્રકૃતિકાવ્ય હોય એ રીતે, ઉત્તમ પ્રાર્થનાકાવ્ય હોવું જોઈએ. બાળપણમાં મળેલી પ્રાર્થનાઓના સંસ્કાર જીવનભરનું ભાથું બની રહે છે એટલે તો ખાસ.

*ઉમાશંકર જોશી*

# ગ્રંથસૌરભ

**ભગવદ્ ગીતાનો કર્મયોગ / પ્રવક્તા : પ. પૂ. ગુરુજી ભાનુવિજયજી મહારાજ; સંકલન : મધુસૂદન કૃ. સોની – સાગોડિયા : સર્વમંગલમ્ આશ્રમ; પાટણ : સર્વમંગલમ્ પરિવાર આશ્રમ, ૨૦૧૧–૨૦૧૨. ૨ ભાગ. (૨૦૪, ૧૯૮ પૃ.) કિં. રૂ. ૨૦૦ –**



'શ્રીમદભગવદ્ગીતા'માં ભારતીય ધર્મ–દર્શન–ચિંતનનો અર્ક પ્રસ્તુત થયો છે. આ ગીતા ગ્રંથની રચના વેદવ્યાસજીએ 'મહાભારત'ના ભીષ્મપર્વના અધ્યાય ૨૫થી ૪૨ અંતર્ગત કરી છે. પરંતુ ગીતા એક સ્વતંત્ર ગ્રંથ તરીકે ખ્યાતિપ્રાપ્ત છે, જે ૧૮ અધ્યાયોમાં વિભાજિત છે અને કુલ ૭૦૦ શ્લોકોમાં સુગ્રથિત છે. આદિ શંકરાચાર્યથી શરૂ કરીને અનેકવિધ સમ્પ્રદાયોના આચાર્યો જેમ કે મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેએ પોતપોતાની માન્યતાઓના આધારે ગીતા ઉપર ટીકા ઇત્યાદિની રચનાઓ કરી છે. આ ઉપરાંત ગીતા ઉપર સ્વતંત્ર અધ્યયનો અભિનવગુપ્ત, બાલ ગંગાધર ટિળક, અરવિંદ, ગાંધીજી, વિનોબા, રાધાકૃષ્ણન, ચિન્મયાનંદ, શ્રીપાદ એ. સી. ભક્તિવેદાન્ત પ્રભુપાદ વગેરેએ ઘણી મોટી સંખ્યામાં કર્યાં છે, તેમ જ વિશ્વની ઘણીખરી ભાષાઓમાં તેના ગદ્ય–પદ્ય અનુવાદો પણ પ્રકાશિત થયા છે. ગીતાનો સૌપ્રથમ અંગ્રેજી અનુવાદ ચાર્લ્સ વિલ્કિન્સે ૧૭૮૫માં કર્યો હતો.

ગીતામાં જ્ઞાન–કર્મ અને ભક્તિયોગનો મહિમા ગાવામાં આવ્યો છે. આમ છતાં ગીતાનો પ્રતિપાદ્યવિષય 'કર્મયોગ' રહ્યો છે. મહર્ષિ અરવિંદે પણ નોંધ્યું છે કે 'ગીતાના ઉપદેશનો પ્રભાવ કેવળ તાત્ત્વિક અથવા તો વિદ્વાનો વચ્ચેની ચર્ચાનો વિષય નથી, પરંતુ આચાર અને વિચારક્ષેત્રે એ જીવંત બળ છે. એની અસરનો અનુભવ તત્કાળ થાય છે. વાસ્તવમાં ગીતાનો ઉપદેશ રાષ્ટ્ર તેમ જ સંસ્કૃતિનું પુનરુત્થાન કરતો રહે છે.' આ જ ભાવને કેન્દ્રમાં રાખીને પૂજ્યપાદ મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે સમીક્ષિત ગ્રંથમાં ગીતાના કર્મયોગને ઉજાગર કર્યો છે – કર્મયોગનું મહિમાગાન કર્યું છે.

પ્રસ્તુત ગ્રંથ એ પૂ. મહારાજ સાહેબે ઈ.સ.૧૯૮૨માં પાટણમાં ચાતુર્માસ દરમિયાન અને ત્યાર બાદ શ્રીમદ્ ભગવદ્ગીતા વિશે આપેલાં પ્રવચનોનો સંગ્રહ છે. અહીં મહારાજશ્રીએ ગીતાના ૧૮ અધ્યાયોનું સળંગ શ્લોકાનુસાર રહસ્યોદ્ઘાટન ન કરતાં ગીતાના પ્રતિપાદ્ય વિષય કર્મયોગને કેન્દ્રમાં રાખીને તેની તાત્ત્વિક ચર્ચા કરી છે. અહીં ગીતામૃતમ્‌ના દોહનરૂપ ૮૮ શ્લોકો (સવિશેષત : અધ્યાય ૨(11), ૩(6), ૪(8), ૬(2), ૯(5), ૧૧(2), ૧૨(4), ૧૭(18), ૧૮(32)નો પ્રમુખ આધાર લેવામાં આવ્યો છે. આ બધા શ્લોકોનો મૂળપાઠ અને ગુજરાતી અનુવાદ પણ આપવામાં આવ્યો છે. જો કે ગીતાના કર્મયોગને પથ્યકારક બનાવવા માટે આપણા અનેકવિધ મનીષીઓ ઉદા. તરીકે આનંદઘન, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ્ રાજચંદ્રજી, વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર,

મીરાંબાઈ, અખો, ભર્તૃહરિ, નિષ્કુળાનંદજી વગેરે જ્ઞાની – સંત–ભકત–કવિઓનાં જીવનસંબંધી તેમ જ તેમનાં આર્ષવિધાનોને પ્રસંગોપાત્ત ઉદધૃત કર્યાં છે. આ બધા મનીષીઓનાં કર્મયોગ વિષયક ચિંતનો રજૂ કરવા ઉપરાંત જૈન, બૌદ્ધ, શીખ અને ઇસ્લામ દર્શન સાથે પણ તુલનાત્મક ચિંતન પ્રસ્તુત કર્યું છે. આ ઉપરાંત લોકપ્રચલિત કથાઓ અને દૃષ્ટાંતોને વણી લેવાથી ગીતાનું ચિંતન બોઝિલ ન બનતાં માખણ–મિશ્રી સમ બનવા પામ્યું છે. આમેય, ગુરુજીની ભાષા અને પ્રવચન શૈલી પ્રસાદગુણસંપન્ન હોવાથી અર્થગહન ગ્રંથોનું રહસ્ય શ્રોતાજનો સહજમાં પામી શકે છે.


સમગ્ર કથયિતવ્ય ૫૨ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ગ્રંથારંભે કર્મયોગની આધારશિલા અથવા ઈશ્વરને પામવાની ગુરુચાવી અથવા કહો કે માનવજીવનના સાર્થક અસ્તિત્વના મૂળ આધાર સમ સત્યને ઓળખવા માટે સત્ય એટલે શું ? અને તેનું સ્વરૂપ ઉદ્‌ઘાટિત કરી આપવામાં આવ્યું છે. મહારાજ સાહેબે કહ્યું છે કે 'સત્ય એટલે ધર્મ, મનની પેલે પાર જ્યાં સ્મૃતિ વિલય પામે છે, આકારો શાંત બની જાય છે. એવા નિઃસ્તબ્ધ મૌનની પ્રગાઢ શાંતિમાં સત્યની અનુભૂતિ થાય છે. જ્યાં સત્ય હોય છે ત્યાં ખેદ, વિષાદ, ભાર, ગમો, અણગમો, રાગ, દ્વેષ હોતાં નથી. ત્યાં છે માત્ર નિર્ભેળ આનંદ'. સત્યને પામવા માટે તેમણે ચાર રીતો – જ્ઞાન, ભક્તિ, ધ્યાન અથવા યોગ અને કર્મ – બતાવી છે. ગીતાના મનગઢંત ટીકાકારોને આડે હાથ લેતાં કરેલી માર્મિક ટકોર – 'જુદા જુદા મતવાળા જ્યારે ગીતાનો ઉપદેશ કરે છે ત્યારે એ કૃષ્ણને (ગીતાના પાઠને) નજર સમક્ષ નથી રાખતા, પણ પોતાની જાતને રાખે છે અને ગાંઠનું ઉમેરે છે. આવા કહેવાતા ટીકાકારોએ ધર્મનું જેટલું નુકસાન કર્યું છે. એટલું નાસ્તિકોએ પણ કર્યું નથી' – સુચિંતનીય બની રહે છે. તેમણે સત્યને અભિવ્યક્ત કરવાની શ્રેષ્ઠતમ કળા તરીકે કર્મયોગને શ્રેય આપ્યું છે. આટલી વૈચારિક પૃષ્ઠભૂમિ દર્શાવ્યા બાદ કર્મનો સિદ્ધાંત, કર્મના પ્રકારો – તબક્કાઓ : ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ, કર્તા (સાત્ત્વિક, રાજસી અને તામસી)નાં લક્ષણો, સાત્વિક અને નિષ્કામ કર્મ અને કર્મનું ફળ વગેરે વિશે વિસ્તારથી સ–રસ રીતે સમજાવવામાં આવ્યું છે. આ ઉપરાંત સદ્‌ગુરુ અને સંતોનું મહાત્મ્ય અને તેની આવશ્યકતા, દાન, અનુકંપા, તપ, આહારશુદ્ધિ, વાણીનું તપ, જ્ઞાની કોણ અને તેનું શરણું કેમ ? વગેરે બાબતો કર્મયોગના આચરણમાં કઈ રીતે ઉપયોગી બને તેનું દર્શન કરાવ્યું છે. શ્રીકૃષ્ણને અભિપ્રેત નૈષ્કર્મ્ય સિદ્ધિ અર્થાત્ 'અંતઃકરણની શુદ્ધિરૂપ સિદ્ધિ' કે જેને મહાવીર સ્વામી 'વીતરાગતા' અને ભગવાન બુદ્ધ 'અમૂર્છા' કહેતા તે કઈ રીતે પામવી તે સમજાવતાં મનને સ્થિર કરવા તેને મિત્ર બનાવી આસકિત અને કર્તાભાવનો ત્યાગ કરી નિર્મમ થવા વિવિધ પગથિયાં સૂચવ્યાં છે. ગીતાના ૧૮મા અધ્યાયના શ્લોક નં. ૫૧થી ૫૫ને ગીતાના હાર્દરૂપ ગણાવીને તેને 'બ્રહ્મભૂયાય કલ્પતે'ની ઉપમા આપતાં મહારાજશ્રીએ જણાવ્યું છે કે ભગવદ્‌ગીતાની તમામ ટીકાઓ અને ભગવદ્‌ગીતા ભુલાઈ જાય, પણ આ પાંચ શ્લોકો યાદ રહી જાય તો ગીતાનો સાર અને ભગવાન શ્રીકૃષ્ણ સદાય યાદ રહેશે. આમાં તમામ પ્રકારની સાધનાઓ રહેલી છે. પરમ તત્વને પામવાનો ખજાનો એમાં છે.' ત્યાર બાદ 'સમત્વસિદ્ધિ', 'પ્રપત્તિયોગ' અને છેલ્લે ભારતીય દર્શન – સંસ્કૃતિને અભિપ્રેત એવા 'પૂર્ણ માનવ'નો ખ્યાલ સમજાવીને ચાતુર્માસની પૂર્ણાહુતિના દિને ગીતામૃતના દોહનરૂપ મહારાજ સાહેબના શબ્દો તમે અનાસકત બનો, સાક્ષીભાવે જીવો, આત્મજ્ઞાની બનો, સમત્વભાવે જીવો, નિષ્કામ કર્મ કરનારા બનો અને એ રીતે 'પૂર્ણ માનવ' બનો'' – અંતઃકરણના ઊંડાણમાં ઉતારીને આચરણમાં મૂકવા યોગ્ય છે.

નોંધવું ઘટે કે પૂ. મહારાજશ્રીના ગણેશ શ્રી મધુસૂદનભાઈ સોનીએ પ્રપત્તિભાવનાથી પ્રેરાઈને મહારાજશ્રીનાં પ્રવચનો દરમિયાન તેમનો પ્રત્યેક બોલ ઝીલીને તેનાં ભાવ, ભાષા અને અભિવ્યક્તિને યથાવત જાળવીને તેને સુગ્રથિત ગ્રંથસ્વરૂપ આપ્યું છે. તેમની આ શ્રુતજ્ઞાનકળાને અભિવંદન. સ્વ.દાસકાકાના ઉત્તરાધિકારી તરીકે જૈફવયે પણ તેઓશ્રી શ્લાઘનીય સેવાઓ આપી રહ્યા છે. પાટણ જિલ્લાના અગ્રણી સર્વોદય કાર્યકર શ્રી કનુભાઈ રાવલે પ્રસ્તુત ગ્રંથમાંથી પસંદગીનાં વચનામૃતો તારવી ચતુઃશ્લોકી રામાયણ સમ કાર્ય કરી આપીને સમયાભાવે જેઓ આ ગ્રંથ વાંચી શકતા નથી તેમના માટે આશીર્વાદરૂપ કાર્ય કર્યું છે. એક વિશેષ નોંધપાત્ર બાબત એ કે વંદનીય સાધ્વી પ્રિયદર્શનાજી મહારાજ સાહેબના ચિંતનનો અર્ક કવર પૃષ્ઠ-૪ ઉપર રજૂ કરવામાં આવ્યો છે જેનું વાચન સૌ કોઈ મુમુક્ષુઓ માટે જીવનપાથેય બની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પરમ પૂજ્ય ગુરુજી ભાનુવિજયજી મહારાજ હૈમપ્રભુની તપોભૂમિ અને સારસ્વત મંડળનું ગૌરવ એવા પાટણની નજદીક આવેલા સરસ્વતીના તટે સ્થિત સાગોડિયા ગામમાં 'સર્વ મંગલમ્ આશ્રમ'ની સ્થાપના કરીને મહાત્મા ગાંધીને અભિપ્રેત એવા ખરાઅર્થમાં પરમ વૈષ્ણવ સંત તરીકે જ્ઞાન – કર્મ – ભક્તિયોગની આરાધના કરી રહ્યા છે. પ્રાયઃ અડધી સદીથી પાટણમાં પ્રતિ રવિવાર, બુધવાર તથા ચાતુર્માસ દરમિયાન પ્રતિદિન નિયમિતપણે વ્યાખ્યાનો આપવા ઉપરાંત પ્રસંગોપાત્ત ઉત્તર ગુજરાતનાં પ્રમુખ શહેરો તથા અમદાવાદ, રાજકોટ, મુંબઈ, બેંગ્લોર, ઇન્દોર વગેરે સ્થળોએ તેમનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાન આરાધનાના ફળસ્વરૂપે તેમના ૩૬ ગ્રંથો પ્રકાશિત થયા છે, જે ભર્તૃહરિ, કબીર, નારદ ભક્તિસૂત્ર, ગીતા, ઉપનિષદ, ઉત્તરાધ્યયનસૂત્ર, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, શ્રીમદ રાજચંદ્ર વચનામૃત, પાતંજલ યોગસૂત્ર, વિવેક ચૂડામણિ વગેરે વિષયક છે. આ બધા ગ્રંથો લોકભોગ્ય શૈલીમાં – સુપથ્યકારક ઉદાહરણો સહિત લખાયેલા અને રસાયેલા હોવાથી જિજ્ઞાસુઓ માટે પાથેય સમ બની રહ્યા છે. આ પૈકીના ઘણા ગ્રંથોનાં એકાધિક પુનર્મુદ્રણો કરવાં પડ્યાં છે. બહુજન સમાજને અધ્યાત્મના માર્ગે વાળવા માટેની આ પ્રબોધન પ્રવૃત્તિ ઉપરાંત કુદરતી આફતો સમયે સમાજસેવાની બહુવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત હાઈસ્કૂલકક્ષા સુધીનું મૂલ્યનિષ્ઠ શિક્ષણ પણ પૂરું પાડી રહ્યા છે. આશ્રમ પરિવારમાં સ્થિત 'વાનપ્રસ્થ આરાધના કેન્દ્ર', 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક ધ્યાન કેન્દ્ર', 'વીતરાગ વિજ્ઞાન કેન્દ્ર', 'શ્રીમદ્ રાજચંદ્ર જીવદર્શન મ્યૂઝીયમ તથા 'ઓડિટોરિયમ' સંતો માટે 'આત્મ આરાધના કેન્દ્ર' વગેરેનાં પ્રકૃતિની ગોદમાં નયનરમ્ય ભવનો જ્ઞાન, કર્મ અને ભક્તિ યોગના ત્રિવેણી સંગમ સમ એક દર્શનીય તીર્થસ્થળ તરીકે મ્હોરી રહ્યાં છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

**ફાંસીના વરરાજાઓ / સ્વામી સચ્ચિદાનંદ. અમદાવાદ : ગૂર્જર પ્રકાશન, ૨૦૧૨. ૧૨, ૨૩૬ પૃ. કિં. રૂ. ૧૧૦/–**




ભારતે બ્રિટિશ શાસનની ધૂંસરી ફગાવીને ઈ.સ. ૧૯૪૭માં આઝાદી મેળવી. ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવથી શરૂ કરીને સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી હજારો ક્રાન્તિકારીઓ માતૃભૂમિની સ્વતંત્રતા કાજે વંદેમાતરમ્નો

જયઘોષ ગાતાં ગાતાં પ્રસન્નતાપૂર્વક ફાંસીના માંચડે ચઢી ગયા હતા, તો અન્યોએ કઠોર કારાવાસ પણ ભોગવ્યો તેમ જ રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું હતું. સમીક્ષિત ગ્રંથમાં સ્વામી સચ્ચિદાનંદજીએ ફાંસીએ ચડનારા, કાળાં પાણી અથવા આજીવન જેલ ભોગવનારા અને પોલીસની ગોળીએ મરનારાઓ પૈકી ફાંસીએ ચડનારા ક્રાન્તિકારીઓનાં ચરિત્રોનો સમાવેશ કર્યો છે. અલબત્ત, આ પૈકી કેટલાકનો જ, કારણ કે આ પૈકીના અસંખ્ય વીરો કાળના પ્રવાહમાં વિગલિત થઈ ગયા, જેથી તેમના કે તેમના પરિવાર વિશે આજે આપણી પાસે કોઈ અધિકૃત માહિતી જ રહી નથી. ઉદા. તરીકે ૧૮૫૭ના ગદર સમયે પાટણના મગનલાલ વાણિયાને તોપના ગોળે ઉડાડી દેવામાં આવ્યા હતા. આ મગનલાલ કે તેમના પરિવાર સંબંધી આજે કોઈ જ માહિતી પ્રાપ્ત નથી. આ સંદર્ભે સ્વામીજીએ 'ભૂમિકા'માં નોંધ્યું છે કે 'આઝાદી પછી આ ક્રાન્તિકારીઓની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. આ ફાંસીએ ચડેલાઓને ક્યાંય કોઈ નાની સરખી જગ્યાએ પણ ભાગ્યે જ નામ અપાયું હશે.' અને તેથી જ તેઓશ્રી શહીદોની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે હેતુસર વિશાળ શહીદપાર્ક – શહીદમંદિરનું નિર્માણ કરવામાં આવે તેવું ઇચ્છી રહ્યા છે. આ ક્ષેત્રે ગુજરાત સરકાર નવપ્રસ્થાન કરે તેવી અભિલાષા સેવીએ. ક્રાન્તિકારીઓની ઉપેક્ષાનાં કારણોમાં તેમણે અહિંસાવાદીઓ હિંસક આંદોલનોને માન્ય ન કરતા તેમ જ તેમના પ્રત્યે ઘૃણા કરતા અને તે જ સ્વતંત્ર ભારતના શાસક બન્યા, આપણે કદર કરનારી પ્રજા નથી અને સત્તા ઉપર હોય તેની આરતી ઉતારવાની મનોવૃત્તિ ગણાવેલ છે. પ્રસ્તુત પુસ્તકની રચનાનો હેતુ ટૂંકી અને સ્વાર્થી દૃષ્ટિ સમાપ્ત કરીને રાષ્ટ્રવાદનો આધાર તૈયાર કરવાનો અને કૃતઘ્નતામાંથી મુક્ત થઈને કૃતજ્ઞ થવાનો રહ્યો છે.

અહીં બ્રિટિશ હકૂમત દ્વારા ફાંસીએ ચડાવેલા ૯૮ ક્રાંતિવીરોની યશોગાથા વર્ણવામાં આવી છે. આ ચરિત્રોની માહિતી માટે તેમણે ઋણસ્વીકારની ભાવના સાથે ઉલ્લેખ કર્યા મુજબ શ્રીકૃષ્ણ સરલ કૃત 'ક્રાંન્તિકારી કોશ'નો આધાર લીધો છે, પરંતુ આ બધાં ચરિત્રોને ઉદ્ભાસિત કરતું જીવાતુભૂત પ્રાણતત્ત્વ છે રાષ્ટ્રધર્મ સંબંધી પ્રત્યેક ચરિત્રનાયકના આગવા ગુણો / સમસામયિક ઘટનાઓ વિશેનું સ્વામીજીનું જ્ઞાન અને મૌલિક ચિંતન જે વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. ઉદા. તરીકે ધર્મનું સ્વરૂપ, હિંદુ પ્રજાની માનસિકતા, હિંદુ પુરાવિદ્યા, ધર્મ અને બલિદાન, ન્યાયિક પદ્ધતિ, ન્યાય–અન્યાય, અંગ્રેજ અને મુસ્લિમ શાસકોની રીતિ–નીતિ, યુદ્ધકળા, રાજકીય વિદ્રોહ, રાજસત્તા, રાજવ્યવસ્થા, પતિ-પત્ની, ગુરુ-શિષ્ય, મિત્રતા, નારી ગૌરવ, સ્વાશ્રયી જીવન, નોકર-માલિક સંબંધો વગેરે જે તે ચરિત્રના પ્રારંભમાં અથવા ચરિત્રચિત્રણમાં સાંકળી લેવામાં આવેલ છે. આ બધી બાબતો જે તે ચરિત્રનાયકના જીવનને વત્તા-ઓછા અંશે સ્પર્શતી હોઈ તેના ચરિત્રને ઉઘાડ આપવામાં પોષક પુરવાર થઈ હોવાથી તેના વાચકને જીવન-ચિંતનનું ભાથું પૂરું પાડે છે, તેમ જ તેમની સમક્ષ રોલ-મોડેલની ભૂમિકા પ્રસ્તુત કરે છે. ગ્રંથકારનો હેતુ ક્રાંતિકારીઓના જીવન અને પ્રવૃત્તિઓની સુરેખ માહિતી પૂરી પાડવાની તુલનાએ સવિશેષતઃ શહીદોની ભાવના અને તત્સંબંધી ચિંતનતત્ત્વને ઉજાગર કરવાનો રહ્યો છે, જેમાં સ્વામીજી શત-પ્રતિશત સફળ પુરવાર થયા છે. સ્વામીજીનું ચિંતન સરળ, સ્પષ્ટ અને ધારદાર હોવાથી તેના વાચકને સદ્યઃ સ્પર્શી જાય તેટલું ઉત્કટ છે. અહીં સ્વામીજી વૈચારિક અને સામાજિક ક્રાંતિના પ્રણેતા તરીકે ઊભરી આવે છે. તેમણે પ્રસંગોપાત્ત પોતાનાં મંતવ્યો નિર્ભિકતાપૂર્વક વ્યક્ત કર્યાં છે, જેમ કે : વધુ પડતા આભડછેટિયા ધર્મે હિંદુ પ્રજાને પારાવાર નુકસાન કર્યું છે (૧૮૮),

ભારતીય ધર્મોમાં માત્ર શીખધર્મ જ પ્રજાને બહાદુર બનાવવાનું ઘડતર કરે છે, બાકીના લગભગ બધા જ મંજીરા વગાડતાં શિખવાડે છે.... (૧૪૯), શસ્ત્ર ત્યાગીને માળા પકડાવનારા ગુરુલોકો જાણતાં–અજાણતાં પ્રજાને નમાલી બનાવી રહ્યા છે (૭૦), ભારતમાં પડકાર વિનાની આધ્યાત્મિકતાનો ઉદય થયો ત્યારથી પ્રજા નમાલી થઈ ગઈ (૨૦૮), જે વ્યક્તિ કે પ્રજા અન્યાય અત્યાચારનો બદલો લેતી નથી તે વારંવાર તેનો ભોગ બનતી રહે છે (૧૯), જેટલી કટ્ટરતા ઇસ્લામમાં જોવા મળે છે તેવી બીજે ભાગ્યે જ જોવા મળે છે (૬૩), જ્યાં જ્યાં હિંદુઓએ બાંધછોડ કરીને નમતું જોખ્યું છે ત્યાં જ એકતા થઈ છે. મુસ્લિમોએ બાંધછોડ કરીને એકતા કરી હોય તેવું ભાગ્યે જ દેખાશે (૪૬), કાનફૂંકા ગુરુમંત્ર કરતાં જીવનની દિશા નક્કી કરી આપનાર જીવનમંત્ર ઘણો મહાન હોય છે (૨૨૧). વીરતા વિનાનું અધ્યાત્મ પ્રાણ વિનાનું મડદું જ કહેવાય (૧૪૯), ધર્મગુરુઓએ પ્રજામાં જેટલી સાંપ્રદાયિક ભાવના જગાડી છે તેટલી માનવતા કે રાષ્ટ્રીય ભાવના જગાડી નથી (૧૫૨), મોક્ષની ઉધાર વાત જવા દો, રોકડી વાત કરો ધર્મે રાષ્ટ્રને શું આપ્યું ? માનવતાને શું આપ્યું ? જો કાંઈ જ ન આપ્યું હોય તો તેવા ધર્મો રાષ્ટ્ર માટે વાંઝિયા ધર્મો કહેવાય (૧૭૦) વગેરે. આમ, ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા સંત કબીરની જેમ સ્વામીજીએ પણ હિંદુ અને મુસ્લિમોની ખોખલી રીતિ-નીતિઓની દો–ટૂક શબ્દોમાં આલોચના કરી છે. આ ઉપરાંત એક જ પરિવારના નામે ભવ્ય ભવનો, યુનિવર્સિટીઓ, યોજનાઓ વગેરેનાં નામ આપવાં અને રાષ્ટ્ર માટે ફાંસીએ ચડેલાને નામે ભાગ્યે જ કોઈ નામ આપવાં તેમ જ વોટ–લોભી રાજકારણ દ્વારા રાષ્ટ્રને અનામતિયું પછાત ભારત અને બિનઅનામતિયું ભારતમાં વહેંચી દેવાની મનોવૃત્તિ પ્રતિ ભારે ખિન્નતા પ્રગટ કરી છે.

અહીં સ્વામીજીએ ક્રાંતિવીરોનાં જીવન અને પ્રવૃત્તિઓનાં પ્રભાવક આલેખન ઉપરાંત ફાંસીએ ચડતાં પૂર્વેના શહીદોના શબ્દો અને ક્વચિત્ તેમનાં માતા–પિતાનો સંમતિસૂચક હૃદયોદ્‌ગાર નોંધીને મડદાં પણ બેઠાં થઈ જાય તેવું ભાવવાહી છતાં વીરત્વપૂર્ણ વાતાવરણ તેમની પ્રભાવક અભિવ્યક્તિકળાના કારણે ઊભું થયેલું જોવા મળે છે. ઉદાહરણ તરીકે જલિયાવાલાબાગના નૃશંસ હત્યાકાંડનો સાક્ષી ૧૨ વર્ષનો બાળક સરદાર ઉધમસિંહ બદલાની ભાવના સાથે મોટો થતાં એન્જિનિયરિંગના અભ્યાસ અર્થે ઇંગ્લૅંડ જઈ ડાયરને ઠાર મારતાં તેણે ઇંગ્લૅંડમાં ફાંસીએ લટકતાં પહેલાં કહ્યું હતું કે 'મેં જલિયાંવાલાબાગનો બદલો લીધો છે. હું ધન્ય થઈ ગયો. મારા દેશ અને મારી પ્રજા માટે મેં મારું જીવન કુરબાન કરી દીધું. આ જ મારો મોક્ષ અને આ જ મારું સ્વર્ગ' (૨૨), અનાથ, દરિદ્ર અને એક હાથે ઠૂંઠા ચારુચંદ્રે દુષ્ટ પ્રકૃતિના અને ક્રાંતિકારીઓના વિરોધી સરકારી વકીલ આશુતોષ વિશ્વાસને ન્યાયાલયની ઓસરીમાં ખતમ કરતાં તે પકડાયો ત્યારે તેને સખત માર મારવામાં આવ્યો ત્યારે તેને ખડખડાટ હસતાં કહ્યું કે 'મારો, મારો, આ શરીરને વધુ મારો ! મેં તો લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું છે. ! હું ધન્ય થઈ ગયો છું ! હવે મરું તોય ધન્ય ધન્ય છું !', હરિકિશનની માતાએ ફાંસીએ ચડનાર પુત્રને કહ્યું હતું કે 'તેં મારી કૂખ ઉજાળી ! જરાય ભયભીત થયા વિના ફાંસીએ લટકી જજે !' વગેરે. અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ મેળવવા માટે દેશ–વિદેશમાં કયાં કયાં ભૂગર્ભ પ્રવૃત્તિઓ ચાલતી હતી, તે સંગઠનો કયા નામ હેઠળ કાર્ય કરતાં તેની પણ વિગતો અહીં મળી રહે છે, ઉદા. તરીકે આઝાદ હિંદ ફોજ, ઇંડિયન રિપબ્લિકન પાર્ટી, ઇંડિયા હાઉસ (લંડન), ગદર પાર્ટી (કેનડા અને અમેરિકા), ચક્રવર્તી દળ, ઇંડિયન નેશનલ એસોસિએશન ઑફ ચાઈના, હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સેના, અકાલી

બબ્બર દળ વગેરે સંબંધી સૂચનાત્મક માહિતી જે તે ચરિત્ર સાથે વણી લીધી છે. આ ઉપરાંત ક્રાંતિકારીઓ સંબંધી માહિતી ક્ષુલ્લક સ્વાર્થવશ કેટલાક બાતમીદારો કે ગદ્દારો અંગ્રેજ શાસકોને પૂરી પાડતા અને તેમને પકડાવી દેતા હતા તેમની વિગતો પણ અહીં વર્ણવાયેલ છે, જેમ કે ગદ્દાર ઈલાહીબખ્શ, સીતારામ, કૃપાલસિંહ, હરનાથસિંહ, નાદિરખાને અનુક્રમે બહાદુરશાહ ઝફર, ઉદમીરામ, ડૉ. મથુરાસિંહ અને વિષ્ણુ પિંગળેને પકડાવ્યા હતા. અહીં એક વાત સ્પષ્ટ ઊપસી આવે છે કે ક્રાંતિકારીઓને પકડાવવામાં મોટા ભાગે ગદ્દારોએ જ ભાગ ભજવ્યો છે. કેટલાક કિસ્સાઓમાં ભારતીય પ્રજાએ પણ અજ્ઞાનતાવશ ક્રાંતિકારીઓને પકડવામાં પોલીસને સહાય કરી હતી. તેનો પણ સ્વામીજીએ દુઃખ સાથે ઉલ્લેખ કરતાં નોંધ્યું છે કે 'જો ભારતમાં ગદ્દારો પેદા ન થયા હોત તો દેશ કદી ગુલામ થાત જ નહીં.... આ દેશને જેટલા વિદેશીઓ નડ્યા છે તેથી વધુ દેશદ્રોહી ગદ્દારો નડ્યા છે.' પ્રત્યેક ક્રાંતિકારી પકડાઈ જાય ત્યારે કેવી કેવી દારુણ યાતનાઓ આપવામાં આવતી, જેમ કે ઉદમીરામને ગામની ભાગોળે પીપળના થડ સાથે બાંધીને તેની ઉપર ગોળનું પાણી રેડવામાં આવતાં કીડી–મકોડાનાં ટોળાં ઊભરાઈ ગયાં અને સતત પાંત્રીસ દિવસ સુધી કારમી ચીસો પાડતાં પાડતાં મૃત્યુ પામ્યો અને ગામલોકો કશું ન કરી શક્યા, સુરેન્દ્ર રાય શાહૂની નજર સમક્ષ તેના પરિવારજનોને સતત મારવામાં આવ્યા અને તેની આંખોમાં ધગધગતા સળિયા ખોસી દેવામાં આવ્યા, કેટલાકના હાથ-પગ શેરડીના કોલૂમાં કચડી નાખ્યા વગેરે વિગતો ઉપરાંત જે તે શહીદને કઈ તારીખે અને કયા સ્થળે ફાંસી આપવામાં આવી હતી તેમ જ તેમના અગ્નિસંસ્કાર કોના દ્વારા અને કયાં કરવામાં આવ્યા હતા તેની ચોકસાઈપૂર્ણ વિગતો દર્શાવવામાં આવી છે. આમ, સમગ્રતયા આ ગ્રંથ અનેકવિધ રીતે ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

આ ગ્રંથ પ્રત્યેક શાળા–કૉલેજ–સાર્વજનિક ગ્રંથાલયો માટે અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. તેનું પઠન–પાઠન કરાવવામાં આવે તો બાળ–યુવા માનસમાં રાષ્ટ્રધર્મ સંબંધી સંસ્કારો દઢીભૂત થશે તેમ નિઃશંકપણે કહી શકાય.

ઉલ્લેખનીય છે કે પૂ. સ્વામી સચ્ચિદાનંદજીનું સમાજઘડતર – રાષ્ટ્રઘડતરમાં નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આજ સુધી તેમના ૮૮ ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ પૈકીના ૬ ગ્રંથોના અંગ્રેજી અને ૮ ગ્રંથોના હિંદી અનુવાદો પણ પ્રગટ થયા છે. આ બધાં પુસ્તકો ધર્મ અને દર્શન, સમાજવ્યવસ્થા, ઇતિહાસ, પ્રવાસવર્ણન, ગાંધીદર્શન, જીવનચરિત્ર, આઝાદીના ક્રાંતિકારી લડવૈયાઓ, આત્મકથા વગેરે વિષયક છે. ક્રાન્તિવીરો સંબંધી સમીક્ષિત પુસ્તક ઉપરાંત અન્ય ત્રણ પુસ્તકો 'ક્રાન્તિકથાઓ', 'કાલાપાની' અને 'શહીદોની ક્રાન્તિગાથાઓ'ની રચના કરી છે. 'ક્રાન્તિકથાઓ'માં જેમને ફાંસીને કે કાલાપાનીની સજા થઈ ન હતી, પરંતુ કેટલાંક વર્ષોની કઠોર કારાવાસની સજા થઈ હતી તે પૈકીના ૭૪ ક્રાન્તિવીરોને આવરી લેવામાં આવ્યા છે. વધુમાં અહીં નિઝામના હૈદરાબાદ અને દીવ દમણ અને ગોવાના મુક્તિસંગ્રામની સંક્ષિપ્ત રૂપરેખા તથા ગોવાને મુક્ત કરાવવામાં ખપી ગયેલા ૭૫ શહીદો વિશે સૂચનાત્મક માહિતી આપવામાં આવી છે. નોંધવું રહ્યું કે દીવ, દમણ અને ગોવાને પોર્ટુગલોની ચુંગાલમાંથી છેક ૧૯૬૧માં મુક્ત કરાવવામાં આવ્યું હતું. 'કાલાપાની'માં ૨૮ ક્રાંતિકારીઓનાં ચરિત્રો વર્ણવવામાં આવ્યાં છે. આ બધાંએ વેઠેલ હૃદયદ્રાવક કઠોરતમ યાતનાઓ વાંચીને કોઈ પણ દેશભક્તનું લોહી ઊકળી ઊઠે જ. સ્વામીજીનો આ સંદર્ભેનો આક્રોશ 'જે લોકો અહિંસક કાર્યકર્તાઓ હતા તે પણ જેલ ગયા હતા. પણ તેમાંથી કોઈને ફાંસી કે કાલાપાનીની જેલ થઈ હોય તેવું સાંભળ્યું નથી.

આઝાદી પછી તેમનું બહુમાન થયું, તેમનાં પેન્શન બંધાયાં... આ ફાંસીએ લટકનારા કે 'કાલાપાની'ની સજા ભોગવનારા સ્વાતંત્ર્યવીરોને કોઈ મળ્યું હોય તેવું જાણવા મળ્યું નથી... આટલી હડહડતી ઉપેક્ષા અને તિરસ્કાર ભાગ્યે જ બીજા કોઈ દેશમાં થયાં હશે. મારી દૃષ્ટિએ આ રાષ્ટ્રીય મહાપાપ કહેવાય.' આ બધા જ રાષ્ટ્રવીર ક્રાંતિકારીઓના પ્રદાનની યથાયોગ્ય નોંધ લેવાવી જ જોઈએ અને તેમનાં પરિવારજનો માટે ખાસ સહાયક યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ તેમજ તેમના ગૌરવપૂર્ણ બલિદાનની સ્મૃતિ જાળવી રાખવા યોગ્યતમ પગલાં લેવાં જોઈએ. આમ, સ્વામીજી કોરા કે ખોખલા ધર્મ અને અધ્યાત્મના ઉપદેશના સ્થાને સામ્પ્રતકાલીન વૈશ્વિક વલણોને અને સવિશેષતઃ ભારતીય દૃષ્ટિબિંદુને નજરસમક્ષ રાખીને માનવઘડતર અને અંતતઃ રાષ્ટ્રઘડતરનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે, જે ધ્યાનાર્હ બની રહે છે.

– મણિભાઈ પ્રજાપતિ

# આસમાનમાંથી ટપકી પડી છે ?

આજની પરિસ્થિતિનો ઉકેલ અમારી પાસે છે, એવું કહેનારાઓ ઘણા છે; પણ આ પરિસ્થિતિ માટે સૌથી વધુ જવાબદાર આપણે સામાન્ય નાગરિકો છીએ, એવું કોઈ કહેતું નથી. એક મારા સિવાયના બીજા બધા બૂરાઈ માટે જવાબદાર છે, એમ સૌ કોઈ કહે છે; અને છેવટે તો તે જવાબદારી ઈશ્વર ઉપર પણ નાખી દેવામાં આવે છે. નેતાઓને ભય લાગે છે કે જો તેઓ જનતાને જવાબદાર ગણાવશે તો પોતે નેતા નહિ રહે. આજની મોટી મુશ્કેલી એ છે કે જનતાને નિસ્પૃહ રીતે તેની જવાબદારી બતાવનાર કોઈ નથી.

"તમારી મુશ્કેલીઓનો ઉકેલ અમારી પાસે છે," એવું કહેનારાઓનો ભરોસો કરશો નહીં – પછી તે કહેનાર ગમે તે હોય, સર્વોદયવાળા પણ ભલે હોય. તમારી પરિસ્થિતિ જે બદલશે, તે તમારા ઉપર કાબૂ પણ ધરાવતો થશે. તેના નચાવ્યા તમારે નાચવું પડશે.

આજે સામાન્ય નાગરિક ફરિયાદ કરે છે, પણ બધી મુશ્કેલીઓનો ઉકેલ લાવવાની લગની તેને નથી. દરેકને ફિકર છે એટલી જ કે "મારી" મુશ્કેલી મટવી જોઈએ. દરેક પોતાનું જ વિચારે છે, બીજાની મુશ્કેલીની તેને કાંઈ પડી નથી. વેપારી, ગ્રાહક, ઉત્પાદક સૌ કોઈ પોતપોતાની વાત જ આગળ કરતા હોય છે; "આપણે બધા" મળીને મુશ્કેલીઓ દૂર કરીએ, એમ કોઈ વિચારતું નથી.

આજની પરિસ્થિતિમાં એક ગંભીર બાબત ભ્રષ્ટાચારની છે. આપણી સાર્વજનિક સંસ્થાઓમાંથી એવી કેટલી હશે કે જેમાં હિસાબ વિશે એકબીજા ઉપર આરોપ ન મુકાતા હોય ? સંસ્થા છોડતી વખતે છોડવાવાળો પવિત્ર, અને તેમાં રહેવાવાળા બધા ભ્રષ્ટ ને નાલાયક ! તેવી જ રીતે સરકારમાં. પણ સરકાર નાલાયક હોય, તો તે ત્યાં છે જ કેમ ? તે કાંઈ આસમાનમાંથી ટપકી પડી નથી ને ? તમારા જ મતથી એ ત્યાં આવી છે. કદાચ પૈસાથી વોટ ખરીદીને આવી હશે, તો પૈસા લઈને વોટ વેચનારા પોતે જ પહેલાં તો ભ્રષ્ટ થઈ ગયા ને !

દાદા ધર્માધિકારી

# સંસ્થા-સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આરંગેત્રમ

● આર. એન. લલિતકલા એકેડેમી દ્વારા તા. ૨૭/૧/૧૩ ના રોજ ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે કુ નીકી એસ. ભાવસારનું ૧૪મું આરંગેત્રમ યોજાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી ડી. ટી. કાપડિયા, અતિથિવિશેષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા મુખ્ય મહેમાનોમાં સર્વ શ્રી ડૉ. સોમભાઈ પટેલ, શ્રીમતી ગીતાબહેન ભાવસાર વગેરેએ ઉપસ્થિત રહી કુ.નીકીને આશીર્વચન પાઠવેલા આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કુ. નીકીને પ્રોત્સાહન અર્થે રૂા. ૨૫૦૦/– નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. કુ. નીકીએ શકુંતલાબહેન ઓઝા પાસેથી તાલીમ મેળવી હતી. સંસ્થાનાં સંચાલિકા દિનાબહેન ડોડિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### ઇંગ્લિશ સ્પીકિંગ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા Effective Public Speaking Workshopનું આયોજન તા. ૨૦/૧૨/૧૨ ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક જાહેરમાં અંગ્રેજીમાં વાતચીત કરી શકે તે માટેનો હતો. વર્કશોપમાં કે.એસ.વી. ના ડાયરેકટર શ્રી ડી. ટી. કાપડિયા, અને પ્રિ. ડૉ. જે. જે. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપનું સંચાલન પ્રો. જીનાલીબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ઇન્ટર્નશીપ

● જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગર દ્વારા આયોજિત પી.ટી.સી. કૉલેજના તા. ૧૮થી ૩૧/૧૨/ ૧૨ સુધી ચાલેલા ઇન્ટર્નશીપ કાયક્રમમાં શરદબહેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગર દ્વારા કુલ ૫૦ તાલીમાર્થીઓ દ્વારા કોલવડા ગામની ત્રણ શાળાઓ અને સેક્ટર – ૨૮ની એક એમ કુલ ચાર પ્રાથમિક શાળાઓ આવરી લેવામાં આવી હતી. આ શાળાઓમાં તાલીમાર્થીઓએ બાળકોનો પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત થાય એવા પ્રયત્નો કર્યા. રોજિંદા શિક્ષણકાર્યમાં વિવિધ ટી.એલ.એમ.નો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કર્યું તેમ જ પ્રતિદિન પ્રાર્થના કાર્યક્રમમાં પ્રાર્થનાઓ ઉપરાંત સુવિચાર, બાળગીત, નાટક, જાણવા જેવું, ભજન, લોકગીત અને ઘડિયા ગાન કરાવ્યાં હતાં. વધુમાં બાળકોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે કેટલીક રમતો જેમ કે સાદી દોડ, સ્લો સાયકલિંગ, સંગીત-ખુરશી અને કોથળા દોડ વગેરેનું આયોજન કર્યું હતું. જ્યારે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સુલેખન, ચિત્રસ્પર્ધા, એકપાત્રીય અભિનય, બાળગીતસ્પર્ધા, વર્ગ સુશોભન, શાળા સ્વચ્છતા જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

● જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા આયોજિત ઇન્ટર્નશીપ કાર્યક્રમ તારીખ ૧૦થી ૨૧/૧૨/૨૦૧૨ સુધી યોજાઈ ગયો, જેમાં સર્વ વિદ્યાલય પીટીસી ઇંગ્લિશ મીડિયમ

કૉલેજ, ગાંધીનગરની ૬૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમાર્થીઓ માણસાની એમ. જી. ચૌધરી, અને એમ.એસ.ડી, સાબરમતીની સેંન્ટ જોસેફ, ડી. કેબિનની સંત સતીબાલા તેમ જ કલોલની હોલી ચાઈલ્ડ અને નવરંગ સ્કૂલનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓએ શૈક્ષણિક કાર્ય, અવલોકન કાર્ય, માર્ગદર્શન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમ જ વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ સક્રિયપણે યોજી હતી. વિશેષમાં માણસાની સ્કૂલમાં તાલીમાર્થીઓએ એજ્યુકેશન સ્માર્ટ કલાસમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. તા. ૨૬/૧૨/૧૨ ના રોજ 'બોટલ સેપલિંગ' નામની ઇકો ફ્રેન્ડલી પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ બૉટલમાં નાના-નાના છોડવાઓ ઉગાડ્યા હતા.

## કરાટેમાં બ્લેક બેલ્ટ અર્પણ સામારોહ

• આર. એન. લલિત કલા એકેડેમી, ગાંધીનગરના મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા તા. ૯/૨/૧૩ના રોજ શેઠશ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન હૉલમાં કરાટેમાં બ્લેક બેલ્ટ અર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શ્રી કૃષ્ણકાંત જહા, શ્રી ડી. ટી. કાપડિયા, શ્રી જે. જે. ભટ્ટ, ડૉ. સોમભાઈ પટેલ વગેરેએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી. શ્રી કૃષ્ણકાંત જહાએ શિક્ષણની વ્યાખ્યા આપતાં જણાવેલ કે શિક્ષણ એટલે ચાર દીવાલોમાં- કલાસરૂમમાં અપાતું ગણિત, અંગ્રેજી કે ભૂગોળનું શિક્ષણ એટલું જ નહિ પરંતુ શિક્ષણ એટલે જીવનના દરેક ક્ષેત્રનો વિકાસ સાધે તે. તેઓએ સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજીના વિચારોને ટાંકતાં બાળકોને વિકાસના પથ પર આગળ વધવા સૂચન કર્યું હતું. ત્યાર બાદ શ્રી રેન્સી સેલ્વા કુમાર દ્વારા વિવિધ મુદ્દાઓને આવરી લેતું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. કરાટે કલાસના વિદ્યાર્થીઓ દ્વારા ટેક્નિકસ તથા કરતુબો રજૂ કરવામાં આવ્યાં હતાં, જે ચિત્તાકર્ષક રહ્યાં હતાં. કરાટે બ્લેક બેલ્ટની ડિગ્રી મેળવનારાઓમાં સર્વશ્રી કુ. ધ્રુવી દેસાઈ, દસ્તગીરી એ. કાઝી, સ્વપ્નીલ એ. પારેખ, કુશલ પી. સોની, કુ. વિભૂતિ એમ. વાલા, સોહમ કે. ભટ્ટ, દિશાંત કે. સોલંકી અને યુગ એ. પારેખનો સમાવેશ થાય છે.

## કારકિર્દી માર્ગદર્શન

• એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા. ૩૦/૧/૧૩ ના રોજ કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિ તરીકે ઉપસ્થિત હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી મનસુખભાઈ પટેલ તથા શ્રી પંકજભાઈ પટેલે તાલીમાર્થીઓને ભવિષ્યમાં ઉદ્‌ભવતા પ્રશ્નો વિશે અને રોજગારી વિશેનું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

## કુટુંબભાવના

• વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ માટે પુનરુત્થાન સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૮/૨/૧૩ના રોજ 'વિસરાતા જતાં કૌટુંબિક મૂલ્યો' વિષય ઉપર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ અને નિવૃત્ત પ્રોફેસર શ્રીમતી ઇન્દુબહેન કાટધરે દ્વારા આધુનિક ભારતીય સમાજમાં દિન-પ્રતિદિન વિસરાઈ રહેલી સંયુકત કુટુંબની ભાવના, લગ્નપ્રથા અને તેની સાથે સંકળાયેલા સંસ્કારોની મહત્તા જેવા વિષયો ઉપર વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૭૦ જેટલી વિદ્યાર્થિનીઓ અને ૧૨ મહિલા અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## કેરિયર ગાઇડન્સ

• શ્રી ભોળાભાઈ પટેલ બી.બી.એ. કૉલેજ દ્વારા ધો-૧૨ના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૨ પછી

શું? નો કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં આર. સી. પટેલ સ્કૂલના ધો-૧૨ કૉમર્સના ૨૧૦ તથા સાયન્સના ૨૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ સેમિનારમાં કૉલેજના પ્રો. જ્હોન મેથ્યુ તથા પ્રો. તન્નાએ વિદ્યાર્થીઓને કેરિયર વિશે માહિતી આપી હતી.

## નાટ્ય મહોત્સવ

● શરદબહેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગર દ્વારા તાલીમાર્થી બહેનો શિક્ષક બને તે પહેલાં તેમનામાં કાર્યક્ષમતા, કૌશલ્ય – વિકાસ અને વ્યાવસાયિક સજ્જતાનો વિકાસ થાય તે હેતુથી વિવિધ જૂથમાં નાટકની રજૂઆતનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં બાલિકા વધૂ. સ્ત્રીભ્રૂણહત્યા, લોકજાગૃતિ, વિવિધતામાં એકતા, જેવા વિષયો પર નાટકો રજૂ થયાં હતાં. આ પૈકી સ્ત્રીભ્રૂણહત્યા નાટકે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

## નેટ (NET) પરીક્ષા

● આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજનાં પ્રાધ્યાપિકા શ્રીમતી સુપ્રિયા બેનરજીએ નવેમ્બર, ૨૦૧૨માં UGC દ્વારા એજ્યુકેશન વિષયમાં આયોજિત 'નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ ફોર લેકચરર'ની પરીક્ષા પાસ કરી. અભિનંદન.

## પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.Dની ડિગ્રી એનાયત કરવામાં આવી.

1. Gondalia Akshay Keshavlal : 'Performance Tuning in Geographic Routing for Wireless Networks' / Subject : Computer Science / Guide : Dr. D. R. Kathiriya.
2. Parejiya Punit Bhailalbhai : 'Fabrication and Characterization of Different Modified Release Dosage Forms of Water Soluble Drug' / Subject : Pharmaceutical Science / Guide : Dr. A. K. Shukla.
3. Patel Falguni Ramesh : 'Investigations on the Biotechnology of Microbial Alkaline Phosphatases from North Gujarat Soils' /Subject : Biotechnology / Guide : Dr. M. C. Sharma.
4. Tailor Jitendrakumar Ishwarlal 'સદાનંદ કૃત વેદાન્તસાર-મૂળ ગ્રંથ અને ટીકાઓ : એક સમીક્ષાત્મક અધ્યયન' Subject : Sanskrit / Guide : Dr. Ambalal M. Prajapati
5. Trivedi Rakshit Kanubhai : 'Development and Validation of New Analytical Method for Bioactive Compounds' / Subject : Chemistry / Guide : Dr. Mukesh C. Patel.

## પ્રજ્ઞા સ્કૂલ

● સર્વ વિદ્યાલય પીટીસી ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨/૧/૨૦૧૩ ના રોજ સરકારી શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરની પ્રાથમિક શાળાની મુલાકાત 'પ્રજ્ઞા સ્કૂલ'ના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત લેવામાં આવી હતી. આ અન્વયે તાલીમાર્થીઓએ ગિજુભાઈ બધેકાના શિક્ષણ ખ્યાલને આવરી લઈને વિદ્યાર્થીઓને મનગમતી પ્રવૃત્તિઓના ગ્રૂપ પાડીને શિક્ષણ આપ્યું હતું.

## રક્તદાન

● શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ અને કર્મચારી પરિવારમાં સમાજ સેવાની ભાવના જાગૃત થાય તેમ જ રક્તદાનનો મહિમા સમજાય તે હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલ સાહેબના જન્મદિન નિમિત્તે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૦૧/૦૨/૨૦૧૩ના રોજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ૫૪ જેટલી બૉટલ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડૉ. સુરેન્દ્રભાઈ પટેલ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેકટર શ્રી ડી.ટી.કાપડિયા, રજિસ્ટ્રાર શ્રી એસ. કે. મંત્રાલા, પરીક્ષા નિયામક શ્રી પી.કે.શાહ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વકતૃત્વ સ્પર્ધા

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ના સંયુક્ત ઉપક્રમે તાલમાર્થીઓએ પ્રકૃતિવાદનો સિધાંત તેમ જ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવાય તે હેતુથી તા. ૨૨/૧૨/૧૨ ના રોજ અરવિંદાયન શ્રી જ્યોતિ થાનકી કૃત 'સર્વાંગી શિક્ષણ' પુસ્તક આધારિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૉલેજના કુલ ૧૩ સ્પર્ધકો પૈકી ગામીત દેયુતી પ્રથમ, પ્રજાપતિ સુનીતા દ્વિતીય અને પરમાર ઉર્વશી તૃતીય ક્રમે વિજેતા થયાં હતાં. આ સ્પર્ધામાં શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગરના ચેરમેન શ્રી સી. કે. તન્ના તેમ જ શ્રી ગૌતમભાઈ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

## વાઇબ્રન્ટ ગુજરાતની મુલાકાત

● વ્યાવસાયિક તેમ જ શિક્ષણ ક્ષેત્રમાં થઈ રહેલ અવનવાં સંશોધનો, અભ્યાસક્રમો અને નવોદિત સંસ્થાઓથી પરિચિત થવાના ઉદ્દેશ સાથે આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ તથા સમગ્ર ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત-૨૦૧૩ની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત આ કૉલેજના તાલીમાર્થીઓ દ્વારા મોડેલ મેકિંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## વ્યક્તિત્વ વિકાસ

● વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસ વિષય ઉપર ગાંધીનગર સમાચારના સ્થાપક અને તંત્રી શ્રી કૃષ્ણકાંતભાઈ જહાનું પ્રવચન તા. ૧૩/૨/૧૩ ના રોજ યોજાયું હતું. તેમણે પોતાના અંગત અને જાહેર જીવનના પ્રસંગોને ટાંકીને વિદ્યાર્થીઓને માત્ર વિદ્યાર્થીજીવનમાં જ નહીં પરંતુ વ્યાવસાયિક જીવનમાં પણ ઉપયોગી એવાં સૂત્રોની વાત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીના જીવનમાં ધ્યેયની ઓળખ અને તેને પ્રાપ્ત કરવા માટે જરૂરી એવી વકતૃત્વ સ્કિલ, હકારાત્મક અભિગમ, પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવાનું સાહસ, વ્યાવસાયિક જીવનમાં જરૂરી એવી પ્રોફેશનલ સ્કિલ અને વિષય અંગેનું જરૂરી જ્ઞાન વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં આચાર્યશ્રીઓ શ્રી જે. જી. દવે અને શ્રી એ. જે. પટેલ તથા અધ્યાપકગણ અને ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નયના રંગવાલા અને ડૉ. મનીષ વ્યાસે કર્યું હતું.

## શિક્ષકો માટે વર્કશોપ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા શિક્ષકોની પરીક્ષાની

કામગરી અંતર્ગત પ્રશ્નોત્તરી રચનામાં યોગ્ય સુધાર કરવાના હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – ગાંધીનગર તથા કડી સંચાલિત સંસ્થાઓના શિક્ષકો માટે તા. ૨૦/૧/૧૩ ના રોજ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ જ્ઞાન – સમજના સ્તરની અપેક્ષા, ઉપયોગિતા, વિશ્લેષણ, સંશ્લેષણ તેમ જ મૂલ્યાંકન ઉપરાંત ક્ષમતાપૂર્ણ શિક્ષકોનું ચિંતન વિકસાવી વિદ્યાર્થીઓને ક્ષમતાપૂર્ણ જ્ઞાનનો લાભ અપાવવાનો હતો. વર્કશોપનું ઉદ્‌ઘાટન ડૉ. મહેન્દ્રભાઈ ચોટલીયા (ડાયરેક્ટર, ચિલ્ડ્રન યુનિવર્સિટી) દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપના પ્રારંભમાં કે.એસ.વી. યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગના ડીન અને ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનાં પ્રિન્સિપાલ ડૉ. વીણાબહેન પટેલે સંસ્થા પરિચય આપી વર્કશોપને ચરિતાર્થ કરનાર વિવિધ ઘટકોને ઉદાહરણ સાથે સ્પષ્ટ કર્યાં હતાં. વર્કશોપના મુખ્ય તજજ્ઞ ડૉ. ચોટલિયાએ ક્ષમતાસિદ્ધિ માટેની પ્રશ્નરચનાની અવધારણા સ્પષ્ટ કરી હતી. આ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં શ્રી હર્ષાબા જાડેજા, શ્રી રાજેન્દ્ર કોરડિયા, શ્રી વનરાજ પરમાર અને શ્રી વિજયભાઈ ઠક્કરે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ગણિત, વિજ્ઞાન, એકાઉન્ટન્સી, કૉમર્સ, સ્ટેટીસ્ટીક્સ તેમ જ કેમેસ્ટ્રી જેવા વિષયોનું આવશ્યક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કૌશલ્યાબહેન પરીખે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મતંગ ગોસ્વામીએ કર્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૯–૧૦, જાન્યુઆરીએ તાલીમાર્થીઓમાં નેતૃત્વશકિત ખીલે તેમ જ પ્રકૃતિનું સાંનિધ્ય માણે તેવા ઉમદા આશયે અંબાજી, તારંગા ટેમ્પલ, માઉન્ટ આબુદર્શનમાં અર્બુદાદેવી, અચલેશ્વર, ગુરુશિખર, ઓમ શાંતિભવન, પીસગાર્ડન તેમ જ ઊંઝા વગેરે સ્થળોના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૪ તાલીમાર્થીઓ, કૉલેજના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબહેન જોશી અને અધ્યાપકો જોડાયા હતા.

## સંશોધન કાર્ય–શિબિર

• આ.ઈ.એસ.ટી.ઈ., નવી દિલ્હી અને ઇંડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈના સંયુકત ઉપક્રમે વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરમાં ફેબ્રુઆરી ૨ અને ૯ ના રોજ 'રિસર્ચ મેથડ્સ ઈન એજુકેશનલ ટેકનોલોજી' વિષય ઉપર બે દિવસીય વકર્શોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં રિસર્ચ પ્રોબ્લેમ્સ, એજ્યુકેશનલ ટેકનોલોજીના માધ્યમ થકી સંશોધનપત્રોનું વિશ્લેષણ જેવા વિષયો ઉપર ચર્ચા થઈ હતી. આ શિબિરમાં એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ૨૫ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## સાક્ષરતા

• ગાંધીનગર શહેરના જુદા–જુદા વિસ્તારોમાંથી નિરક્ષરોને શોધીને તેમને સાક્ષરતાનું જ્ઞાન આપવાનું તેમ જ વ્યસનમુક્તિ વિશેની જાણકારીનું કામ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ બ્લોકટીચિંગ કાર્યક્રમ દરમિયાન વધતા જતા સામાજિક પ્રશ્નોને ધ્યાનમાં રાખીને સંપન્ન કર્યું. આ ઉપરાંત તાલીમાર્થીઓએ ગાંધીનગરની નજીક આવેલા કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી અને તેમની સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરી હતી.

## સાહિત્યસર્જન શિબિર

• કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઉપક્રમે ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા તેની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં

સાહિત્ય સર્જન શિબિરની ત્રીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કે.એસ.વી. સંચાલિત વિવિધ વિભાગોમાં સાહિત્ય સર્જન ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરના તજ્જ્ઞ તરીકે પ્રા. નરેન્દ્ર નાયીએ કવિતાની વિભાવના, તેની રચનામાં ધ્યાન રાખવાની બાબતો, પૂર્વ અને પશ્ચિમના કવિઓની ઉત્તમ રચનાઓનું પઠન અને એની વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે પ્રેમાનંદ, આનંદવર્ધન, રાજેન્દ્ર શાહ, ઝવેરચંદ મેઘાણી, નિરંજન ભગત તેમ જ ટી.એસ. ઇલિયટ જેવા કવિઓની રચનાઓ પ્રસ્તુત કરીને તેમાં રહેલ ધ્વનિ, રાગ અને માર્મિકતા વિશે ખ્યાલ આપ્યો હતો. આ શિબિરમાં ઉપસ્થિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થી શ્રી અજય ઉપાધ્યાયે સ્વરચિત કવિતાઓનું પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભરતભાઈ પટેલે તથા લાઇબ્રેરિયન શ્રી માયાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સાંસ્કૃતિક સ્પર્ધાઓ

● વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા તા. ૭/૮/૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી વિવિધ આંતર–કૉલેજ સ્પર્ધામાં વીપીએમપી, ગાંધીનગરના ૪૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં હર્ષ ભટ્ટ, યશ રાવલ અને શ્રીલ છાટબારે કવીઝ સ્પર્ધામાં બીજા નંબરે, હીનલ પંચાલ વક્તૃત્વ સ્પર્ધામાં બીજા નંબરે અને કુશ પટેલ પોસ્ટર સ્પર્ધામાં બીજા નંબરે વિજેતા થયા.

### સ્પેશિયલ ખેલ મહાકુંભ

● સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત મંદબુદ્ધિ ધરાવતાં બાળકો માટે ગુજરાત સરકાર દ્વારા રોલર સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન આર. એન. લલિતકલા એકેડેમીના મમતા સ્પોર્ટ્સ સેન્ટર ખાતે તા.૦૯/૦૨/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ હતું, જેમાં માનસિક ક્ષતિ ધરાવતા ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ખેલ મહાકુંભના સંચાલકો સર્વશ્રી ડી. એમ. વાઘેલા, શ્રી જગજિતસિંહ ચૌહાણ, શ્રી મહેન્દ્રસિંહ મંડારા, શ્રી વિષ્ણુભાઈ ચૌધરી અને શ્રી હર્ષદ મકવાણા તથા સંસ્થા તરફથી શ્રી ડૉ. સોમભાઈ પટેલ, શ્રી દિનાબહેન ડોડિયા અને સંસ્થાના રોલર સ્કેટિંગના કોચશ્રી વસિમ મન્સૂરી ઉપસ્થિત રહ્યા હતા.

## શાળા વિભાગ

### કારકિર્દી સેમિનાર

● ધોરણ–૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ ઉચ્ચ કારકિર્દી ક્ષેત્રે આગવું પ્રદાન કરે તે હેતુસર શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં બીબીએ કૉલેજના પ્રો. જ્હોન મેથ્યુના માર્ગદર્શન નીચે કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શાળાની ૪૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ તથા શાળાનો શિક્ષક પરિવાર સહભાગી બન્યો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને હકારાત્મક અભિગમ અપનાવી જીવનરૂપી સંઘર્ષમાં આગળ કેમ વધવું તેના માટે સ્લાઈડ અને મૂવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે સાથે બાળકોને એ પણ સમજાવ્યું કે સાધનના અભાવે નિષ્ફળ નથી થવાતું પરંતુ સાધનાના અભાવે નિષ્ફળ જવાય છે. શારીરિક અપંગ હોવા છતાં વ્યક્તિ જીવનમાં અદ્‌ભુત કાર્ય કરી શકે છે. જેની સ્લાઈડ No Arms & No Lags બતાવવામાં આવી હતી, જેનાથી વિદ્યાર્થિનીઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી.

## ક્વીઝ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધો. ૧૧/સીની વિદ્યાર્થિની કુ. પ્રીતિ જયસ્વાલની તાજેતરમાં ટીવી શો KBC (કૌન બનેગા કરોડપતિ)ના અમદાવાદ ખાતે તા. ૮/૧૧/૨૦૧૨ ના રોજ યોજાયેલા પ્રથમ રાઉન્ડમાં પસંદગી કરવામાં આવી. સમગ્ર ગુજરાતની ફક્ત આઠ જ શાળાઓની પસંદગી કરાઈ હતી, જેમાં કુ. પ્રીતિએ દસ પ્રશ્નોના TV રાઉન્ડથી શરૂ કરી અમિતાભ બચ્ચન દ્વારા લેવાયેલા પર્સનલ ઇન્ટવ્યૂ સુધીની સફર પૂરી કરી અને હવે મુંબઈ પહોંચવાની તૈયારી શરૂ કરેલ છે.

## પૂ. છગનભા વિજયપદ્મ મહોત્સવ

● 'કર ભલો, હોગા ભલા' મંત્રના પુરસ્કર્તા – પ્રવર્તક ઋષિ સમા પૂ. છગનભાની સ્મૃતિમાં શરૂ કરવામાં આવેલ ચોવીસમા 'પૂ. છગનભા વિજયપદ્મ મહોત્સવ'ની ઉજવણી શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના યજમાન પદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ તેમ જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ (સરદાર સાહેબ) ના અધ્યક્ષપદે કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂ. છગનભાના પ્રપૌત્ર શ્રી વિપુલભાઈ પટેલ અને અતિથિવિશેષ તરીકે શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેમ્પસ ડાયરેકટર શ્રી રમણભાઈ પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ અને ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. યજમાન શાળાના આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલે આમંત્રિત મહેમાનોને આવકારતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસગાથા તથા શાળાની યશોદાયી સિદ્ધિઓ વર્ણવીને વિજયપદ્મ મહોત્સવનો વિગતે પરિચય કરાવ્યો હતો, તેમ જ વિદ્યાર્થીઓને રમતગમત દરમિયાન સ્પોર્ટસમેન સ્પિરિટની ભાવનાનું પાલન કરવા અપીલ કરી હતી. સમારોહના અધ્યક્ષ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રસંગોચિત પ્રવચનમાં પૂ. છગનભાના વ્યક્તિત્વ તેમ જ કાર્યોથી સહુને વાકેફ કર્યા હતા અને છગનભા વિજયપદ્મ મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ મહોત્સવમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી, ગાંધીનગર અને વડનગરની શાળાઓના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરવાનો કાર્યક્રમ બ્રહ્માણીકૃપા હૉલ ખાતે યોજાયો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ, ટ્રોફી વગેરે એનાયત કરવામાં આવ્યાં હતાં. આભારવિધિ તેમ જ કાર્યક્રમનું સંચાલન કુ. ચેતનાબહેન જોશીએ સંભાળ્યું હતું.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ પૂ. છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં ભાગ લઈ વીરબાળા અને કન્યા વિભાગમાં જનરલ ચેમ્પિઅનશિપના શિલ્ડ પ્રાપ્ત કરેલ છે. પરિણામની વિગતોનીચે મુજબ છે. **માધ્યમિક વિભાગ :** ૧. પટેલ ક્રિષ્ના આર. ધો. ૯/ડી, ગોળાફેંક અને ચક્ર ફેંક બન્ને રમતોમાં દ્વિતીય ક્રમે વિજેતા. ૨. પટેલ ચાર્મી સી. ધો. ૯/ડી, ગોળા ફેંક, તૃતીય ક્રમે વિજેતા ૩. પંચાલ મુક્તિ એ. ધો. ૯/ડી, ચક્ર ફેંક, તૃતીય ક્રમે વિજેતા **ઉચ્ચતર માધ્યમિક વિભાગ :** ૧. નાયક ક્રિષ્ના જી. ધો. ૧૨/સી, ગોળા ફેંક તથા ચક્ર ફેંક બન્ને રમતોમાં પ્રથમ ક્રમે વિજેતા. ૨. પ્રજાપતિ કિંજલ પી. ધો. ૧૨/એ, ૧૦૦ મી દોડ– તૃતીય ક્રમે વિજેતા તથા લાંબી કૂદ – પ્રથમ ક્રમે. ૩. પટેલ ધારા બી. ધો. ૧૨/

સી, ૧૦૦ મીટર દોડ – દ્વિતીય ક્રમ વિજેતા. નાયક ક્રિષ્ના જી. એ ઉ.મા. વિભાગમાં વીરબાળાનું ઇનામ તથા જનરલ ચેમ્પિઅનશિપનો શિલ્ડ મેળવેલ છે.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થીએ પૂ. છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં લાંબી કૂદમાં પ્રથમ અને દોડમાં પ્રથમ નંબર મેળવી વ્યાયામવીરનું બિરુદ મેળવેલ છે. પટેલ ધારા (ધો–૧૨), એ ચક્ર ફેંક અને ગોળા ફેંકમાં પ્રથમ નંબર મેળવેલ છે. જ્યારે સાહિત્યિક વિભાગ અંતર્ગત નિબંધ સ્પર્ધામાં મોઢ કોમલ ત્રીજો નંબર અને નાયક માનસી (ધો–૧૨) એ ત્રીજો નંબર અને વક્તૃત્વ સ્પર્ધામાં પટેલ દીક્ષિતા (ધો–૧૨) એ ત્રીજો નંબર મેળવેલ છે.

## પૂ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમોત્સવ

● અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદિલી દાખવે અને સર્વાંગી વિકાસ પામે તે હેતુસર શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલે તથા આર. એન. પ્રાયમરી સ્કૂલના આચાર્ય શ્રી દશરથભાઈ પટેલે કેમ્પસમાં સ્થાપિત પૂજ્ય દાસકાકાની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી આતસજ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂકયો હતો. તા. ૭, ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૧૩ ના દિવસોમાં યોજાયેલા આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ભણતરનો ભાર ભૂલી મુક્ત મને પોતાનાં કૌશલ્યો ખીલવ્યાં હતાં. રમતોત્સવની દોડ, જંપદોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળા ફેંક, સંગીત-ખુરશી, લોટ પીપર, દેડકાં દોડ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવની રંગોળી, વકતૃત્વ, ચિત્ર, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગરમાં પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ ઊજવવામાં આવ્યો, જેમાં શાળાની ૯૮૦ બહેનોએ વિવિધ રમતો જેવી કે લંગડી દોડ, ગોળા ફેંક, સંગીત ખુરશી, ૧૦૦ મી દોડ, ત્રિપગી દોડ, દોરડા કૂદ, કોથળા દોડ, સ્લો સાઇકલ, લીંબુ ચમચી વગેરેમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાન તરીકે ઉપસ્થિત જે. બી. પ્રાથમિક શાળાનાં આચાર્યા શ્રી નીવાબહેને વિદ્યાર્થિનીઓને રમતોનું મહત્ત્વ સમજાવ્યું અને રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. તમામ રમતોમાં વિજેતા પામેલ બહેનોને પ્રમાણપત્ર તથા ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## રમતોત્સવ

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ યોજાયેલ રમતોત્સવમાં નીચે મુજબ સિદ્ધિઓ મેળવી હતી. કબડ્ડી–જિલ્લા કક્ષાએ પ્રથમ. આ સ્પર્ધા માટે નીરવ આર. ચૌધરી, નિકુંજ સોલંકી અને કલ્પેશ કે બારિઆની રાજ્યકક્ષાએ પસંદગી થઈ. વેઈટલિફ્ટીંગ, જુડો, ટેબલ, સોસરમાં ઝાલા કૃષ્ણવીરસિંહ આર.–પ્રથમ નંબરે વિજેતા થતાં રાજ્ય કક્ષાએ પસંદગી થઈ છે, તેમ જ તેણે રાષ્ટ્રીય કક્ષાએ ટેબલ સોસર ચેમ્પિઅનશિપ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. સ્વીમિંગ સ્પર્ધામાં રાઠોડ જયરાજ એ. પ્રથમ નંબરે વિજેતા થતાં રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. સર્કલ કબડ્ડી સ્પર્ધામાં શાળાની ટીમ પ્રથમ નંબર મેળવી વિજેતા થતાં સમગ્ર ટીમની રાજ્ય કક્ષા માટે પસંદગી થઈ.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકેન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓ પટેલ કુશલ (ધો–૭), મેથ્યુ સ્ટેફીન (ધો–૮) અને ઠાકર

રીધમ (ધો-૪) અંકલેશ્વર ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયા. જ્યારે રાજપીપળા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની વિઘ્ન દોડ ૧૧૦મી સ્પર્ધામાં પટેલ જૈમીન આર. (ધો-૧૦) પ્રથમ નંબર મેળવી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે. આ શાળાના કુલ ૩૯ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા હતા.

1 એસ.જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૨-૨૩ જાન્યુઆરી, ૨૦૧૩ દરમિયાન શાળાનો વાર્ષિક રમતોત્સવ હર્ષોલ્લાસ સાથે ઊજવાઈ ગયો. રમતોત્સવના ઉદ્દઘાટક તરીકે એમ. બી. પટેલ હાઈસ્કૂલના આચાર્ય શ્રી અર્પિતભાઈ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીપ પ્રાગટ્ય તથા મશાલ પ્રગટાવી રમતોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ઉદ્દઘાટન પ્રસંગે આયોજિત લેઝીમ દાવ, ડમ્બેલ્સ તથા પિરામિડની કવાયતોએ સૌને આકર્ષિત કર્યા હતા. પ્રથમ દિવસે ધોરણઃ ૫થી ૮ ના વિદ્યાર્થીઓ માટે લીંબુ ચમચી, સંગીત ખુરશી, દોડ, સ્લો સાયકલિંગ વગેરે રમતો તથા ધોરણ : ૧થી ૪ ના વિદ્યાર્થીઓ માટે દેડકા દોડ, પોઈઝન બોલ, બુક બેલેન્સીંગ, સંગીત-ખુરશી અને લીંબુ ચમચીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાનાં આચાર્યા મીલી સિંઘના માર્ગદર્શન હેઠળ વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલ તથા સુખરામભાઈ ચૌધરીએ અને આભારવિધિ બીનાબહેન પંડ્યાએ કરી હતી.

## વૃદ્ધાશ્રમની મુલાકાત

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ-૧૧ સી-૨ના ૭૪ વિદ્યાર્થીઓએ તા. ૩૧/૧૨/૧૨ના રોજ સેક્ટર-૬માં આવેલા કૃષ્ણા વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વર્ગના સામૂહિક ફાળામાંથી રૂ. ૧૦૦૦/- વૃદ્ધાશ્રમમાં એક ટાઇમના ચા-નાસ્તા પેટે આપ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પોતાના વ્યક્તિગત ફાળામાંથી વડીલોને ફળ-ફળાદિનો નાસ્તો કરાવ્યો હતો. વડીલોની પ્રસન્નતા માટે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ નંબરે પંચોલી રિદ્ધિ અને દ્વિતીય નંબરે પટેલ પ્રિયંકા વિજેતા બન્યાં હતાં.

## શૈક્ષણિક પ્રવાસ

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક પ્રવાસ તા. ૧૮થી ૨૩/૧૦/૧૨ દરમિયાન યોજાયો, જેમાં માધ્યમિક વિભાગના ૧૦૪ વિદ્યાર્થીઓ અને ૭ શિક્ષકો દ્વારા જયપુર, આગ્રા, ફતેપુરસિક્રી, પુષ્કર, અજમેર, ઉદેપુર, શામળાજી જેવાં સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી જ્યારે ઉચ્ચ માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ તા. ૬થી ૮/૧૧/૧૨ સુધી યોજાયો, જેમાં ૫૦ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ જેસલમેર, જોધપુર, રણુજાની મુલાકાત લીધી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્ત પત્ર
વર્ષ : ૩, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૩, સળંગ અંક ૧૩
સંપાદક : મણિભાઈ પ્રજાપતિ
પ્રકાશક : કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦
ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯




તા. 12-1-2013ના રોજ આયોજિત શ્રી માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાનમાળા પ્રસંગે મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી કૃષ્ણકાન્ત જહા, શ્રી મોહનલાલ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ, ડૉ. રવીન્દ્ર દવે, શ્રી મનુભાઈ પટેલ અને શ્રી ડી. ટી. કાપડિયા




આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શિક્ષણવિદ્ ડૉ. રવીન્દ્ર દવેને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 3, Issue No. 1 January-February 2013
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




પૂ. છગનભા વિજયપદ્મ પારિતોષિક મહોત્સવ પ્રસંગે ઉદ્‌બોધન કરતા
મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો

